gujaratvandan.com

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક

# ગુજરાત વંદન

ગુરૂવાર 03 નવેમ્બર 2022

કારતક સુદ 10, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 06 | અંક : 26 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12




ન્યાસા દેવગણે ડીપ નેક બ્લાઉઝમાં ફ્લોન્ટ કર્યુ

પેજ 11

**સુવિચાર**

ધર્મ કોઈપણ હોય સારા માણસ બનો, કેમ કે હિસાબ તમારા કર્મનો થશે ધર્મનો નહીં !!


## ચૂંટણીમાં મોરબીની દુર્ઘટનાની રાજકીય અસરો થવાનો ભાજપને ડર, કોંગ્રેસને ફાયદો...

# આજે ગુજરાતના ચૂંટણી રણસંગ્રામનો બ્યુગલ ફૂંકાશે?

### ચૂંટણી પંચ દ્વારા દિલ્હીમાં ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓની તારીખો જાહેર થવાની શકયતા

ગુજરાત | વંદન





ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓની તારીખ આવતીકાલ એટલે કે 3 નવેમ્બરના રોજ દિલ્હીમાં ચૂટણી પંચ દ્વારા જાહેર થાય એવી પૂરેપૂરી શક્યતા દર્શાવવામાં આવી રહી છે. આમ તો આજે 2 નવેમ્બરના રોજ ચાહેરાત થવાની હતી પરંતુ મોરબી દુર્ઘટનાને લઈને રાજ્ય સરકારે 2 નવેમ્બરે રાજકીય શોક જાહેર કરતાં ચૂંટણી પંચને તારીખોની જાહેરાત એક દિવસ પાછળ લઈ જવાની ફરજ પડી હોય તેમ 3 નવેમ્બરે તો જાહેરાત થશે જ, કેમ કે હવે ગુજરાતમાં કોઈ સરકારી કાર્યક્રમો નથી. એક નવેમ્બરના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાતમાં છેલ્લો સરકારી કાર્યક્રમ યોજાયો અને મોરબીની મુલાકાત લઈને દિલ્હી જવા રવાના થયા હતા.

સૂત્રોએ કહ્યું કે, અત્યારસુધી ગુજરાત-હિમાચલની ચૂંટણીઓ એક સાથે યોજાતી આવે છે. પરંતુ 2017માં ગુજરાતમાં બનાસકાંઠામાં ભારે વરસાદથી ભરાયેલા પાણીના નિકાલમાં વિલંબને લઈને હિમાચલની ચૂંટણીઓ વહેલી જાહેર કરવામાં આવી હતી. આ વખતે પણ ચૂંટણી પંચે ગઈ વખતની જેમ હિમાચલની ચૂંટણીઓ વહેલી જાહેર કરવામાં આવી છે. તેનું ચૂંટણી પરિણામ 8 ડિસેમ્બરના રોજ જાહેર થશે. તે જોતાં પંચ દ્વારા આવતીકાલે 3જીએ 2017ની જેમ ગુજરાતમાં બે તબક્કામાં મતદાનની તારીખો ભલે જાહેર કરવામાં આવે પરંતુ પરિણામ હિમાચલ પ્રદેશની સાથે જ 8મીએ જાહેર કરાશે.

ગુજરાતની આ ચૂંટણી માટે 4.90 કરોડ મતદારો નોંધાયા છે. 51 હજાર કરતા વધુ મતદાન મથકો જાહેર થયા છે. મતદારોમાં લગભગ અડધો અડધ મતદારો મહિલા વર્ગ છે. આ વખતે 14 લાખ જેટલા નવા મતદારો નોંધાયા છે.


ભાજપ તરફથી ચૂંટણી પ્રચારની મુખ્ય જવાબદારી ગઈ વખતની જેમ આ વખતે પણ ખુદ વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહે સંભાળી છે. વડાપ્રધાને સળંગ ત્રણ-ત્રણ દિવસ સુધી ગુજરાતમાં રહીને જ્યાં ભાજપ નબળુ અને કોંગ્રેસ મજબૂત છે એ મતવિસ્તારોમાં જાહેરસભાઓ યોજીને કરોડો-કરોડો રૂપિયાના પ્રોજેક્ટોનું લોકાર્પણ અને શિલાન્યાસના ઢગલાબંધ કાર્યક્રમો યોજીને ચારે તરફ ભાજપની તરફેણમાં રાજકીય વાતાવરણ સર્જવાનો પૂરેપૂરો પ્રયાસ કર્યો છે.

સૂત્રોએ કહ્યું કે મોરબીની દુર્ઘટનામાં સ્થાનિક તંત્રની બેદરકારીને લઈને આ બેઠક પર ભાજપને મુશ્કેલી પડી શકે. આ બેઠક પર ભાજપ વર્ષોથી જીતે છે. પણ મોરબીની ઘટનામાં 135 નિર્દોષ લોકોના મોત નહીં પણ હત્યા કરવામાં આવી અને તેમાં સત્તાવાળાઓની ઘોર બેદરકારીના આરોપોને લઈને ભાજપે ડેમેજ કન્ટ્રોલ શરૂ કર્યું છે.

બીજી તરફ કોંગ્રેસે પણ ભાજપની સામે મોરબીના બનાવને લઈને રાજકીય આરોપોનો મારો ચલાવ્યો છે. સોશ્યલ મિડિયામાં પણ મોરબીના મામલે સત્તાવાળાઓ પર પસ્તાળ પાડવામાં આવી છે. તેથી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મોરબી અને સૌરાષ્ટ્રમાં આ મુદ્દાનો સામનો કરવો પડે તેમ છે. અલગ ગુજરાત બાદ 1962થી

...અનુસંધાન પેજ નં. 6 પર

**ભાગ...રાહુલ ભાગ....! દિલ્હી કી ઓર...!!!**



## બજાર અપડેટ



| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 60,906.09 | 18,082.85 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| હિન્દાલ્કો | 421.30 |
| સન ફાર્મા | 1051.95 |
| આઈટીસી | 354.65 |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| એલઆઈસી | 366.90 |
| ફિનોટેક્સ કેમિકલ | 319.80 |
| ચંબલ ફર્ટિલાઈઝર | 307.95 |

| સોનું | ચાંદી |
|---|---|
| 52,290 | 58,900 |

**સેમિ ફાઈનલની લડાઈ રોમાંચક બની**

## ભારતે બાંગ્લાદેશને 5 રનથી આપી માત, ભારતની સેમિફાઈનલ તરફ

### » વરસાદ રોકાયા પછી મેચ શરૂ થતા બાંગ્લાદેશનો ફિયાસ્કો

ગુજરાત | વંદન



એડિલેડના ઓવલ મેદાન પર ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટી20 વર્લ્ડકપનો મુકાબલો રમાઈ રહ્યો છે. બાંગ્લાદેશના કેપ્ટન શાકિબ અલ હસને ટોસ જીતીને ભારતને પ્રથમ બેટીંગ માટે આમંત્રણ આપ્યું હતું. ટીમ ઈન્ડીયાની કમાન ધુરંધર ઓપનર રોહિત શર્મા પાસે છે. ભારતે પ્રથમ બેટીંગ કરતાં 20 ઓવરમાં 6 વિકેટના નુકસાન પર 184 રન બનાવ્યા હતા. પરંતુ વરસાદનું વિઘ્ન નડતાં મેચ થોડીવાર બંધ રહી હતી.

ત્યારબાદ બાંગ્લાદેશને 16 ઓવરમાં 151 રનનો ટાર્ગેટ મળ્યો હતો. આ ટાર્ગેટનો પીછો કરતાં બાંગ્લાદેશે 16 ઓવરમાં 6 વિકેટ ગુમાવી 145 રન બનાવી શકી હતી. અને તેને 5 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો.

ટીમ ઈન્ડીયાએ બાંગ્લાદેશને રોમાંચક મેચમાં 5 રનથી હરાવીને સેમીફાઈનલની દાવેદારી લગભગ પાકી કરી દીધી છે. આ જીત સથે ભારતે 6 પોઈન્ટ થઈ ગયા છે. ભારતે પ્રથમ બેટીંગ કરતાં 20 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને 184 રન બનાવ્યા હતા. જોકે વરસાદના વિઘ્નના કારણે બાંગ્લાદેશને 16 ઓવરમાં 151 રનનો ટાર્ગેટ મળ્યો હતો. તેના જવાબમાં બાંગ્લાદેશની ટીમ 145 રન બનાવી શકી હતી. બાંગ્લાદેશ માટે ઓપનર લિટ્ટન દાસે ફક્ત 27 બોલમાં 60 રન બનાવ્યા પરંતુ કોઈ અન્ય બેટ્સમેને તેમનો સાથ ન આપ્યો. ભારત માટે અર્શદીપ સિંહ અને હાર્દિક પંડ્યાએ બે-બે વિકેટ લીધી હતી. ઉલ્લેખનીય છે કે ભારતની જીત સાથે જ પાકિસ્તાનની સેમી ફાઈનલમાં પ્રવેશવાની શક્યતા ઓછી થઈ ગઈ છે.બાંગ્લાદેશને પણ આ હારથી ઝટકો લાગ્યો છે.

## હિન્દુઓને લઘુમતી જાહેર કરવાની માગ મામલે કેન્દ્ર સરકારે SC પાસે માગ્યો સમય

■ કેન્દ્રે કહ્યું કે મામલો સંવેદનશીલ હોવાથી વધુ સમયની જરૂર

ગુજરાત | વંદન



કેન્દ્ર સરકારે હિન્દુઓને લઘુમતીનો દરજ્જો આપવાની માગણીના મુદ્દે સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરી છે. કેન્દ્રએ કહ્યું કે મામલો સંવેદનશીલ હોવાથી વધુ સમયની જરૂર છે. તેમણે કહ્યું કે અત્યાર સુધીમાં 14 રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમના મંતવ્યો કેન્દ્રને મોકલ્યા છે. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીર, પંજાબ સહિત નવ રાજ્યોમાં હિન્દુઓને લઘુમતીનો દરજ્જો આપવાના મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે.

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલા સોગંદનામામાં જણાવ્યું હતું કે, "કેટલીક રાજ્ય સરકારોએ પંજાબ, મિઝોરમ, મેઘાલય, મણિપુર, ઓડિશા, ઉત્તરાખંડ, નાગાલેન્ડ, હિમાચલ પ્રદેશ, ગુજરાત, આ મામલે તમામ હિતધારકો સાથે વ્યાપક પરામર્શ કરવા માટે વધારાના સમયની વિનંતી કરી છે. ગોવા, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, લદ્દાખ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ અને ચંદીગઢે આ મામલે પોતાના વિચારો રજૂ કર્યા છે.

એફિડેવિટમાં કેન્દ્ર સરકારે કહ્યું છે કે તમામ રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશો સાથે પરામર્શ બેઠક યોજવામાં આવી છે. ગૃહ મંત્રાલય, કાનૂની બાબતોના વિભાગ- કાયદા અને ન્યાય મંત્રાલય, ઉચ્ચ શિક્ષણ વિભાગ- શિક્ષણ મંત્રાલય, લઘુમતી માટે રાષ્ટ્રીય આયોગ અને લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ માટેના રાષ્ટ્રીય આયોગના પ્રતિનિધિઓએ પણ બેઠકોમાં ભાગ લીધો હતો. આ વર્ષે જૂનમાં, દેવકીનંદન ઠાકુરના વતી જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં રાષ્ટ્રીય લઘુમતી અધિનિયમ, 1992 અને શૈક્ષણિક સંસ્થાન અધિનિયમ, 2004ની જોગવાઈઓને પડકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટમાં આ કેસની સુનાવણી ચાલી રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### સેવા સંસ્થાના સંસ્થાપક ઇલાબેન ભટ્ટનું 89 વર્ષની વયે નિધન



સમાજસેવી અને સેવા સંસ્થાના સંસ્થાપક ઈલાબેન ભટ્ટનું 89 વર્ષની વયે અમદાવાદમાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન નિધન થયું છે. તેઓ પદ્મભૂષણ એવોર્ડથી માંડીને રેમન મેગ્સેસે એવોર્ડ સહિતના એવોર્ડથી સન્માનિત હતા. ઈલાબેન અનેક આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા રહ્યા છે ઈલાબેને મહિલાઓ માટે 'સેવા' સેલ્ફ-ઈમ્પ્લોઈડ વિમેન્સ એસોસિએશન ઑફ ઈન્ડિયાસંસ્થાની સ્થાપના કરી હતી. તેઓ ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પદે સેવા આપી રહ્યા હતા અને થોડા સમય પહેલા નાદુરસ્ત તબિયતના કારણે તેમને વિદ્યાપીઠના કુલપતિ પદેથી રાજીનામું આપ્યું હતું.

### હેમંત સોરેન મુશ્કેલીમાં! EDએ પૂછપરછ માટે સમન્સ પાઠવ્યા



કેન્દ્રીય તપાસ એજન્સી (ED) એ ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનને સમન્સ પાઠવ્યા છે. આ સમન પીએમએલએના કેસમાં ગેરકાયદેસર ખનનને લઈને મોકલવામાં આવ્યું છે. હેમંત સોરેનને આવતીકાલે પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા છે. ED આ કેસમાં સોરેનના સહયોગી પંકજ મિશ્રાની ધરપકડ કરી ચૂકી છે. તપાસ એજન્સીએ 8 જુલાઈના રોજ ઝારખંડમાં સોરેનના સહયોગી પંકજ મિશ્રા અને તેના બિઝનેસ સહયોગીઓ સાથે જોડાયેલા 18 સ્થળો પર પણ દરોડા પાડ્યા હતા.

### ભારત જોડો યાત્રા: રાહુલ ગાંધી સાથે સામેલ થઈ પૂજા ભટ્ટ



કોંગ્રેસની ભારત જોડો યાત્રા હાલમાં તેલંગાનાના હૈદરાબાદમાં પહોંચી છે. હૈદરાબાદમાં આજે રાહુલ ગાંધીએ પદયાત્રા શરુ કરી હતા, જેમાં અભિનેત્રી પૂજા ભટ્ટ સામેલ થઈ. કોંગ્રેસે ટ્વિટ કરીને પૂજા ભટ્ટના યાત્રામાં સામેલ થવાના ફોટા શેર કર્યા છે. તમને જણાવી દઈએ કે ભારત જોડો યાત્રામાં સતત લોકોના જોડાવાના સમાચાર આવી રહ્યા છે. બધા લોકો ઉત્સાહપૂર્વક યાત્રામાં ભાગ લઈ રહ્યા છે. પૂજા ભટ્ટની ભારત જોડો યાત્રામાં ભાગ લેવાની માહિતી કોંગ્રેસ પાર્ટીના જ સત્તાવાર ટ્વિટર હેન્ડલ પરથી ટ્વીટ કરવામાં આવી છે. સાથે જ લખ્યુ કે, 'દરરોજ નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે.'

## મોરબી: નવા કોન્ટ્રાક્ટર દ્વારા ઝુલતા પુલનું માત્ર ફ્લોરિંગ બદલવામાં આવ્યું, કેબલ નહી

ગુજરાત | વંદન



મોરબી ખાતે ઝૂલતો પુલ તુટી પડવા અને તેના કારણે ૧૩૫ વ્યક્તિઓના મોત અંગે ચાલી રહેલી તપાસમાં FSL રિપોર્ટની કેટલીક વિગતો જાહેર થઈ છે. આ વિગતો સ્પષ્ટ રીતે નિર્દેશ આપે છે કે કહેવાતા સમારકામ દરમિયાન ટેકનિકલ જ્ઞાનના અભાવના કારણે આ કરુણ ઘટના સર્જાઈ છે. આ રિપોર્ટ એવું પણ સ્પષ્ટ કરે છે કે આ ઘટના માટે માત્ર અને માત્ર રીપેરીંગનું કામ કરનાર એજન્સી જ જવાબદાર છે.

વિગતો અનુસાર ફરિયાદી પક્ષ વતી ઘટનાની પ્રાથમિક તપાસ બાદ નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓને કોર્ટ સમક્ષ હાજર કરતા એક બંધ પરબીડિયામાં FSL નો રિપોર્ટ ચીફ જ્યુડીસિયલ મેજીસ્ટ્રેટને આપવામાં આવ્યો હતો. પરંતુ, આરોપીઓના રિમાન્ડની દલીલમાં તેની કેટલીક વિગતો જાહેર કરવામાં આવી હતી.દલીલમાં જાહેર કરેલો વિગતો અનુસાર મરમ્મત દરમિયાન ૧૫૦ વર્ષ જૂના પુલના ફ્લોર ઉપરથી એ સમયે ઉપયોગમાં લેવામાં આવેલા લાકડા કાઢી તેના સ્થાને બે લેયરમાં એલ્યુમિનિયમના ટુકડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પુલના ફ્લોર ઉપર લાકડાના બદલે એલ્યુર્મિનિયમની પ્લેટ અને અન્ય મટીરીયલ ઉપયોગમાં લેતા બ્રીજનું વજન વધી ગયું હતું. બીજી તરફ, પુલને લટકતો રાખવા માટેના કેબલ લાકડાંનું વજન ખમી શકવા માટે જ બન્યા હતા. નવા કોન્ટ્રેક્ટર દ્વારા માત્ર ફ્લોરિંગ બદલવામાં આવ્યું હતું અને કેબલ નહિ. કેબલ નહિ બદલવામાં આવતા, વધારે વજનનો પુલ જોખમી બની ગયો હતો અને તેના કારણે પ્રાથમિક તપાસમાં તે તૂટી પડ્યો હોવાનું કોર્ટમાં જણાવવામાં આવ્યું હતું.

## ટ્વિટરે 54,000 ભારતીય એકાઉન્ટ્સ બંધ કર્યા : ઈલોન મસ્ક નવા સીઈઓ



ગુજરાત | વંદન

ઈલોન મસ્ક માઈક્રોબ્લોગિંગ સાઈટ ટ્વિટરના નવા માલિક બની ગયા છે. હવે તેઓ ટ્વિટરમાં અનેક નવા પરિવર્તનો લાવી રહ્યા છે. આવા સમયમાં કંપનીએ જાહેર કરેલા તેના માસિક રિપોર્ટમાં જણાવ્યું છે કે તેણે ભારતમાં ૫૨,૧૪૧ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ એકાઉન્ટ્સ ૨૬મી ઑગસ્ટથી ૨૫મી સપ્ટેમ્બર વચ્ચે બંધ કરાયા હતા. આ એકાઉન્ટ્સ બાળ જાતીય શોષણ, સંમતિ વિના નગ્નતા, સંબંધિત સામગ્રીને પ્રોત્સાહન આપવાને પગલે બંધ કરાયા હતા.ટ્વિટરે તેના માસિક કમ્પ્લાયન્સ રિપોર્ટમાં જણાવ્યું છે કે તેણે ભારતીય યુઝર્સ તરફથી ૧૫૭ ફરિયાદો મળી હતી.

ગ્રિવાન્સ મિકેનિઝિમ હેઠળ મળેલી આ ફરિયાદોને પગલે ૧૨૯ યુઆરએલ પર કાર્યવાહી કરાઈ હતી. આ રિપોર્ટ નવા આઈટી રુલ ૨૦૨૧ હેઠળ જાહેર કરાયો હતો. બીજીબાજુ ઈલોન મસ્ક ટ્વિટરનો માલિક બન્યા પછી સોશિયલ મીડિયા પ્લેટફોર્મે ૧૯૮૨ એકાઉન્ટ્સ પર આતંકવાદ ફેલાવવાના આરોપ હેઠળ પ્રતિબંધ મૂકી દીધો હતો.

## વધુ એક યુદ્ધના ભણકારા: ઈરાન સાઉદી અરબ પર હુમલો કરવાની તૈયારીમાં, US હાઈએલર્ટ પર

ગુજરાત | વંદન








રશિયા યુક્રેન યુધ્ધ વચ્ચે હવે સાઉદી અરેબિયા અને ઈરાન વચ્ચે સ્થિતિ બગડી છે. આ તરફ હવે ઈરાન કોઈપણ સમયે સાઉદી અરેબિયા પર હુમલો કરી શકે છે. સાઉદી અરેબિયાએ અમેરિકા સાથે આ ગુપ્ત માહિતી શેર કરી છે. ઈરાન સાઉદી અરેબિયામાં ઘણી જગ્યાએ હુમલો કરી શકે છે. આ ગુપ્ત માહિતી સામે આવતાની સાથે જ ખાડી દેશોમાં હાજર અમેરિકી સેનાને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે.

હાલમાં યુક્રેન રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે, તો ચાઈના તાઈવાન વચ્ચે પણ તણાવભર્યા માહોલ છે અને હવે જો ઈરાન સાઉદી અરેબિયા પર હુમલો કરે છે, તો વિશ્વ ફરીથી ત્રીજા વિશ્વ યુદ્ધના મુખમાં પહોંચી શકે છે. વોલ સ્ટ્રીટ જર્નલના અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, યુનાઈટેડ સ્ટેટ્સ અને સાઉદી અરેબિયા હાઈ એલર્ટ પર છે. કારણ કે સાઉદી ઈન્ટેલિજન્સે યુએસને જાણ કરી છે કે, ઈરાન સાઉદી અરેબિયામાં ઘણી સાઈટ્સ પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. બંને દેશોના અધિકારીઓએ કથિત રીતે જર્નલને તોળાઈ રહેલા હુમલા અંગે ચિંતાની વાત કહી. સાઉદી અધિકારીઓએ કહ્યું કે, સાઉદી અરેબિયા સિવાય ઈરાન પણ ઈરાકના ઈર્બિલ પર હુમલો કરવા માંગે છે જ્યાં અમેરિકી સૈનિકો છે. કેટલાક મીડિયા અહેવાલો અનુસાર, આ આયોજનબદ્ધ હુમલાઓનો ઈરાદો ઈરાનમાં ઈસ્લામિક રાષ્ટ્રના નેતૃત્વ વિરુદ્ધ થઈ રહેલા વિરોધ પ્રદર્શન પરથી ધ્યાન હટાવવાનો છે. મીડિયા અહેવાલો અનુસાર,

...અનુસંધાન પેજ નં. 6 પર

### વાંકી નજરે...




સૌજન્યથી...

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

### મોરબીની ગોઝારી ઘટના બાદ તંત્ર એલર્ટ મોડમાં આવ્યું

# રાજ્યમાં આવેલ રોપ-વે, ફુટ બ્રિજની તપાસના આદેશ



■ **ફીટનેશ સર્ટિફિકેટ અને ઓવર ક્રાઉડ લોકેશન સહિતની બાબતોની ચકાસણી કરાશે**

ગુજરાત | વંદન

મોરબીનો ઝૂલતો બ્રિજ તુટવાની દૂર્ઘટના બાદ રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. પોલીસ વિભાગ, ફોરેન્સીક વિભાગ અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને તાકીદ કરી છે. રાજ્યમાં આવેલા તમામ રોપ-વે, ઓવર ક્રાઉડ જગ્યાઓ અને કેબલ બ્રિજની ફીટનેશ ચકાસણી માટે રાજ્ય સરકારે આદેશ આપ્યા છે. જે અનુસંધાનમાં પોલીસ, માર્ગ અને મકાન વિભાગ અને ફોરેન્સીક વિભાગોને સ્થાનિક તંત્ર સાથે સંકલન કરીને ફીટનેશ સર્ટિફિકેટ સહિતની બાબતો તપાસવામાં આવશે. જે અનુસંધાનમાં દ્વારકામાં આવેલો કેબલ બ્રિજ સુદામાં બ્રિજ બંધ કરવામાં આવ્યો છે અને ફીટનેશ તપાસ્યા બાદ ફરીથી શરૂ કરવામાં આવશે.

જુનાગઢ, અંબાજી અને પાવાગઢમાં આવેલા રોપ વે, વિવિધ ફુટ ઓવર બ્રિજની ફીટનેશની ચકાસણી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં તેની લોડીંગ ક્ષમતા, મજબુતાઈ, મટીરીયલ તપાસવા માટેની કામગીરી કરવા માટે સુચના આપવામાં આવી છે. જે કામગીરીનો રિપોર્ટ પણ જે તે જિલ્લાના કલેક્ટર દ્વારા રાજ્ય સરકારને સોંપવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત, દ્વારકા, પોરબંદરમાં બોટીંગ સમયે પણ ક્ષમતા કરતા વધારે લોકોને બેસાડવામાં આવે છે. જેથી આ બોટીંગની કામગીરીનો રિપોર્ટ તૈયાર કરવા માટે સ્થાનિક તંત્રને જાણ કરવામાં આવી છે.

ગુજરાતમાં પાવાગઢ, ડાકોર અને દ્વારકા અને સાંરંગપુર હનુમાન સહિતના અનેક મંદિરોમાં તહેવારો દરમિયાન મંદિરની ક્ષમતા કરતા વધારે લોકોને પ્રવેશ આપવામાં આવે છે. આવા સમયે ભાગદોડ થવાની શક્યતાને લઈને સ્થાનિક તંત્રએ અનેકવાર રિપોર્ટ પણ કર્યા છે. તેમ છતાય, ક્રાઉડ મેનેજમેન્ટ કરવામાં ન આવતા મોટી દૂર્ઘટના બનવાની શક્યતા રહે છે. જેથી હવે મંદિરના ટ્રસ્ટ સંચાલકો સાથે બેઠક યોજીને મંદિરોમાં ક્ષમતાથી વધારે ભીડ ન થાય તે માટે યોગ્ય આયોજન કરવા માટે સુચના આપવામાં આવી છે.

# STને દિપાવલીમાં ઓનલાઈન બુકિંગમાં બમ્પર આવક નોંધાઈ




■ **ઓનલાઈન બુકિંગથી દસેક દિવસમાં 8 લાખ રૂપિયાની આવક થઈ**

ગુજરાત | વંદન

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દિપાવલીના તહેવારોમાં મુસાફરોના ધસારાને ધ્યાનમાં રાખીને ખાસ બસો દોડાવવામાં આવી હતી. ચાલુ વર્ષે ઓનલાઈન બુકિંગ માટે વિશેષ ધસારો રહ્યો હતો. જેને પરિણામે એસ ટી ડેપોને ધાર્ય કરતા વધારે બમ્પર બુકિંગ થવા પામ્યું હતું. ઓનલાઈન બુકિંગમાં દસ દિવસમાં રૂપિયા 8 લાખની આવક નગરના ડેપોએ કરી છે.

ઓનલાઈન બુકિંગમાં સૌરાષ્ટ્ર, રાજસ્થાન, દક્ષિણ અને મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ઓનલાઈન બુકિંગ થયું હતું. કોરોનાકાળ પછી અને તેની પહેલાં કરતા આવક વધારે રહેતા એસ ટી નિગમને દિપાવલીના પર્વો ફાયદાકારક રહ્યા છે. એસ ટી ડેપોના સૂત્રોના જણાવ્યા મુજબ ચાલુ વર્ષે ઓનલાઈન બુકિંગ માટે વિશેષ ધસારો રહ્યો હતો. જેને પરિણામે ધાર્ય કરતા વધારે બમ્પર બુકિંગ થવા પામ્યું હતું. તેમાં દિપાવલી પર્વો નિમિત્તે એક માસ પહેલાંથી ઓનલાઈન બુકિંગ થવા પામ્યું હતું. જોકે ડેપોના ઈતિહાસમાં પ્રથમ વખત ઓનલાઈન બુકિંગ એક માસ પહેલાં થયું હતું.

દરરોજ અંદાજે 80000 જેટલું ઓનલાઈન બુકિંગ એસ ટી બસોનું થવા પામ્યું હતું. ડેપોમાંથી મુસાફરો દ્વારા અમરેલી, સાવરકુંડલા, કચ્છ-ભૂજ, ભાવનગર, રાજકોટ, વેરાવળ, સોમનાથ, કોડિનાર, ઉના, પોરબંદર, જુનાગઢ, દાહોદ, ઝાલોદ, સંતરામપુર, બારીયા, ગોધરા, સૂરત, વલસાડ, ડાંગ-આહવા, રાજસ્થાનના નાથદ્વારા અને આબુ સહિતના વિસ્તારોનું ઓનલાઈન બુકિંગ થયુ હતું.

# ભાજપનો ટિકિટનો તખ્તો ગાંધીનગર ફેરવાયો: કોંગ્રેસની યાદી વિલંબમાં

ગુજરાત | વંદન

ગુજરાતમાં મોરબી પુલ દુર્ઘટનાએ રાજકીય પ્રવૃતિને બ્રેક મારી દીધી છે પરંતુ ભાજપમાં સેન્સ સહિતની કામગીરી પૂર્ણ થઈ છે અને તેને કારણે હવે દાવેદારોની યાદી તેમજ અન્ય માહિતી સાથે રાજયભરમાં પહોંચેલા નિરીક્ષકો હવે જે તે જિલ્લાના સંકલન સાથે બેઠકો યોજી રહ્યા છે. ગાંધીનગરમાં ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ તા.2 કે 3 બાદ શરુ થશે અને બાદમાં તા.5 નવેમ્બરથી ઉમેદવારોની પેનલ સાથે દિલ્હીમાં ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ આખરી નિર્ણય લે તેવા સંકેત છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષે તેની યાદી નિશ્ચિત કરી લીધી હોવા છતાં પણ હાલ જાહેરાત કરશે નહી.

ભાજપના ઉમેદવારો જાહેર થયા બાદ જ કોંગ્રેસ તેની યાદી જાહેર કરશે. હાલ જે નિશ્ચિત ઉમેદવારો છે તેમને મૌખિક સૂચના અપાઈ ગઈ છે અને તેઓ પોતાની ઉમેદવારી માટેની પ્રક્રિયા લાગવા માંડયા છે. પરંતુ કોંગ્રેસને સમગ્ર યાદીમાં તેના ઉમેદવારો હાઈજેક થવાનો ભય તથા પક્ષમાં અસંતોષની ચિંતા છે અને તેથી યાદી પર બ્રેક મારી દીધી છે.

# બોર્ડે ધો.૧૦ના બેઝિક ગણિતનું અલગ પ્રશ્નપત્ર પરિરૂપ જાહેર કર્યુ

ગુજરાત | વંદન

ધો.૧૦ની આગામી બોર્ડ પરીક્ષામાં બેઝિક ગણિત માટેનું અલગ પ્રશ્નપત્ર પરિરૂપ રહેશે. બોર્ડે સ્કૂલોમાં એક સત્ર પુરૂ થઈ ગયુ છે ત્યારે હવે આટલા મોડે પરિરૂપ જાહેર કર્યુ છે.આ નવા પરિરૂપ મુજબ ૧૬ ગુણના હેતુલક્ષી પ્રશ્નો રહેશે.જો કે સ્કૂલોએ જુના પરિરૂપ મુજબ પ્રથમ સત્રની પરીક્ષાઓ પણ લઈ લીધી છે.

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા હંમેશા વિદ્યાર્થીલક્ષી નિર્ણયો લેવામાં ભારે વિલંબ કરવામા આવે છે અને જેના લીધે વિદ્યાર્થીઓ-સ્કૂલોને નુકશાન થાય છે.

દિવાળી વેકેશન પણ પુરુ થવા આવ્યુ છે અને પ્રથમ સત્ર પણ પુરૂ થઈ ગયુ છે ત્યારે બોર્ડે હવે ધો.૧૦નું બેઝિક ગણિતનું બોર્ડ પરીક્ષા માટેનું પ્રશ્નપત્ર પરિરૂપ જાહેર કર્યુ છે.

### છોટાહાથીમાં ગુપ્ત ખાનું બનાવ્યું હતું

# દહેગામ-બાયડ રોડથી 3.4 લાખની સ્કોચ વ્હીસકીનાં જથ્થા સાથે એક ઝડપાયો

ગુજરાત | વંદન

દહેગામ બાયડ રોડ પરથી પોલીસે પૂર્વ બાતમીના આધારે છોટાહાથીમાં ગુપ્ત ખાના સંતાડીને લઈ જવાતો રૂ. 3.41 લાખની કિંમતની 180 નંગ સ્કોચ વ્હીસકીનાં જથ્થા સાથે ઉદેપુરના શખ્સની ધરપકડ કરી કુલ રૂ. 4.95 લાખનો મુદામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દહેગામ બાયડ ત્રણ રસ્તા ખાતે વોચ ગોઠવવામાં આવી. દહેગામ પોલીસ ગઈકાલે પેટ્રોલીંગ કરી રહી રહી હતી. એ દરમ્યાન બાતમી મળી હતી કે, રખીયાલ બાજુથી એક છોટા હાથીમાં બનાવેલા ગુપ્તખાનામાં વિદેશીદારૂનો જથ્થો ભરી દહેગામ ખાતેથી પસાર થવાનો છે. જેનાં પગલે દહેગામ બાયડ ત્રણ રસ્તા ખાતે થોડા થોડા અંતરે વોચમાં પોલીસ ગોઠવાઈ ગઈ હતી.

આ દરમ્યાન બાતમી મુજબનું છોટા હાથી વાહન રખીયાલ તરફથી આવતા તેને હાથનો ઈશારો કરીને ઊભું રાખી દેવામાં આવ્યું હતું. જેનાં ડ્રાઈવરની પૂછતાંછ કરતાં તેણે પોતાનું નામ સરવન કાંતિલાલ મીણા(રહે ગામ ચણાવદા ઉદેપુર,રાજસ્થાન) હોવાનુ જણાવ્યુ હતું. જેની એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. બાદમાં છોટા હાથીને પોલીસ મથકે લઈ જઈને તલાશી લેતાં ગાડીના પાછળના કેબીનના ભાગે બનાવેલ ગુપ્તખાનાની અંદર સંતાડેલ અલગ અલગ બ્રાન્ડની સ્કોચ વ્હીસકીની 180 નંગ બોટલોનો જથ્થો મળી આવ્યો હતો.

# અમરાઈવાડી સહિત શહેરમાં છઠ પૂજાની ભાવભેર ઉજવણી

■ **ઉત્તર ભારતના વસવાટ કરતા લોકોએ ઉલ્લાસ ઉમંગ સાથે ડૂબતા સૂર્યેને અર્ધ્ય અર્પિત કર્યું**

ગુજરાત | વંદન

લોક આસ્થાનાં મહાપર્વ છઠમાં આથમતા સૂર્યને અર્ધ્ય આપવામાં આવ્યું, ત્યારે સવારે ઉગતા સૂરજને અર્ધ્ય આપીને છઠ પૂજાની પુર્ણાહૂતિ કરવામાં આવી. પૂર્વાચલીઓના સૌથી મોટા અને પવિત્ર તહેવાર છઠ પૂજાને બિહાર, ઝારખંડ, યુપીનાં સીમાવર્તી ક્ષેત્રો અને રાજધાની દિલ્હી સહિત દેશભરમાં મનાવવામાં આવે છે. ત્યારે અમદાવાદમાં પણ છઠ પૂજાની ભાવભેર ઉજવણી કરવામાં આવે છે.

અમદાવાદમાં લગભગ 12 લાખ જેટલા ઉત્તર ભારતીયો વસવાટ કરે છે, જેમાં ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ તેમજ દિલ્હીનો સમાવેશ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ એરપોર્ટ નજીક ઈન્દિરા બ્રિજના ઘાટ પાસે છઠ પૂજાની ઉજવણી થઈ રહી છે, તો બીજી તરફ અમરાઈવાડી વિસ્તારમાં જોગેશ્વરી રોડ ખાતે આદર્શ એપાર્ટમેન્ટમાં રહેતા ઉત્તર ભારતના લોકો દ્વારા પણ પારંપરીક રીતે છઠ મૈયા પર્વની ઉલાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. છઠ મહાપર્વના દિવસે થેકુઆ, માલપુઆ, ખીર, સોજીની ખીર, ચોખાના લાડુ, ખજૂરનો થાળ શુભ માનવામાં આવે છે. કુલ 4 દિવસ સુધી આ મહાપર્વની ઉજવણી કરવામાં આવે છે. જેમાં વ્રત કરનાર સ્ત્રીઓ ઉપવાસ કરે છે અને છઠ્ઠી મૈયાની પૂજા કરે છે. ત્રીજા દિવસે સાંજે અસ્ત થતા સૂર્યને અર્ધ્ય આપવામાં આવે છે. જ્યારે ચોથા દિવસે ઉગતા સૂર્યને અર્ધ્ય આપવામાં આવે છે.

### આગામી છઠ્ઠ પૂજાની તારીખ અને સમય

આવતા વર્ષે 2023ની દિવાળી બાદ છઠ્ પૂજા 18 નવમ્બરના રોજ આજ રીતે ભારે ધામધૂમ-રંગેચંગે ધાર્મિક વાતાવરણમાં ઉજવાશે. આગામી વર્ષની છઠ્ઠ પૂજાની વીધિ 18 નવેમ્બરે 9.20 વાગે શરુ થશે અને 19મીએ 7.25 વાગે પૂર્ણ થશે



















તમામ તસ્વીરોઃ ભાગ્યવાન મૌર્ય

# વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા દહેગામથી ચૂંટણી લડશે

## » ગુજરાત ચૂંટણી માટે AAPએ જાહેર કરી આઠમી યાદી



ગુજરાત | વંદન

આજે ગુજરાત આમ આદમી પાર્ટીએ ચૂંટણી ઉમેદવારોની આઠમી યાદી જાહેર કરી છે. નવી યાદીમાં 22 ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં દહેગામથી વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાને ટિકિટ આપવામાં આવી છે. આઠમી યાદીમાં આમ આદમી પાર્ટી દ્વારા દહેગામ, અમરેલી, લાઠી, નારણપુરા,મણિનગર, રાજુલા, ભાવનગર સહિતના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે.

AAPએ જાહેર કરેલી ઉમેદવારોની યાદી પ્રમાણે, દહેગામથી યુવરાજસિંહ જાડેજા ચૂંટણી લડશે. આ સાથે મહીપતસિંહ ચૌહાણ માતરથી ચૂંટણી લડશે. વડોદરા શહેરથી ચંદ્રિકાબેન સોલંકી, એલિસબ્રિજથી પારસ શાહ, નારણપુરાથી પંકજ પટેલ, મણિનગરથી વિપુલ પટેલ, ધંધુકાથી કેપ્ટન ચંદુભાઈ બામરોલિયા, અમરેલીથી રવી ધાનાણી, લાઠીથી જયસુખ દેત્રોજા, રાજુલાથી ભરત બલદાણિયા ચૂંટણી લડશે. આ સાથે ભાવનગર પશ્ચિમથી રાજુ સોલંકી, રાધિકા રાઠવા જેતપુર પાવીથી આ ઉપરાંત અજીત ઠાકોર ડભોઈથી અને અકોટાથી શશાંક ખરે ચૂંટણી લડશે.

આમ આદમી પાર્ટીએ અત્યાર સુધીમાં 108 ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. AAP તમામ 182 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડી રહી છે.

# ઝુલતા પુલ કોન્ટ્રાક્ટર ઓરેવા કંપનીનો આવો છે ઈતિહાસ

## 15,000માં શરૂ થયેલી કંપનીનો આજે 45 દેશમાં બિઝનેસ, 5000 મહિલા કર્મચારીઓ અને800 કરોડનું ટર્નઓવર

ગુજરાત | વંદન

મોરબી જ નહીં, સમગ્ર ગુજરાત માટે રવિવાર બ્લેક સન્ડે બની ગયો છે. 30 ઓક્ટોબરે દેશના મોટા ભાગનાં ઘરમાં રહેલી ઓરેવા કે ઓરપાટ બ્રાન્ડ દીવાલ ઘડિયાળોમાં સાંજના 6.30 કલાક થયા હતા. બરાબર સાડા છના ટકોરે મોરબી ઓરેવા ગ્રુપ સંચાલિત ઝૂલતો પુલ અચાનક જ તૂટી પડ્યો હતો. માણસ માત્રને ઊંડો આઘાત આપનારી આ કરુણાંતિકામાં 190 જેટલા લોકોનાં મૃત્યુ થયાં છે.

લગભગ છ મહિના પહેલાં જ મોરબી નગરપાલિકાએ હેન્ગિંગ બ્રિજના રિનોવેશનની કામગીરી ઓરેવા કંપનીને સોંપી હતી. ઓરેવા કંપની આ બ્રિજનું રિનોવેશન કરે એ માટે આ હેન્ગિંગ બ્રિજને છ મહિના માટે બંધ રાખવામાં આવ્યો હતો. ઓરેવા કંપનીએ બેસતા વર્ષના દિવસે આ પુલને જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો હતો. આ સમયે યોજેલી પ્રેસ-કોન્ફરન્સમાં ઓરેવા કંપનીએ બહુ મજબૂત કેબલ અને સ્ટીલનો ઉપયોગ કરીને પુલને રિનોવેટ કર્યાની વાતો કરી હતી, પરંતુ જેવી આ કરુણાંતિકા થઈ કે તરત દિવ્ય ભાસ્કરે ઓરેવા કંપનીના એમડી જયસુખ પટેલનો સંપર્ક કરવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ જયસુખ પટેલ ભૂગર્ભમાં ઊતરી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. તેઓ હાલ કોઈના સંપર્કમાં નથી.

સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બનેલા ઓરેવા ગ્રુપ શું છે અને કેવી રીતે સામાન્ય શિક્ષકે સિરામિકથી લઈ વોલ ક્લોક અને બલ્બની દુનિયામાં ટોચનું સ્થાન હાંસલ કર્યું એની સફર અંગે દિવ્ય ભાસ્કર જણાવી રહ્યું છે.

### 1971માં 15000ના રોકાણથી કંપનીની શરૂઆત, આજે 800 કરોડનું ટર્નઓવર

અજંતા ક્લોકે મોરબીના ઘડિયાળ ઉદ્યોગનો દેશ-વિદેશમાં ડંકો વગાડ્યો છે. અજંતા ક્લોકના માલિક ઓધવજીભાઈ પટેલ 1971માં 15 હજારનું મૂડીરોકાણ કરીને આ કંપનીમાં સ્લીપિંગ પાર્ટનર તરીકે જોડાયા હતા, તો ઓરેવાના MD જયસુખભાઈ પટેલે મોરબીના ઘડિયાળ ઉદ્યોગને વૈશ્વિક માર્કેટ પૂરું પાડ્યું છે. આજે કંપનીનો 45 દેશમાં બિઝનેસ વ્યાપેલો છે. કંપનીના 7000 કર્મચારીમાંથી 5000 મહિલા છે, જ્યારે વાર્ષિક 800 કરોડનું ટર્નઓવર ધરાવે છે.

### ઓધવજીભાઈ પાઈલટ ન બની શક્યા તો ટીચર બન્યા

50ના દાયકાના મધ્યમાં મોરબીના ચાચાપર ગામના ખેડૂતના પુત્ર ઓધવજીનું નામ મોરબીના આસપાસનાં ગામડાંમાં લોકોના કાને પડ્યું, કારણ કે વિજ્ઞાનમાં એ વિસ્તારમાં ઓધવજી સૌથી પહેલા સ્નાતક થયા હતા. પછી તેમણે B.ED. પણ કર્યું. નોકરી માટે સારી કંપનીઓનાં તેડાં પણ આવ્યાં, પરંતુ ઓધવજીની મહત્ત્વાકાંક્ષા પાઈલટ બનવાની હતી. એ સમયે તેમના આસપાસના વાતાવરણમાં રૂઢિગત માનસિકતા એવી હતી કે કોઈ ભલેને ઓછું કમાતું હોય, પરંતુ તેણે પોતાની માતૃભૂમિ ના છોડવી જોઈએ. આ કારણે ઓધવજીએ પાઈલટ બનવાનું ટાળી પિતાજીની ઈચ્છાને માન આપી, ગામની નજીક મોરબીની વી.સી. હાઈસ્કૂલમાં સાયન્સ ટીચર તરીકે નોકરી શરૂ કરી.

### પરિવારની જરૂરિયાતોને પહોંચી વળવા એન્જિન ઓઈલનો ધંધો શરૂ કર્યો

વતનથી દૂર મકાન ભાડે રાખી રહેતા ઓધવજીભાઈને 150 રૂપિયાના પગારમાં



ચાર દીકરા અને બે દીકરીની જરૂરિયાતો પણ પૂરી કરવી પડતી. રોજની ચાર કલાકની નોકરી બાદ તેમણે કેટલાય ધંધાઓમાં હાથ અજમાવી જોયા.

દીકરા જ્યારે કોલેજોમાં આવ્યા ત્યારે તેમની વધતી જતી માગોને પહોંચી વળવા તેમણે કાપડની દુકાન પણ શરૂ કરી. ત્યાર બાદ એન્જિન ઓઈલનો બિઝનેસ શરૂ કર્યો જે ચાર-પાંચ વર્ષ જેટલો ચાલ્યો. ભલે પાઈલટનું સપનું ભૂંસાઈ ગયું હતું, કંઈક મોટું કરવાની મહત્ત્વાકાંક્ષાને કારણે કાપડની દુકાન, એન્જિન ઓઈલ જેવા નાના-મોટા ધંધા પર હાથ અજમાવી જોયા.

### અજંતાને શિક્ષિત પાર્ટનરની જરૂર હતી એ ઓધવજીભાઈએ પૂર્ણ કરી

20 વર્ષ બાદ 1971માં મોરબીની 3 મહિના પહેલાં બનેલી કંપની અજંતા ટ્રાન્ઝિસ્ટર ક્લોક મૅન્યુફેક્ચરર નામની કંપનીને એક શિક્ષિત ભાગીદારની જરૂર પડી, જેની શોધમાં તેમની મુલાકાત ઓધવજી સાથે થઈ. ઓધવજીએ પોતાની રીતે બધી ગણતરી કરી આવેલી આ તકને સ્વીકારી, 45 વર્ષની ઉંમરે રૂપિયા એક લાખની મૂડીમાં 15000નું રોકાણ કરી ચોથા ભાગીદાર બન્યા. થોડા જ દિવસોમાં શિક્ષકની નોકરી છોડી દીધી. અજંતાના કાંટાઓ ટક ટક ફરવા લાગ્યા.

# મોરબી અકસ્માતમાં માર્યા ગયેલા પરિવારોને સરકારી નોકરી મળવી જોઈએ: કોંગ્રેસ

ગુજરાત | વંદન

મોરબી હોનારતમાં 141થી વધુ લોકોના મૃત્યુ થયા છે. મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજયસિંહ, કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, મોહમ્મદ જાવેદ પીરજાદા, ઈમરાન ખેડાવાલા અને ગુજરાત ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આગેવાનો સાથે મોરબીની મુલાકાતે ગયા હતા, જેમા મુલાકાત દરમિયાન હોસ્પિટલ માં સારવાર લઈ રહેલા દર્દીઓને મળ્યા, મૃત્યુ પામનાર હતભાગી પરિવારજનોને મળ્યા અને અ દુર્ઘટના જે જગ્યા સર્જઈ તે વિસ્તારની મુલાકાત લીધી હતી.

આદરમિયાન અમદાવાદના દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને જમાલપુર ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ જણાવ્યું હતું કે મોરબી પુલ અકસ્માત ખૂબ જ દર્દનાક છે. અકસ્માત દરમિયાન વિસાપુરા અને મકરાણી વસવાટના મુસ્લિમ યુવાનોએ મચ્છુ નદીમાં ફસાયેલા 100થી વધુ લોકોને



બચાવી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. સોરાષ્ટ્ર હિંદુ-મુસ્લિમ એકતાનો પ્રતીક છે. આપણે આમાંથી શીખવાની જરૂર છે. દુઃખના સમયે માણસ જ માણસના કામ આવે છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી દિગ્વિજય સિંહના નેતૃત્વમાં મોરબી પહોંચેલા કોંગ્રેસના ધારાસભ્યોએ સરકાર વહેલી તકે દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને આર્થિક સહાય આપવા અને સરકારી નોકરીની જાહેરાત કરવાની માંગ કરી છે. એ જ રીતે મુસ્લિમ યુવાનોએ આ દુઃખના સમયમાં જે રીતે લોકોને મદદ કરી છે, તે મુસ્લિમ યુવાનોનું મનોબળ વધારીને સન્માન કરવાની પણ ઈચ્છા વ્યક્ત કરી છે.

# અમદાવાદના ટાગોર હોલમાં શોકસભા યોજાઈ, CM ભૂપેન્દ્ર પટેલ, સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યાં

## » સરકારી સંસ્થા પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવાયો

ગુજરાત | વંદન

મોરબી દુર્ઘટનાને લઈ અમદાવાદના ટાગોર હોલમાં શોકસભા યોજાઈ. જેમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ, સાંસદો અને ધારાસભ્યોએ ઉપસ્થિત રહીને શોક વ્યક્ત કર્યો અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી. રાજ્યવ્યાપી શોકને પગલે અમદાવાદ મ્યુનિસિપલ હસ્તકની ઓફિસોમાં આજે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો છે. રાજ્યની તમામ સરકારી સંસ્થા પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ






ફરકાવાયો છે. રાજ્ય સરકારના તમામ કાર્યક્રમો, સત્કાર સમારંભ પણ રદ્દ કરવામાં આવેલા છે. બીજીતરફ રાજ્યમાં અલગ-અલગ જગ્યાએ વિવિધ સંસ્થાઓ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

મોરબીની ગોઝારી દુર્ઘટના બાદ PM મોદીએ મુલાકાત લઈને અસરગ્રસ્તોને સાંત્વના આપી હતી. PM મોદીની મોરબી મુલાકાત અંગે જાણકારી આપતા ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું કે વડાપ્રધાને દુર્ઘટના સ્થળનું નિરીક્ષણ કરી અસરગ્રસ્તો સાથે મુલાકાત કરી છે. PM મોદીએ હોસ્પિટલમાં મુલાકાત લઈને તબીબોને જરૂરી સૂચનો કર્યા છે. આ સાથે જવાબદાર લોકો વિરુદ્ધ કડક પગલાં લેવા સૂચના આપી છે.

# અમદાવાદમાં ગુરૂકુળ રોડ બની રહ્યો છે વ્હાઈટ ટોપિંગ રોડ

ગુજરાત | વંદન

બેંગલુરુની જેમ હવે અમદાવાદમાં પણ વ્હાઈટ ટોપિંગથી રોડ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં ગુરૂકુળ રોડ પર દોઢ કિલોમીટર સુધીનો વ્હાઈટ ટોપિંગથી રોડ બનવાનું શરૂ થઈ ગયું છે.

અમદાવાદમાં AMC દ્વારા અદ્યતન ટેક્નોલોજીથી રોડ બનાવવાની શરૂઆત કરવામાં આવી છે. મહત્વનું છે કે, શહેરમાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત વ્હાઈટ ટોપિંગથી ત્રણ રોડ બનાવાશે. જેના ભાગરૂપે હવે ગુરૂકુળ રોડ પર દોઢ કિલોમીટર સુધીનો વ્હાઈટ ટોપિંગથી રોડ બનવાનું શરૂ કરવામાં આવ્યું છે. જોકે મહાનગર પાલિકાનો દાવો છે કે, ડામર રોડ કરતા વ્હાઈટ ટોપિંગ રોડનું આયુષ્ય લાંબુ હોય છે.

કોર્પોરેશનના દાવા મુજબ આ રોડ રુટિંગ, માળખાકીય તિરાડો અને ખાડાઓને અટકાવે છે. આ સાથે સુરક્ષિત અને ઝડપી મુસાફરી પૂરી પાડે છે. તો વળી ડામર અને કોંક્રિટ બંને રસ્તાઓ કરતા આનો ખર્ચ પણ સસ્તો પડે છે.

# સરખેજમાં પતિના મિત્રએ પરણિતાની લૂંટી અસ્મત, પોલીસે કરી ધરપકડ

ગુજરાત | વંદન

સરખેજમાં પતિના મિત્રે જ એકલતાનો લાભ લઈને ઘરે આવી પાછળથી પકડીને પરિણીતા સાથે દુષ્કર્મ કર્યુ હતું. આ બનાવ બાદ પરિણીતાએ પતિના મિત્ર વિરુદ્ધ સરખેજ પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. પોલીસે પણ ફરિયાદ નોંધી આરોપીની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

સરખેજમાં રહેતી 24 વર્ષીય પરિણીતાનો પતિ એક ખાનગી બેંકમાં નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પતિનો મિત્ર પંકજ પરમાર પણ એક ખાનગી બેંકમાં નોકરી કરે છે. દરમિયાન પરિણીતા જ્યારે ઘરમાં એકલી હતી. ત્યારે આરોપી પંકજ પરમાર ઘરે આવ્યો હતો અને ઘરમાં પરિણીતા એકલી હોવાનો લાભ ઉઠાવી પાછળથી પરિણીતાને પકડી લીધી હતી. ત્યારબાદ બળજબરીપૂર્વક પરિણીતા પર દુષ્કર્મ આચર્યું હતું. પતિના મિત્રે જ ઘરે આવીને આ પ્રકારનું ગંભીર કૃત્ય કર્યું હોવાથી પરિણીતા એકદમ હેબતાઈ ગઈ હતી. દુષ્કર્મ કર્યા બાદ પંકજે દુષ્કર્મની વાત અંગે કોઈને જાણ નહીં કરવાની પરિણીતાને ધમકી આપી હતી. આ ઘટના અંગે પરિણીતાએ પતિને જાણ કરી હતી. આથી ભોગ બનનાર પરિણીતા અને તેનો પતિ સરખેજ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને દુષ્કર્મ ગુજારનાર આરોપી પંકજ પરમાર વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. સરખેજ પોલીસે પણ પરિણીતાની ફરિયાદ નોંધીને તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી પંકજની અટકાયત કરી હતી.


## મોરબી દુર્ઘટનાની અસર

# અમદાવાદ ખાતે અટલ બ્રિજ પર મુલાકાતીઓની સંખ્યા ઉપર અંકુશ

ગુજરાત | વંદન

મોરબી ખાતે ક્ષમતા કરતા વધારે મુલાકાતીઓ હાજર હોવાના કારણે ઝૂલતો પુલ તૂટી પડતા થયેલી હોનારતના પડઘાં હવે દેશભરમાં પડી રહ્યા છે. આ ઘટનાના કારણે ઓરિસ્સાના કટક ખાતેના ઝુલતા પુલને એક દિવસ માટે બંધ રાખી નવેસરથી ઈન્સ્પેકશન કરવાની જાહેરાત બાદ અમદાવાદની સાબરમતી નદી ઉપર બાંધવામાં આવેલા અટલ બ્રીજ વોકવે ઉપર પણ મુલાકાતીઓની સંખ્યા માર્યાદિત રાખવાની જાહેરાત કરવામાં આવી છે.

સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે અગમચેતીના ભાગ રૂપે બ્રિજની કેપેસીટી એકસાથે ૧૨,૦૦૦ મુલ્કાતીઓની



હોવા છતાં હવેથી બ્રિજ પર વધુમાં વધુ ૩૦૦૦ મુલાકાતીઓને જ પ્રવેશ આપવાની જાહેરાત કરવામાં આવે છે. એટલ બ્રિજ ઉપર એકસાથે ચાલી સાબરમતી નદીના એક કાંઠેથી બીજા કાંઠે જવા માટે મુલાકાતીઓની સંખ્યા પ્રતિ કલાક ૩૦૦૦થી વધારે નહી રાખવાનો નિર્યણ લેવામાં આવ્યો છે. જો મુલાકાતીઓની સંખ્યા વધી જાય તો તેમણે બ્રિજની મુલાકાત માટે હવેથી પ્રતીક્ષા કરવી પડશે એવું આ યાદીમાં જણાવ્યું છે.

# ત્રણ મહિનાના સમયમાં, અમદાવાદ ફાયર વિભાગે આગની ઘટનાઓમાં ૧૧૮ લોકોને બચાવ્યાં

ગુજરાત | વંદન

ઓગસ્ટથી ઓકટોબર મહિનાના ત્રણ મહિનાના સમયમાં અમદાવાદ ફાયર વિભાગ દ્વારા આગની અલગ અલગ ઘટનાઓમાં ફસાયેલા ૧૧૮ લોકોને સુરક્ષિત બહાર કાઢી બચાવી લીધા છે.આ સમય દરમિયાન અમદાવાદ શહેરની હદ અને હદ બહારના વિસ્તાર એમ કુલ મળીને ૩૭૨ અંગારકોલ ફાયર વિભાગ દ્વારા એટેન્ડ કરવામા આવ્યા હતા.

અમદાવાદ ફાયર વિભાગને ઓગસ્ટ મહિના દરમિયાન કુલ ૭૨ અંગારકોલ મળ્યા હતા. આ કોલ પૈકી ૬૯ સામાન્ય, એક મધ્યમ અને બે મેજર કોલ હતા.૬૯ કોલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારમાંથી જ્યારે ત્રણ કોલ અમદાવાદ શહેર હદ બહાર વિસ્તારમાંથી મળ્યા હતા.આગની આ મહિનામા બનેલી ઘટનાઓમાં એક વ્યકિત દાઝી જવા પામી હતી.

જયારે અલગ અલગ સ્થળે આગને કારણે ફસાયેલા દસ લોકોને સુરક્ષિત બચાવી લેવામા આવ્યા હતા.

સપ્ટેમ્બર મહિનામા ફાયર વિભાગને કુલ ૧૧૨ અંગારકોલ મળ્યા હતા.આ કોલ પૈકી ૧૦૭ નાના જયારે બે મધ્યમ કોલ હતા.ત્રણ મેજર કોલ પણ આ સમયમાં એટેન્ડ કરવામા આવ્યા હતા.આ મહિનામા અમદાવાદ શહેરની હદમા ૧૦૪ અને શહેરની હદ બહાર આઠ કોલ એટેન્ડ કરવામા આવ્યા હતા.આ મહિનામા બનેલી આગની ઘટનાઓમાં એક મહિલા દાઝી જવાની ઘટના બની હતી.જયારે ત્રણ વ્યકિતને ઈજા થવા પામી હતી.સપ્ટેમ્બરમા કુલ ૧૦૨ લોકોને બચાવી લેવામા આવ્યા હતા.જેમા બાવન પુરુષ અને પચાસ બાળકોનો સમાવેશ થતો હોવાનુ ફાયર વિભાગના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.


૨૨થી ૨૭ ઓકટોબર દરમિયાન કુલ ૧૭૭ કોલ ફાયર વિભાગ તરફથી એટેન્ડ કરવામા આવ્યા હતા.આ પૈકી ફટાકડાના કારણે આગ લાગવાના કુલ ૯૩ કોલ જયારે અન્ય કારણથી આગ લાગવાના ૮૪ કોલનો સમાવેશ થાય છે.સારંગપુર,સી.ટી.એમ.તથા કાંકરીયા ખાતે એમ આગના ત્રણ મેજર કોલ નોંધાયા હતા.આ ઉપરાંત અન્ય કારણથી આગ લાગવાના ૧૧ બનાવ નોંધાવા પામ્યા હતા.જોધપુર વિસ્તારના અભિજયોત રેસીડેન્સીના ત્રીજા માળે લાગેલી આગની ઘટનામા ફસાયેલા એક મહિલા અને પાંચ પુરુષ સહિત કુલ છ લોકોને સલામત રીતે બચાવી લેવામા આવ્યા હતા.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)




ધોવાણઃ શહેરની સાબરમતી નદીમાં હાઈ સ્પીડ ટ્રેન- બૂલેટ ટ્રેનના કામ માટે રોડ/રસ્તો બનાવવામાં આવ્યો હતો પરંતુ તાજેતરમાં નદીમાં પાણી છોડ઼ાતા રસ્તો ધોવાઈ ગયો.



ઉત્સવ અને ભીડઃ દિવાળીના તહેવાર નિમિત્તે શહેરના કાંકરિયા તળાવ ખાતે લોકોની ભારે ભીડ જોવા મળી હતી ઉપરાંત રવિવારે પણ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.




શ્રદ્ધાંજલિઃ મોરબીમાં ઝુલતો પુલ તુટી જતા મૃત્યુ પામેલા નાગરીકોને જમાલપુર દરવાજા ખાતે સ્થાનિકો દ્વારા મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.



વેડફાટઃ છેલ્લાં 10-12 દિવસથી કાંકરિયા વિસ્તારમાં મ્યુનિ. શાળાની બાજુમાં રોડ પર પાણીની લાઈન તુટતા દરરોજ સવારે આવી રીતે પાણી વેડફાય છે અરજીઓ કરવા છતાં પણ કોઈ નિકાલ આવતો નથી.

# કાંકરિયા લેકફ્રન્ટને દિવાળી ફળી, 26 લાખથી વધુ આવક



ગુજરાત | વંદન

અમદાવાદનું કાંકરિયા લેકફ્રન્ટ મુલાકાતીઓ માટે ફેવરિટ બની રહ્યું છે. તહેવારોના દિવસોમાં અહીં લોકોની સંખ્યામાં વધારો થતો રહે છે.કોરોનાના બે વર્ષ બાદ આ વખતે દિવાળીનો પર્વ લોકોએ હર્ષોલ્લાસથી ઉજવ્યો છે. ત્યારે શહેરના કાંકરિયા લેકફ્રન્ટમાં પણ આ વખતે સહેલાણીઓએ મન ભરીને મજા માણી છે. જેના કારણે લેકફ્રન્ટને આ વખતની દિવાળી ફળી છે. 22થી 28 ઓકટોબર સુધીના દિવાળી પર્વના સમય દરમિયાન કાંકરીયા લેકફ્રન્ટ ખાતે 2.85 લાખથી પણ વધુ મુલાકાતીઓએ એન્ટ્રી લેતા કાંકરીયા લેકફ્રન્ટ વહીવટી તંત્રને રુપિયા 26 લાખથી પણ વધુની આવક થવા પામી હતી.

# પતિએ ત્રણ વર્ષથી શારીરિક સંબંધ નહીં બાંધતા કંટાળીને બેંક મેનેજર પત્નીએ પોલીસ ફરિયાદ નોંધાવી

ગુજરાત | વંદન

શહેરના સાબરમતી વિસ્તારમાં રહેતી મહિલાએ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં સાસરીયા વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરી છે. તેણે સાસરીયા સહિત પતિ પર માનસિક ત્રાસ આપવાનો આક્ષેપ કર્યો છે. આ મામલે પરિણીતાએ અનેકવાર સમાધાન કરવાની કોશિશ કરી હતી પરંતુ અંતે કંટાળીને તેણે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

2013માં બેન્ક મેનેજર તરીકે જોડાઈ હતી

મળતી માહિતી પ્રમાણે, સાબરમતીમાં રહેતી મહિલા 2013માં બેંક મેનેજર તરીકે બેન્કમાં જોડાઈ હતી. ત્યારે પરિણીતા અમદાવાદમાં નોકરી કરતી હતી. ત્યારબાદ તે ગુજરાત બહાર નોકરી કરવા માટે ગઈ હતી. ત્યારે તેના



સાસરીયાવાળા અવારનવાર તેની પાસે પગારની માગ કરતા હતા. તેટલું જ નહીં, તેનો પતિ પણ તેને પગાર આપી દેવા માટે દબાણ કરતો હતો. જો પરિણીતા પગાર આપવાની ના કહે તો તેને ઝઘડો કરીને હેરાન કરતો હતો.

પરિણીતા આ મામલે જણાવે છે કે, 'હું તેને ફોન કરતી તો કામ વગર ફોન ન કરવા માટે પતિ જણાવતો હતો. એટલું જ નહીં, તું હવે મને નથી ગમતી તેવું કહીને વાત પણ કરતો નહોતો. એ કહેતો હતો કે બેન્ક એકાઉન્ટના સ્ટેટમેન્ટ વગર ઘરમાં પગ મૂકવો નહીં. હું કંઈ કહું તો મારી સાથે ઝઘડો કરીને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપતો હતો.'

પરિણીતાએ જ્યારે આ મામલે સાસુ-સસરાને ફરિયાદ કરી તો તેઓ કહેતા હતા કે, મારા દીકરા માટે સારા ઘરની છોકરી મળતી હતી, તું હવે અમારા ઘરને લાયક નથી તેવું કહીને અપમાનિત કરતા હતા. આ ઉપરાંત પરિણીતા જ્યારે રાના દીવસોમાં સાસરીમાં જાય તો તેના પતિને બાળક રાખવા માટે પણ કહેતી હતી, પરંતુ પતિ 'મારે બાળક જોઈતું નથી' તેવું કહીને સંબંધ બાંધવાનો ઈનકાર કરતો હતો. છેલ્લા ત્રણ વર્ષથી પતિએ પરિણીતા સાથે શારીરિક સંબંધ બાંધ્યો નહોતો. અંતે પરિણીતાએ કંટાળીને પોલીસ ફરિયાદ કરી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....

# પીએમ ઋષિ સુનકે કમ સે કમ નિરવ અને માલ્યાને ભારત પરત મોકલવામાં તો મદદ કરવી જ જોઈએ...!



આમ તો આપણાં પુરાણોમાં એમ કહેવાય છે કે ઋષિનું કૂળ ન પૂછાય પણ છેલ્લાં કેટલાક દિવસથી એક ઋષિનું કૂળ અને મૂળ વિશ્વમાં પ્રખ્યાત થયું છે. તેમનું નામ છે- ઋષિ સુનક. તેઓ બ્રિટનના વડાપ્રધાન થયા છે અને બિન-ગોરા અને પ્રથમ મૂળ ભારતીય કહેવાય છે. તેઓ ભારતની જાણીતી કંપની ઈન્ફોસિસના જમાઈ છે. તેમના વડાપ્રધાન બનવાના પગલે ભારતમાં આનંદનું મોજુ નહીં પણ સુનામી આવી ગઈ. ચારે તરફ વાહ થઈ કે એક મૂળ ભારતીય બ્રિટન વડાપ્રધાન થયા કે જેમણે ભારતને ગુલામ રાખ્યું હતું.

ઋષિ સુનક બ્રિટનના પીએમ બન્યા. ભારતને ચોક્કસ તેને લઈને આનંદની લાગણી થાય. કેમ કે એક મૂળ ભારતીયને વિદેશના એક એવા દેશના પીએમ બનવાની તક મળી કે એક સમયે અડધા વિશ્વમાં તેનો સૂર્ય તપતો હતો. આજે બ્રિટનની હાલત ખૂબ ખરાબ છે. બ્રિટનમાં કોઈ સરકાર આર્થિક હાલત સુધારી શકી નથી અને છેવટે એ જવાબદારી ઋષિ સુનકના માથે આવી છે. માથે આવી છે એ કરતાં તેમણે સામે ચાલીને એ જવાબદારી સ્વીકારી છે. તેમાં કેટલા પાર ઉતરશે એ તો સમય જ કહેશે. પણ તેમના પીએમ બન્યા બાદ ભારતની તેમના પ્રત્યે લાગણી અને માંગણી છે.

લાગણી અને માંગણી એ છે કે ભારતમાં કરોડો રૂપિયાના આર્થિક ગુનાઓ-કૌભાંડો આચરીને નિરવ મોદી અને વિજય માલ્યા બ્રિટનમાં છે. તેઓ ત્યાંના કાયદાનો આશરો લઈને ભારત આવવાથી બચી રહ્યાં છે. ભારત ઈચ્છે કે પીએમ ઋષિ સુનક ભારતના આ બે મોટા આર્થિક ગુનેગારોને વહેલામાં વહેલી તકે ભારત મોકલે જેથી તેમને તેમના ગુનાની સજા આપી શકાય અને બીજા આવા ગુના આચરતા લોકોમાં ભય ફેલાય.






બ્રિટને ભારત પર 200 વર્ષ રાજ કર્યુ અને ભારતને લૂંટવામાં કાંઈ બાકી રાખ્યું નહોતુ. મૂળ ભારતવંશના પીએમ ઋષિ સુનકને પોતાના માદરે વતન પ્રત્યે લાગણી હોય તો બ્રિટને ભારતમાંથી લૂંટેલી ધનદૌલતમાંથી 10 ટકા પણ ભારતને પરત અપાવશે તો પણ ભયો ભયો...! પણ શું તેઓ ભારત પ્રત્યે પોતાનું ઋણ ચુકવશે..? તેઓ ઈચ્છે તો પણ એવુ કરી શકે તેમ નથી. કેમ કે તેમની પહેલી અને છેલ્લી ફરજ પોતે જે દેશના પીએમ બન્યા એ દેશ પ્રત્યેની વફાદારી. તેમાં તેઓ ચૂક કરી શકે તેમ નથી. કેમ કે તેઓ ત્યાં જન્મ્યા છે અને ત્યાંના બંધારણની મર્યાદામાં રહીને પીએમ બન્યા એટલે તેઓ પોતાના દેશનું હિત જ જોશે. ભારત કે કોઈ બીજા દેશનું હિત ન જુવે એ સ્વાભાવિક છે. જેમ કે ભારત. તો ભારતના પીએમ સૌથી પહેલાં પોતાના દેશનું હિત જોશે અને પછી પડોશી ધર્મના નાતે શ્રીલંકા કે બાંગ્લાદેશ કે નેપાળને કોઈ મદદની જરૂર હોય તો..આપણે ઋષિ સુનકને તેમના દેશના પીએમ બનવા બદલ ચોક્કસ અભિનંદન આપીએ પણ તેમની પાસેથી ભારતને મદદ કરવાની આશા રાખવી વધુ પડતી આશા કહી શકાય. ભારતે રાજદ્વારી ચેનલ દ્વારા તેમના પર દબાણ લાવવાનો પ્રયાસ કરવો જોઈએ કે નિરવ મોદી અને વિજય માલ્યાને વહેલામાં વહેલી તકે ભારત મોકલવામાં મદદ કરવી જોઈએ કેમ કે આ બે ગુનેગારોને ભારતમાં લાવીને તેમને જેલમાં નાંખી સજા ફટકારવાનો મામલો પ્રતિષ્ઠાનો બનેલો છે. પીએમ ઋષિ સુનક આટલુ તો કરી જ શકે તેમ છે.


## જય-વિરૂ કી યહી કહાની: મંઝિલ કો ચલે..ગીર પડે..ઉઠે ઔર ઉઠ કર ફિર ચલ પડે...

# ફિલ્મી દુનિયાના બે મહારથીનો જીવન મંત્ર: આરામ...? વો ક્યા હોતા હૈ...?

**ઉંમર માત્ર એક આંકડો છે.., 80 વર્ષના અમિતાભ અને 87વર્ષની ઉંબરે ઊભેલા ધર્મેન્દ્રએ પોતાની સક્રિયતાથી આ વાત સારી રીતે સાબિત કરી બતાવી....**







આ વર્ષે જુલાઈમાં અમિતાભ બચ્ચન સાથે શૂટિંગ દરમિયાન, પાંચ-છ વર્ષના એક સહ-અભિનેતાએ અચાનક તેમની ઉંમર પૂછી. જ્યારે તેણે કહ્યું કે તેઓ એંસી વર્ષના છે, ત્યારે બાળકને આશ્ચર્ય થયું કે દાદાજીની ઉંમરના તેઓ હજી કેમ કામ કરે છે. “ગો હોમ એન્ડ ચિલ!” તેણે સુપરહીરોને કામ કરવાને બદલે ઘરે આરામ કરવાની સલાહ આપી, જેમ તેના દાદા દાદી વયના કારણે આરામ કરી રહ્યા છે. એ સવાલ સાંભળીને અમિતાભ કંઈક વિચારવા મજબૂર થઈ ગયા, પણ આવો વિચાર ભાગ્યે જ તેમના મગજમાં આવ્યો હશે કે હવે ફિલ્મ સ્ટુડિયોની ધમાલથી દૂર ‘ચીલ’ થવાનો એટલે કે આરામ કરવાનો સમય આવી ગયો છે. કેમ કે આ સમયે તેઓ તેમની કારકિર્દીના સૌથી વ્યસ્ત તબક્કામાં કામ કરી રહ્યાં છે.

આ 11 ઑક્ટોબરે અમિતાભે તેમના જીવનના એંસી વર્ષ પૂર્ણ કર્યા, પરંતુ 1969માં સાત હિન્દુસ્તાની સાથે ફિલ્મી કરિયરની શરૂઆત કર્યાના 53 વર્ષ પછી જો છેલ્લા એક દાયકામાં અક્ષય કુમાર પછી મોટા અભિનેતાની સૌથી વધુ ફિલ્મો દર્શાવવામાં આવી હોય તો. હા, તે બિગ બી છે. તેમની છેલ્લી ફિલ્મ ગુડબાય તેમના જન્મદિવસના અઠવાડિયે રિલીઝ થઈ જેમાં તે યુવા અભિનેત્રી રશ્મિકા મંદન્ના સાથે કેન્દ્રિય ભૂમિકા ભજવે છે.

તેઓ 10 ઓક્ટોબરથી ડિઝની-હોટસ્ટાર પર શરૂ થયેલી ધ જર્ની ઓફ ઈન્ડિયા શ્રેણીમાં ફેસિલિટેટર બન્યા છે. થોડા અઠવાડિયા પહેલા, તે બહુચર્ચિત ફિલ્મ બ્રહ્માસ્ત્ર (2022) માં જોવા મળ્યા હતા. આગામી દિવસોમાં તેની ઘણી વધુ ફિલ્મો રિલીઝ થશે. ફિલ્મો સિવાય તે અન્ય ઘણા ક્ષેત્રોમાં વ્યસ્ત છે. કૌન બનેગા કરોડપતિ કે જે તેમના દ્વારા સંચાલિત લોકપ્રિય ગેમ શો છે તેના 1000 થી વધુ એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યા છે અને નવી સીઝન અવિરતપણે ચાલુ છે.

ફિલ્મો અને ટેલિવિઝન ઉપરાંત, બચ્ચનસાબ, જેમને ફિલ્મ ઉદ્યોગમાં સંબોધવામાં આવે છે, તે ડઝનેક જાહેરાતો અને પ્રચારોમાં પણ વ્યસ્ત જોવા મળે છે. એમેઝોનના એલેક્સાના હિન્દી વર્ઝનમાં પણ તેનો જાદુઈ અવાજ સાંભળી શકાય છે. નેવુંના દાયકામાં પણ અમિતાભ એટલા જ મહેનતુ દેખાય છે જેટલા તેઓ સિત્તેરના દાયકામાં મનમોહન દેસાઈ-પ્રકાશ મહેરાના મલ્ટિસ્ટારર યુગમાં દેખાતા હતા... અભિનય પ્રત્યેની તેમની નિષ્ઠા અને સમર્પણ જોઈને ઘણા દંગ થઈ જાય છે.

જાણીતા સ્ક્રિપ્ટ રાઈટર સલીમ ખાન, જેમણે ભૂતકાળમાં અમિતાભની ઘણી સુપરહિટ ફિલ્મો જાવેદ અખ્તર સાથે લખી છે, તેમને લાગે છે કે અમિતાભે તેમના જીવન અને કારકિર્દીમાં દરેક માઈલસ્ટોન હાંસલ કર્યા છે અને તેમણે હવે બ્રેક લેવો જોઈએ. પરંતુ બ્રેક લેવાનું તો દૂર, તેઓ તેમના કામની ગતિ ધીમી કરવાના મૂડમાં પણ દેખાતા નથી. તેમના માટે, તેમની જ ફિલ્મ ઈન્દ્રજીત (1991) નું ગીત ‘જબ તક જાન મેં હૈ જાન, તક રહે જવાન’ તેમના જીવનનું સૂત્ર બની ગયું હોય તેવું લાગે છે. આજે પણ અમિતાભને કેન્દ્રમાં રાખીને ફિલ્મોની વાર્તાઓ લખાઈ રહી છે. પીકુ (2015) અને પિંક (2016) થી બદલા (2019) અને ગુડબાય (2022) સુધીની ફિલ્મો તેના પાત્રની આસપાસ ફરે છે.

અમિતાભ પોતે માને છે કે તેઓ નસીબદાર છે કે તેમને આ ઉંમરે પણ કામ મળી રહ્યું છે. એક ઈન્ટરવ્યુમાં તેમના 75મા જન્મદિવસના થોડા દિવસો પહેલા, તેણે કહ્યું હતું કે રમતગમત અને અભિનેતાએ ક્યારે તેમનુ પ્રદર્શન બંધ કરવું જોઈએ તે નક્કી કરવાનું કામ સમયનું છે. તેણે કહ્યું, “એક ખેલાડી તરીકે જો તમારું શરીર કોઈ ચોક્કસ રમત રમવા માટે અસમર્થ હોય, તો તમારે રોકવું પડશે કારણ કે કોઈ નાની અને વધુ શારીરિક રીતે સક્ષમ વ્યક્તિ તમારું સ્થાન લેશે. ફિલ્મો પણ આ જ પેટર્નને અનુસરે છે. જ્યારે તમારું શરીર દર્શકોના દૃષ્ટિકોણ પ્રમાણે તમને સાથ ન આપે ત્યારે તમારે રોકવું પડશે. અન્ય એક નાનો, સારો દેખાવ અને વધુ સક્ષમ અભિનેતા તમારું સ્થાન લેશે.”

એંસી વર્ષની ઉંમર વટાવ્યા પછી, જો તેમના સમકક્ષોમાંથી કોઈ સ્ક્રીન પર અને બહાર સક્રિય હોય, તો તે તેમના શોલે (1975)ના સહ-અભિનેતા ધર્મેન્દ્ર છે. તેણે હાલમાં જ કરણ જોહરની બહુપ્રતિક્ષિત ફિલ્મ રોકી અને રાની કી લવ સ્ટોરીનું શૂટિંગ પૂર્ણ કર્યું છે. આ સિવાય તે અનિલ શર્માની હિટ ફિલ્મ અપને (2007)ની સિક્વલમાં પણ જોવા મળશે. ધર્મેન્દ્ર ડિસેમ્બરમાં 87 વર્ષના થશે. ધર્મેન્દ્ર અમિતાભ જેવા ડઝનેક પ્રોજેક્ટ્સ પર કામ નથી કરી રહ્યા પરંતુ ફિલ્મોની બહાર તેમના ઉત્સાહ અને મહેનતુ જીવનથી ઘણાને પ્રેરણા આપી રહ્યા છે. તેનો મોટાભાગનો સમય લોનાવાલા સ્થિત ફાર્મ હાઉસમાં વિતાવે છે, જ્યાં તે ફળો અને શાકભાજી ઉગાડે છે. અને તેના વિડિયો શેર કરે છે.

આમ છતાં ધર્મેન્દ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીથી દૂર નથી. ફિલ્મોમાં કામ કરવા સિવાય તે ઘણા રિયાલિટી શોમાં સામેલ છે. તે અભિનેતાઓની લુપ્ત થતી પ્રજાતિમાંના એક છે જેઓ ફિલ્મ ઉદ્યોગમાં પૈસા કમાવવા અને સમાંતર સામ્રાજ્ય બનાવવા માટે સ્પર્ધા કરતા જોવા મળ્યા નથી. વયના આ તબક્કે નિવૃત્તિ લીધા પછી આરામદાયક જીવન જીવવાને બદલે કંઈક યા બીજું કરતા રહેવાની ઈચ્છા તેને અન્ય સમકાલીન કલાકારોની સરખામણીમાં અમિતાભની નજીક લાવે છે.

થોડા દિવસો પહેલા એક ઈન્ટરવ્યુમાં ધર્મેન્દ્રએ કહ્યું હતું કે તેણે પોતાનું સ્થાન બનાવવા માટે ઈમાનદારીથી લડત આપી હતી, “મારા સેટ પર અને બહાર બંને સંબંધો હતા. હું સ્વભાવે લાગણીશીલ છું અને પાત્રોમાં લાગણીઓ સાથે પણ જોડાયેલું છું. સારા-ખરાબ દરેક સંજોગોમાં ચાલ્યા, રહ્યા અને બધાને સાથે રાખ્યા. હું સારા કહેવાને બદલે સારામાં માનતો હતો.

એક સમય એવો હતો જ્યારે અમિતાભ અને ધર્મેન્દ્ર બંનેના સ્ટાર્સ અંધારામાં હતા. નેવુંના દાયકામાં ખુદા ગવાહ (1992) પછી, અમિતાભ સ્વેચ્છાએ ફિલ્મોથી દૂર થઈ ગયા અને ન્યૂયોર્ક ગયા. પાંચ વર્ષ પછી મૃત્યુદાતા (1997) સાથે જ્યારે તેઓ સ્ક્રીન પર પાછો ફર્યા ત્યારે તેમનો જાદુ ઓસરી ગયો હતો.

તેમના સ્થાને ગોવિંદા, આમિર , સલમાન, શાહરૂખ, અક્ષય કુમાર અને અજય દેવગન જેવા સ્ટાર્સનો સિક્કો (અનુસંધાન પેજ નં.6 પર)

## ધર્મ

# દેવઉઠી એકાદશીનું આ છે ધાર્મિક મહત્વ....



કારતક માસના શુક્લ પક્ષની એકાદશીને દેવઉઠી એકાદશી પણ કહેવામાં આવે છે. આ વર્ષે દેવઉઠી એકાદશી 8 નવેમ્બરના રોજ છે. દેવઉઠી એકાદશીને હરિપ્રબોધિની એકાદશી અને દેવોત્થાન એકાદશી પણ કહેવામાં આવે છે. માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુ અષાઢ માસની એકાદશીથી ચાર માસ માટે ગાઢ નિંદ્રામાં પોઢી જાય છે અને કારતક માસમાં જાગે છે. એટલા માટે આ દિવસને દેવઉઠી એકાદશી કહેવામાં આવે છે. આ દિવસથી ચાતુર્માસનો અંત થાય છે. કહેવાય છે કે ચાર માસ દરમિયાન દેવ શયનના કારણે માંગલિક કાર્યો વર્જિત હોય છે. પરંતુ દેવઉઠી એકાદશી બાદ દેવોત્થાન થાય છે અને ત્યારબાદ માંગલિક કાર્યો શરૂ થાય છે. આ દિવસે લોકો ઉપવાસ પણ રાખે છે. કહેવાય છે કે આ દિવસે ઉપવાસ કરનારને મોક્ષ પ્રાપ્ત થાય છે. દેવઉઠી એકાદશીના દિવસથી, તમામ શુભ કાર્ય ફરીથી શરૂ થાય છે. દેવઉઠી એકાદશી પર ભગવાન વિષ્ણુ જાગ્યા પછી શુભ કાર્ય શરૂ થાય છે. આ દિવસે તુલસી વિવાહનું પણ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે દેવઉઠી એકાદશી 4 નવેમ્બર 2022, શુક્રવારે છે. જ્યારે તેનું પારણ 5 નવેમ્બર 2022ના રોજ થશે. આ દિવસે તુલસી વિવાહનું પણ આયોજન કરવામાં આવે છે.

એકાદશી તિથિનો પ્રારંભ - 03 નવેમ્બર, 2022 સાંજે 07:30 વાગ્યે


એકાદશી તિથિની સમાપ્તિ - 04 નવેમ્બર, 2022 સાંજે 06.08 વાગ્યે

પારણા (ઉપવાસ તોડવાનો) સમય - 05 નવેમ્બર, 2022 સવારે 06:41 થી 08:57 સુધી

દેવઉઠી એકાદશી પર તુલસી વિવાહ

દેવઉઠી એકાદશીના દિવસે તુલસી વિવાહનો પણ રિવાજ છે. આ દિવસે તુલસીજીના લગ્ન શાલિગ્રામ સાથે કરાવવામાં આવે છે. આ લગ્ન પણ સામાન્ય લગ્નની જેમ ધામધૂમથી કરવામાં આવે છે. તુલસી ભગવાન વિષ્ણુને પ્રિય છે અને ભગવાન વિષ્ણુની પૂજામાં તુલસી ચોક્કસપણે સામેલ છે. ભગવાન વિષ્ણુની પૂજા તુલસી વિના પૂર્ણ માનવામાં આવતી નથી. એવું માનવામાં આવે છે કે જે દંપતીને કન્યા નથી, તેઓએ જીવનમાં એકવાર તુલસી વિવાહ અવશ્ય કરવા અને કન્યાદાન કરવું, તેનાથી પુણ્ય મળે છે.

## પુસ્તક પરિચય



■ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

# સ્વાધીનતા સંગ્રામના 75 શૂરવીરો


આપણે સૌ અત્યારે આપણી આઝાદીનાં અમૃત મહોત્સવની ઉજવણી કરી રહ્યાં છીએ. આ પંચોતેર વર્ષમાં આપણે દરેક ક્ષેત્રે વિકાસ કર્યો છે. આપણને અંગ્રેજોની ગુલામીમાંથી સ્વાધીનતા પ્રાપ્ત થઈ ગઈ પરંતુ હજુ આપણને ખરી સ્વતંત્રતા મળી છે ખરી? સ્વાધીનતા અને સ્વતંત્રતા આ બંનેનો ગુઢાર્થ જાણવો ખૂબ જરુરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પૂજનીય સરસંઘચાલક શ્રી મોહનરાવ ભાગવતજી આ બંને શબ્દોનો અર્થ ખૂબ સરસ રીતે સમજાવતાં જણાવે છે, ‘ સ્વાધીનતા એટલે હવે આપણે એ નિશ્ચિત કરી શકીએ છીએ કે આપણો દેશ કોણ ચલાવશે અને સ્વતંત્રતા એટલે આપણે કઈ પદ્ધતિથી આપણો દેશ ચલાવવો છે તે. સ્વાધીનતા આપણને મળી ગઈ છે પણ સ્વતંત્રતાથી આપણે હજુ ઘણાં દૂર છીએ.’ આપણા સ્વાધીનતા સંગ્રામના યોદ્ધાઓમાંથી ૭૫ જેટલાં પસંદ કરાયેલાં શૂરવીરોની જીવન ઝરમર દર્શાવતું અદ્ભૂત પુસ્તક એટલે ‘સ્વાધીનતા સંગ્રામના ૭૫ શૂરવીરો’

‘હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાન’, અમદાવાદ દ્વારા પ્રકાશિત આ પુસ્તક વિશે આપણાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પોતાનો સંદેશ પાઠવતાં લખે છે, ‘ ‘હિન્દુ આધ્યાત્મિક એવમ્ સેવા સંસ્થાન’ અંતર્ગત ‘સ્વાધીનતાનો અમૃત મહોત્સવ ‘ પ્રકલ્પ હેઠળ ‘ સ્વાધીનતાના શૂરવીરો ‘પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે જાણીને આનંદ થયો. આઝાદીનો અમૃત મહોત્સવએ રાષ્ટ્રનો નવજાગરણ ઉત્સવ છે, દેશનાં સ્વતંત્રતા સંગ્રામમાં સર્વસ્વ સમર્પિત કરી દેનારા અનેક નામી અનામી દેશભક્તોને યાદ કરવાનો અવસર છે. ઈતિહાસનાં પ્રકરણમાં આવાં મહાપુરુષોના બલિદાનોની અમર જીવનગાથા રાષ્ટ્ર ઉત્થાન માટે તેમજ યુવા પેઢીની પ્રેરણા માટે મૂલ્યવાન દસ્તાવેજ સમાન છે. સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકોનાં વિચારો અને આદર્શો પર ચાલીને નવા ભારત બનાવવાની દિશામાં આપણે સૌ દેશવાસીઓ આગળ વધીએ એ જ સાચી શ્રદ્ધાંજલિ હશે.’

આ રાષ્ટ્રવાદી પુસ્તકમાં સમાવિષ્ટ કરેલા ૭૫ શૂરવીરોની જીવનગાથાનાં લેખકો પણ એટલાં જ રાષ્ટ્રવાદી છે. સાધના સાપ્તાહિકના સહાયક તંત્રીશ્રી રાજ ભાસ્કર ઉપરાંત શ્રી અનંત શુક્લ અને શ્રી મધુકાન્ત પ્રજાપતિએ ખૂબ જ જહેમત ઉઠાવીને આ અનન્ય પુસ્તક તૈયાર કરીને આપણને આપ્યું છે. અહીં દરેક પૃષ્ઠ પર એક શૂરવીરની દુર્લભ તસવીરની સાથે સાથે તેમની જન્મતારીખ અને તેમની વીરગતિ કે મહાપ્રયાણની તારીખ પણ દર્શાવેલ છે. દરેક શૂરવીરનો પરિચય વાંચીને એવું ચોક્કસ લાગે કે તેમનાં વિશે આપણે હજુ વધુ જાણવું જોઈએ. દરેક શૂરવીરોનું વિસ્તૃત પુસ્તક વાંચવા માટે પ્રેરીત કરતું આ પુસ્તક ખરેખર આપણી યુવાપેઢી માટે પ્રેરણાદાયક છે.

હિન્દુ આધ્યાત્મિક અને સેવા સંસ્થાનનાં તથા આ પુસ્તકનાં માર્ગદર્શક મંડળમાં શ્રી ભાગ્યેશ જ્હા, શ્રી રાજેશ ગાંધી, શ્રી હસમુખ પટેલ, શ્રી એમ. પી. ચંદ્રન જેવાં આદરણીય વડીલોનું પ્રેરક માર્ગદર્શક પ્રાપ્ત થયું છે. ઉપરાંત આ પુસ્તકના સંપાદક મંડળમાં પણ વિભિન્ન અગ્રણી ક્ષેત્રોમાંથી રાષ્ટ્રવાદી વ્યક્તિઓએ ભેગાં થઈને આ પુસ્તક તૈયાર કર્યું છે. CA શ્રી પ્રદીપ મોદી, શ્રી ઘનશ્યામ વ્યાસ, CA શ્રી તુલસી ટેકવાણી, શ્રીમતી નિપા શુક્લ, શ્રી નારાયણ મેઘાણી, શ્રી અર્ચિત ભટ્ટે આ પુસ્તકનાં સંપાદન કાર્યમાં તેમનો અમૂલ્ય સહયોગ આપ્યો છે. સંપાદક મંડળ તેમની પ્રસ્તાવનામાં લખે છે, ‘ હિન્દુ આધ્યાત્મિક એવમ્ સેવા સંસ્થાન ( HSSF) દ્વારા પ્રેરિત સાંસ્કૃતિક તેમજ નૈતિક પ્રશિક્ષણ પ્રકલ્પ ( IMCTF) દ્વારા અગણિત સ્વાતંત્ર્ય સંગ્રામના યોધ્ધામાંથી માત્ર ૭૫ જેટલાં પસંદ કરાયેલા સ્વાતંત્ર્ય સેનાનીઓની જીવન ઝરમર આ પુસ્તક દ્વારા પ્રકાશિત કરવાનો નમ્ર પ્રયાસ કરેલ છે. આ પુસ્તકમાં ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામથી ૧૯૪૭ સુધીમાં પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનાર ૭૫ પ્રતિભાઓને સમાવવાનો પ્રયત્ન કરેલ છે. નામની યાદી ખૂબ લાંબી છે પરંતુ સર્વનો સમાવેશ અથવા નામનો ઉલ્લેખ પણ કરી ન શકીએ તે બદલ દિલગીરી વ્યક્ત કરીએ છીએ. આ પુસ્તકમાં બાળયોદ્ધા તેમજ ગુજરાત પ્રદેશની પ્રતિભાઓને સમાવવાનો પ્રયત્ન કરેલ છે.’

ભારતમાતાની વંદનીય તસવીરથી આ પુસ્તકની શરુઆત થાય છે. અહીં શ્યામજી કૃષ્ણ વર્મા, ગાંધીજી, જયંતિ ઠાકોર, સરદાર પટેલ, રવિશંકર મહારાજ, જોધા અને મૂળુ માણેક, વીર વિનોદ કિનારીવાળા, દાદાભાઈ નવરોજી, ભગવતીચરણ વોહરા, કનૈયાલાલ મુનશી, વસંત-રજબ,




રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, બાલવીર સોમાભાઈ, ડાકોરજીનો શંકર જેવી ગુજરાતની પ્રતિભાઓ છે તો ભગિની નિવેદિતા, પ્રીતિલતા વાદેદાર, મૅડમ ભીકાઈજી કામા, રાની ચેન્નમ્મા, કેપ્ટન લક્ષ્મી સહેગલ, સરોજિની નાયડુ, ઝાંસીની રાણી, માતા મહારાણી તપસ્વિની, ગોંડ રાણી દુર્ગાવતી, રાણી વેલુ નાચિયાર, બેગમ હઝરત મહાલ, સતી રામરખી, કાલીબાઈ જેવાં સ્વાધીનતા માટે ઝઝુમનાર નારીરત્નો પણ છે. સ્વાધીનતાનાં અમૃત મહોત્સવની ઉજવણી ચાલી રહી છે ત્યારે આ અલભ્ય પુસ્તક દરેક રાષ્ટ્રવાદીએ ચોક્કસ વાંચવું જ રહ્યું. કિંમતઃ અમૂલ્ય.

## ઉપદેશાત્મક લેખ...

સાપ્તાહિક ગુજરાત વંદન

# વાણીનો ઉપયોગ કરવામાં વળી કંજૂસાઇ શેની...?! બીજાનું મન ભીંજવી નાંખો...

**સંસ્કાર શું છે, તે ફક્ત રોજિંદા વ્યવહાર સાથે તમારા વર્તનને બદલવા માટે છે. ચાલો આપણે નાના માણસ જેવું વર્તન કરીએ, માનવીય વર્તન કરીએ. કોઈને દુઃખ ન આપો**



તમે રસ્તામાં ચાલી રહ્યા છો, કોઈ અજાણી વ્યક્તિ તમને રોકે છે. તેણે પોતાનો રસ્તો ગુમાવ્યો છે. તમને પોતાના ઠેકાણાનો રસ્તો પૂછે છે, તમે તેને કહો છો. તે સ્મિત કરે છે અને નમ્રતાથી તમારો આભાર માને છે. તમારા સ્વભાવની પ્રશંસા કરે છે. તે પછી તમને કેવુ લાગ્યું કે તેનાથી તમારા મન પર કેવી અસર થઈ ?

તમારી અંદર એક સકારાત્મક ઉર્જા ઉત્પન્ન થાય છે. તમે ઉત્સાહથી ભરેલા છો. તમે તમારા પર ગર્વ અનુભવો છો. તમે થોડા ચઢિયાતા અનુભવવાનું શરૂ કરો છો, તમે થોડું ઊંચું અનુભવો છો. જે વ્યક્તિએ સ્મિત સાથે તમારો આભાર માન્યો તેનો ચહેરો તમારા મનમાં સ્થિર થઈ જાય છે.

તમારા મનમાં પણ તેના માટે વખાણની લાગણી આપોઆપ ઉત્પન્ન થાય છે. તમે તેને દેખીતી રીતે કશું કહ્યું ન હોય, પરંતુ તમારું મન તેની પ્રશંસા કરે છે. હવે આ દ્રશ્ય ઉલટાવીને જોઈએ.... એ અજાણી વ્યક્તિએ ગુસ્સામાં તમને કઠોર સ્વરમાં કઠોર રીતે રસ્તો પૂછ્યો હોય. ત્યારે તમારામાં કઈ લાગણીઓ પેદા થશે?

તમે તેને કોઈ પણ વિચાર કર્યા વિના તે જ ખરબચડાપણું, સમાન અભેદ્યતા સાથે તેને માર્ગ જણાવશો. પછી તે માણસ તમારો આભાર માન્યા વિના બહાર નીકળી જાય છે, પછી તમને વધુ દુઃખ થાય છે. પછી તમારી અંદર કંઈક અલગ જ થાય છે, નેગેટિવ થાય છે. તે વ્યક્તિ પ્રત્યે માત્ર નકારાત્મક લાગણીઓ જ નહીં જાગે પરંતુ તમારું મન લાંબા સમય સુધી ઉદાસ રહે છે. તમે આ ખૂબ કાળજીપૂર્વક નથી કરતા. આવી પ્રતિક્રિયાઓ આપણી અંદરથી આપોઆપ આવે છે.

આપણું મન આપણા સંસ્કારો અનુસાર પ્રતિક્રિયા આપે છે અને લે છે. જેમ આપણે આપણી જાતને બનાવી છે, તેવી જ પ્રતિક્રિયા આપણી અંદરથી આવશે. કલ્પના કરો કે તમારી જગ્યાએ દુષ્ટ સ્વભાવની વ્યક્તિ હતી. એવી વ્યક્તિ જે બીજાને દુઃખ પહોંચાડવામાં આનંદ લે છે. જો તે અજાણ્યા વ્યક્તિએ તેને નમ્રતાથી અથવા ચીડ સાથે રસ્તો પૂછ્યો હોત. કદાચ, પરંતુ તે વ્યક્તિ અજાણ્યા વ્યક્તિને ખોટો રસ્તો બતાવે તેવી શક્યતા વધુ છે. કારણ કે તેને આમ કરવાથી આનંદ મળે છે.પછી ખોટો રસ્તો બતાવીને તે પોતાની જાત પર ગર્વ લેતો, ખુશી શોધતો અને લાંબો સમય હસતો રહેતો. તે પણ જઈને બીજાને તેના કાર્યો વિશે જણાવતો. કારણ કે તે વ્યક્તિએ પોતાની જાતને આ રીતે તૈયાર કરી છે, બીજાને દુઃખ પહોંચાડીને સુખ પ્રાપ્ત કરવાના સંસ્કાર મેળવ્યા છે. એટલે જ કહેવાયું છે કે, સંસ્કારો આપણા સ્વભાવને આકાર આપે છે.

સંસ્કાર શું છે, તે ફક્ત રોજિંદા વ્યવહાર સાથે તમારા વર્તનને બદલવા માટે છે. ચાલો આપણે નાના માણસ જેવું વર્તન કરીએ, માનવીય વર્તન કરીએ. કોઈને દુઃખ ન આપો, કોઈના પૈસાની ચોરી ન કરો, કોઈની સાથે છેતરપિંડી ન કરો, આ બધી બાબતો સંસ્કાર દ્વારા આપણા આચારમાં જોડાયેલી છે. આપણામાંથી ઘણા આ બધા ગુણો આપણા સમાજમાંથી, આપણા કુટુંબમાંથી, આપણા નજીકના અને પ્રિયજનોમાંથી, આપણે જે લોકોના સંપર્કમાં આવીએ છીએ તેમાંથી મેળવે છે.

એ ગુણોને વ્યવહારમાં મૂકવાનો પ્રયાસ. પરંતુ કેટલાક લોકો તેમને અપનાવી શકતા નથી. કદાચ અપનાવવા માંગતા નથી. કારણ કે તેઓ ગુસ્સે થવામાં, બીજાને દુઃખ પહોંચાડવામાં જ સુખ મેળવે છે.

એક નાનો શબ્દ છે- કૃતજ્ઞતા. આ માટે કોઈ સાધનાની જરૂર નથી, કોઈ તપની જરૂર નથી. કોઈની તરફેણમાં ફક્ત એક શબ્દ કહેવા માટે તે પૂરતું છે - આભાર. કૃતજ્ઞતા. પરંતુ તે શબ્દ કહેવા માટે પણ ઘણા પોતાને હઠીલા લાગે છે. કદાચ તેણે ક્યારેય વિચાર્યું પણ ન હતું કે તેને એક શબ્દ બોલવા માટે ન જાણે શું ખર્ચ કરવો પડતો હશે...

કહેવાયું છે- ‘વચને કિમ દરિદ્રતા’. જ્યારે કુદરતે આપણને જીભ આપી છે અને આપણે બોલવામાં કંઈ ખર્ચો કરવો પડતો નથી ત્યારે જીભના સદુપયોગમાં શા માટે આપણે ગરીબી એટલે કે કંજૂસાઈ બતાવવી જોઈએ. સારું બોલવાથી તમે ખુશીઓ વહેંચો છો અને ખુશીઓ મેળવો છો. પરંતુ જે (અનુસંધાન પેજ નં.6 પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.

# કાલથી શરૂ થશે ગિરનારની લીલી પરિક્રમા

## બે વર્ષ પછી આ વર્ષે ભાવિક ભક્ત લઇ શકશે પરિક્રમાનો લાભ

ગુજરાત | વંદન

દિવાળી પછી એટલે કે કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી ગિરનાર પર્વતને ફરતે કરવામાં આવતી પ્રદક્ષિણાને ગિરનારની પરિક્રમા કહેવામાં આવે છે. ચોમાસા પછી હરિયાળીથી ભરેલ ગિરનાર પર્વત ફરતે કરવામાં આવતી આ પરિક્રમાને દેશી ભાષામાં લીલી પરિક્રમા પણ કહેવામાં આવે છે.

જૂનાગઢમાં દરવર્ષે યોજાતી 'ગિરનારની લીલી પરિક્રમા'ને હવે શરૂ થવા જઈ રહી છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પરીપૂર્ણ કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, કોરોનાકાળના બે વર્ષ બાદ પૂરેપૂરી છૂટછાટ સાથે ગિરનારની પરિક્રમાનું આયોજન થવાનું છે. આમ તો જંગલમાં વનવિભાગ સહિત પોલીસ ફોર્સના જવાનો પણ ખડેપગે સુરક્ષા માટે તહેનાત હોય જ છે. તે સિવાય પરિક્રમા કરતા કોઈપણ વ્યક્તિને મેડિકલ ઈમર્જન્સીની જરૂર પડે તો જંગલમાં એમ્બ્યુલન્સની અને પ્રાથમિક સારવાર મળી રહે તેવી સુવિધા પણ કરવામાં આવી છે.

દર વર્ષે ગિરનાર ક્ષેત્રમાં યોજાતી લીલી પરિક્રમાનું ધાર્મિક મહત્વ ઘણું બધું છે. ભાવિકો હજારોની સંખ્યામાં ઠંડીની પણ પરવા કર્યા વિના લીલી પરિક્રમામાં આવે છે. લીલી પરિક્રમાનું જેટલું ધાર્મિક મહત્ત્વ છે, એટલું જ સામાજિક મહત્ત્વ પણ છે!

ગિરનારની લીલી પરિક્રમામાં જુદા જુદા ગામના લોકો જુદી જુદી કોમના અને પ્રાંતના લોકો ભેગા થયા હોય, જેના પરથી અનેક રીત-રિવાજ, ભાષા, પોશાક વગેરે જાણી શકાય છે. સૌ મળીને સાથે રહેતા શીખે છે, જે પ્રવાસનો આનંદ હોય છે.

ગિરનારની લીલી પરિક્રમા કારતક સુદ અગિયારસ થી પૂનમ સુધી ચાલે છે, જેમાં એકાદશીના દિવસે દામોદર કુંડમાં સ્નાન કરી, દામોદરજીના દર્શન કરી, ભવનાથ મહાદેવ દૂધેશ્વર મહાદેવના દર્શન કરી, ગિરનાર તળેટીમાં રાત્રિ પસાર કરે છે. અગિયારસની રાત્રીએ લીલી પરિક્રમાનો વિધિવત આરંભ થાય છે. બારસના દિવસે ભવનાથ તળેટીના દુધેશ્વરની જગ્યા રૂપાયતન ગેટ પાસેથી પરિક્રમાનો પ્રારંભ થાય છે. ભાવિકો ઉત્તર દિશામાં પહાડો વટાવતાં અંદાજે સાડા ત્રણ માઈલ દૂર હસનાપુર કે જીણાબાવાની મઢીએ રાત્રી રોકાણ કરે છે.

જે પછી કારતક સુદ તેરસના દિવસે આગળ વધીને માળવેલા કે જ્યાં સૂરજકુંડની જગ્યા છે, તેવા ગિરનારના ઉત્તર કિનારે પડાવ નાખીને ભાવિકો રાત્રી વિશ્રામ કરે છે. ચૌદશના દિવસે માળવેલાથી ઉપડી ગિરનારની



પૂર્વમાં થઈ દક્ષિણ બાજુ બોરદેવીમાં પડાવ નાખવાનો હોય છે. અહીં બોરડી નીચે માતાજી બિરાજમાન છે, જ્યાં બારેમાસ પાણી રહે છે. આ જગ્યા કુદરતી સૌંદર્યથી ભરપૂર હોવાને કારણે, ભાવિકો અહીં પ્રકૃતિનો મન ભરીને આનંદ માણે છે. પૂનમના દિવસે સવારે બોરદેવીથી નીકળીને ભાવિકો ભવનાથ તળેટીમાં પરત ફરે છે.

આમ ગિરનાર પર્વત ફરતે કુલ 36 કિલોમીટરનું અંતર કાપીને ભાવિકો ગિરનારની લીલી પરિક્રમા પૂર્ણ કરે છે. પરિક્રમાના રસ્તે અનેક ઉતારા મંડળો દ્વારા ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે, જ્યારે કેટલાક ભાવિકો ઘરેથી જ કાચી સામગ્રી લઈને આવે છે અને જંગલમાં ભોજન બનાવી, વન ભોજનનો આનંદ માણે છે.

# ગીર-સોમનાથઃ કાજલી માર્કેટીંગ યાર્ડ નવી મગફળીથી છલકાયું

## ચાલુ વર્ષે જિલ્લામાં 85 હજારથી વધુ હેક્ટરમાં મગફળીનું વાવેતર

ગુજરાત | વંદન



ચાલુ વર્ષે જિલ્લામાં 85 હજારથી વધુ હેક્ટરમાં મગફળીનું વાવેતર થયું હતું. અત્યારે માર્કેટમાં નવી મગફળીનું વેચાણ થય રહ્યું છે. વેરાવળના કાજલી ખાતે માર્કેટીંગ યાર્ડ કાર્યરત છે. અહીં દરરોજની 5000 થી 6000 જેટલી મગફળીની ગુણીની આવક થઈ રહી છે.

ચોમાસુ પૂર્ણ થતાં જ મગફળીની સીઝન પણ પૂર્ણ થવાને આરે છે. લગભગ જગ્યાએ હાલ મગફળી ઉતરી રહી છે. અને માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો મગફળી લઈને પહોંચી રહ્યાં છે. ગીર સોમનાથમાં પણ મગફળીનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થાય છે. કાજલી માર્કેટીંગ યાર્ડમાં અત્યારે મગફળી પ્રતિ મણ સરેરાશ ભાવ રૂપિયા 1150 થી 1400 સુધી વેચાય રહી છે. ઉલ્લેખનીય છે કે મગફળીની સીઝન 3 માસ સુધી ચાલે છે. ચોમાસાએ વિદાય લઈ લીધી છે. ત્યારે ખેડૂતો પણ ખેતી કાર્યમાં જોડાયા છે.

માર્કેટીંગ યાર્ડમાં મગફળીની 5000 થી 6000 બોરીની આવક છે. આ વર્ષે મગફળી ભાવ રૂપિયા 1150 થી 1400 સુધી વેચાય છે. અને ગયા વર્ષ કરતા આ વર્ષે મગફળીનો ભાવ સારો મળી રહ્યો છે. પણ એની સાથે સાથે વરસાદના કારણે મગફળીનું ઉત્પાદન ઘણું બધું ઓછું થયું છે. ગત વર્ષે 1100, સાડા અગિયારસો સુધી ભાવ હતો. એક સમયે 1200 સુધી પણ ભાવ પહોંચી ગયો હતો.

# સાપ્તાહિક રાશિફળ



પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ અઠવાડિયે, તમારા વ્યવસાયને વિસ્તૃત કરવા માટે, તમે કોઈપણ પ્રકારની લોન અથવા ઋણ લેવાની યોજના બનાવી શકો છો. જ્યારે તમે આ સમયે બેંક અથવા કોઈ અન્ય સંસ્થા પાસેથી પણ લોન મેળવી શકશો, પરંતુ પૈસા સંબંધિત વ્યવહાર કરતી વખતે તમારે શરૂઆતથી જ ઘણી કાળજી લેવી પડશે. આ અઠવાડિયે ઘરે મહેમાનોનું અચાનક આગમન પરિવારના વાતાવરણમાં સકારાત્મકતા લાવશે.

**વૃષભ** (બ.વ.ઉ)
આ અઠવાડિયામાં સમાજના ઘણા મોટા લોકો મળવાનું શક્ય છે. આવી સ્થિતિમાં, તમારે પણ આ તકનો યોગ્ય લાભ લઈને જાતે પ્રયાસ કરવો પડશે. કારણ કે આ બેઠક સમાજમાં તમારી સ્થિતિની સાથે પરિવારમાં તમને માન અને ગૌરવ અપાવશે.

**મિથુન** (ક.છ.ઘ)
આ અઠવાડિયે તમને ઘણા માધ્યમોથી લાભ થતો રહેશે. તેથી આ અઠવાડિયાની શરૂઆતમાં, તમને આર્થિક જીવનમાં સારી યોજના અને યોજના બનાવવાની સલાહ આપવામાં આવે છે. કારણ કે આ કરવાથી, તમે તમારા પૈસાને મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં બચાવી શકશો, તેમજ તે એકઠા કરી શકશો. અચાનક, આ અઠવાડિયે ઘરે મહેમાનો આવવાની અપેક્ષા છે.

**કર્ક** (ડ.હ)
આ અઠવાડિયે તમારું જ્ઞાન તમારી આસપાસના લોકોને અસર કરશે. ખાસ કરીને આ અઠવાડિયે, તમે તમારા સારા સ્વભાવને લીધે તમારા ઘરની નજીકના કોઈપણ વિજાતીય વ્યક્તિને પણ આકર્ષિત કરી શકશો. તમે ક્યાંક લાંબી ડ્રાઈવ પર ફરવા પણ જઈ શકો છો.

**સિંહ** (મ.ટ)
તમારા માટે તમારા નાના ખર્ચો આ અઠવાડિયે ફક્ત અને માત્ર સાચા બજેટથી ખર્ચ કરવો વધુ સારું રહેશે. કારણ કે ફક્ત આ દ્વારા, તમે તમારા નાણાંની હદ સુધી બચાવી શકશો. આ રાશિના લોકો પારિવારિક જીવનમાં ઘણા સારા પરિણામની અપેક્ષા રાખે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
આ અઠવાડિયે, તમારે તમારા બધા રોકાણો અને તેની સાથે સંબંધિત તમામ ભાવિ યોજનાઓને ગુપ્ત રાખવાની જરૂર રહેશે. નહિંતર, તમારી નજીકનું કોઈ પણ વ્યક્તિ આ યોજનાઓનો લાભ લઈ શકે છે અને તમને પૈસા આપી શકે છે.

**તુલા** (ર.ત)
આ અઠવાડિયે તમારા પરિવારમાં પરિવારના સભ્યોનું વિશેષ મહત્વ રહેશે. જેના કારણે તમે તેના જીવનના ઘણા મહત્વપૂર્ણ નિર્ણયોમાં જોશો, તેની સલાહ લેશો. ઉપરાંત તમારામાંથી કેટલાક જાટકા, ઘરેણાં અથવા ઘરની વસ્તુઓની ખરીદી પણ કરી શકે છે.

**વૃશ્ચિક** (ન.ય)
આ અઠવાડિયામાં તમે વધારે પૈસા કમાઈ શકો છો. જો કે, આ માટે તમારે યોગ્ય વ્યૂહરચના બનાવવી પડશે અને તે મુજબ કાર્ય કરવું પડશે. પારિવારિક વાતાવરણમાં પરેશાની રહેશે. પ્રેમ પ્રસંગો માટે આ સપ્તાહ ખાસ સારો રહેશે, પરંતુ તમારે પ્રેમિકાને નિરાશ ન કરવાની ખાસ કાળજી લેવી પડશે.


**ધન** (ભ.ધ.ફ)
આ અઠવાડિયામાં કોઈ વિશેષ અથવા નજીકના વ્યક્તિ સાથે મતભેદોને લીધે, તમને સમસ્યાઓ થઈ શકે છે. આ સમય દરમિયાન, તમે તેમની સાથે ખુલ્લેઆમ વાત કરવામાં અસમર્થતા અનુભવો છો. જેના કારણે તમારે તમારું માનસિક તણાવ બે-ચાર થી વધારવો પડશે.

**મકર** (ખ.જ)
આ અઠવાડિયે પરિવારમાં તમને તમારા ભાઈ-બહેનોનો સહયોગ મળશે નહીં. આ તમને ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં નોંધપાત્ર મુશ્કેલી ઊભી કરી શકે છે. આવી સ્થિતિમાં, તેમના માટે તમારા સંબંધને સુધારવા માટે સતત પ્રયત્નો કરતા રહેવું વધુ સારું રહેશે.

**કુંભ** (ગ.સ.શ.ષ)
આ અઠવાડિયામાં એકલ વતની માટે દરરોજ વિરોધી લિંગ વ્યક્તિ સાથે પ્રેમ કરવાની તેમની આદત બદલવા માટે સૌથી વધુ જરૂરી બનશે. ખાસ કરીને જો તમે હવે કોઈની સાથે વાસ્તવિક પ્રેમ સંબંધમાં જોડાવા માંગતા હો, તો તમારે તમારી બધી ખરાબ ટેવો બદલવી પડશે, જ્યારે તેની તૈયારી કરો.

**મીન** (દ.ચ.ઝ)
સામાજિક તહેવારોમાં તમારી ભાગીદારી તમને સમાજના ઘણા પ્રભાવશાળી લોકો સાથે સંપર્કમાં રહેવાની તક આપશે. આવી સ્થિતિમાં, આ બધી તકો તમારા હાથથી ન જવા દો, તેનો શ્રેષ્ઠ લાભ લેવાનો પ્રયાસ કરો. આ અઠવાડિયામાં તમને પ્રેમ સંબંધોમાં ઘણી સફળતા મળશે. તમારા વર્તનમાં પણ સકારાત્મકતા લાવશે, તે જોઈને કે તમારો પ્રેમી તમારી સાથે ખૂબ ખુશ અને સંતુષ્ટ દેખાશે.

# મોરારિબાપુએ મોરબી દુર્ઘટનાના મૃતકોને અર્પી શ્રધ્ધાંજલિ, ગઢડા ગોપીનાથજી- વીરપુરે વ્યક્ત કર્યો શોક



ગુજરાત | વંદન

મોરબીમાં આજે ઈતિહાસની બીજી સૌથી મોટી કરૂણ દુર્ઘટના બની છે. મોરબીમાં ઝુલતો પુલ તૂટવાથી ૭૧થી વધારે લોકો મૃત્યુ થયા હોવાની માહિતી મળી છે. આ અત્યંત કરુણ અને દુઃખદ ઘટનામાં જેમણે પોતાના પ્રાણ ગુમાવ્યા છે, તેમને માટે પૂજ્ય મોરારીબાપુએ રાજસ્થાનનાં નાથદ્વારામાં ચાલી રહેલ રામકથામાંથી શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને મૃતકોનો ચોક્કસ આંકડો નક્કી થયા બાદ પ્રત્યેક મૃતકના પરિજનોને રુપિયા પાંચ પાંચ હજારની સહાયતા રાશિ પણ અર્પણ કરવામાં આવશે.

### ગઢડા ગોપીનાથજી મંદિર દ્વારા મદદની કરી જાહેરાત

મોરબી ઝુલતો પુલ તૂટતા અનેક લોકોના મોત થતા ગઢડા ગોપીનાથજી મંદિર દ્વારા મદદની જાહેરાત કરવામાં આવી છે. ગઢડા ગોપીનાથજી મંદિરના ચેરમેન હરીજીવન સ્વામીએ જાહેરાત કરી છે. મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પરીવારોને સરકાર દ્વારા જે સહાય કરશે, જેમા ગઢડા ગોપીનાથજી મંદિર દ્વારા જે પ્રકારની મદદની જરૂર હશે તે મદદ કરવાની જાહેરાત કરાઈ છે. મોરબી દુર્ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકોને ગોપીનાથજી મંદિર દ્વારા શ્રધ્ધાંજલી અપાઈ છે.

## વરાછા બેઠક પર ચૂંટણી લડી શકે છે અલ્પેશ કથિરીયા

# પાટીદાર નેતા અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવિયા AAPમાં જોડાયા

ગુજરાત | વંદન

ભાવનગરના ગારીયાધાર તાલુકામાં રવિવારે આપની સભાનું આયોજન કરાયુ હતું. સભામાં અરવિંદ કેજરીવાલ અને પંજાબના સીએમ ભગવત માન પહોંચ્યા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની હાજરીમાં પાટીદાર નેતા અલ્પેશ કથિરીયા અને ધાર્મિક માલવિયા આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. અરવિંદ કેજરીવાલે અલ્પેશ કથિરીયાનું આમ આદમી પાર્ટીમાં સ્વાગત કર્યું હતું. અલ્પેશ કાથિરીયાને કેજરીવાલે ખેસ પહેરાવ્યો હતો. તે સિવાય ગારીયાધાર કોંગ્રેસના નગરપાલિકાના વિપક્ષ નેતા આપમા જોડાયા હતા.

આપમાં જોડાયા બાદ અલ્પેશે કહ્યું હતુ કે રાજનીતિના મંચ પર




જઈને કંઈક કરવાનો અમે નિર્ણય કર્યો છે. અલ્પેશ કથિરીયાએ પાટીદાર આંદોલનમાં શહીદ થયેલા 14 લોકોને યાદ કર્યા હતા. અલ્પેશે કહ્યું કે 14 મહિનાથી વધારે જેલવાસ ભોગવ્યો છે. અનેક કેસો થયા છે. પરિવર્તનની લહેરમાં ખભે ખભો મેળવી રાજનીતિમાં પ્રવેશ કર્યો છે. આવનારા દિવસોમાં ગરીબી, બેરોજગારી ઓછી થાય અને શિક્ષણ સારુ મળે તે દિશામાં આગળ વધી રહ્યા છીએ.

ઉલ્લેખનીય છે કે અલ્પેશ કથિરીયા વરાછા બેઠક પરથી તો ઓલપાડ બેઠક પરથી ધાર્મિક વિધાનસભાની ચૂંટણી લડી શકે છે.

# કંડલાથી પ્રતિબંધિત સિગારેટનો જથ્થો ગુજરાતમાં ઘુસાડવાનું ષડયંત્ર

■ કસ્ટમ વિભાગને મળી મોટી સફળતા

ગુજરાત | વંદન

કંડલા સેઝ કસ્ટમને કંડલા સ્પેશ્યલ ઈકોનૉમિક ઝૉન KASEZ માંથી પ્રતિબંધિત સિગારેટનો જથ્થો ઝડપી લેવામાં જબરી સાફળતા સાંપડી છે. પ્રતિબંધિત સિગારેટનો જથ્થો ગુજરાતમાં ઠલવાઇ તેવી કસ્ટમ વિભાગના અધિકારીઓને કાને વાત પડતાં તાત્કાલિક સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન મુન્દ્રા પોર્ટથી કંડલા સેઝોન તરફ આવતી વખતે કંડલા સેઝ કસ્ટમે કન્ટેનરમાંથી 8.76 કરોડની કિંમતનો સિગારેટનો જથ્થો ઝડપી લીધો હતો. બોક્સમાંથી 20 રૂપિયાની કિંમતની 20 હજાર સિગારેટ મળી આવી હતી.

બાતમીને આધારે કસ્ટમ વિભાગે કરી હતી કન્ટેનરની તપાસ કંડલામાંથી ઝડપાયેલ પ્રતિબંધિત સિગારેટ જથ્થોના સીઝ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. આ મામલે પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે લા સ્પિરિટ નામની કંપનીએ કન્ટેનર મંગાવ્યું હતું. ઈનપુટ પર કાર્યવાહી કરીને કસ્ટમ્સે કન્ટેનરની તપાસ કરી હતી. જેને લઈને સબંધિત વિભાગ દ્વારા 555 બ્રાન્ડની સિગારેટના 219 બોક્સ કબજે કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભૂલભૂલૈયા ગાર્ડન અને મિયાવાકી ફોરેસ્ટનું લોકાર્પણ કરતા મોદી

• ભૂલભૂલૈયામાં 1.80 લાખ છોડ લગાવ્યા બે એકરમાં આકાર લેતું મિયાવાકી ફોરેસ્ટ

ગુજરાત | વંદન

રાજપીપળા, વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કેવડિયામાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીના પરિસરમાં મેઝ (ભૂલભૂલૈયા) ગાર્ડન અને મિયાવાકી ફોરેસ્ટને પ્રવાસીઓ માટે ખૂલ્લા મૂક્યા હતા. તેમનીસાથેરાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ જોડાયા હતા.

માત્ર ૮ મહિનાના ટૂંકા ગાળામાં ભૂલભૂલૈયા ગાર્ડનનું નિર્માણ કરાયું છે. જે ૩ એકર વિસ્તારમાં ફેલાયેલો છે. મેઝ ગાર્ડન સમગ્ર દેશમાં સૌથી મોટો મેઝ ગાર્ડન છે. જે શ્રીયંત્રના આકારના યુનિક અભિગમ સાથે ડિઝાઈન કરાયો છે. આ ગાર્ડન બનાવવા ૧,૮૦,૦૦૦ છોડ લગાવ્યા છે. આ ઉપરાંત મિયાવાકી વનનું લોકાર્પણ કરાયું હતું. બે એકર વિસ્તારમાં આ જંગલ, વિકસાવવામાં આવી રહ્યું છે. જાપાનીઝ બોટાનિસ્ટ અકિરા મિયાવાકી દ્વારા મિયાવાકી વન બનાવાય છે. જે ટૂંકા ગાળામાં ગાઢ જંગલોનું નિર્માણ કરે છે.

# ડભોઈ અને શિનોર વચ્ચે રૂ. ૧૨૦ કરોડના ખર્ચે ફોરલેન રોડ બનશે

ગુજરાત | વંદન

ડભોઈથી રાજપીપળા તરફનો રોડ ટુ વે છે તેમજ આ રોડ પર ટ્રાફિક પણ વધી ગયો હોવાથી તેને ફોર લેન કરવો જરૂરી હતો. હવે વડોદરાથી રાજપીપળા જવા માટે ડભોઈ-સેગવા-રાજપીપળા માર્ગને ફોરલેન કરવાની મંજૂરી મળી ગઈ છે. આ ફોરલેન રોડના પ્રથમ તબક્કામાં ડભોઈથી સેગવા સુધીનો ફોરલેન રોડ રૂા. ૧૨૦ કરોડના ખર્ચે તૈયાર થશે.

આ રોડ પરથી પોઈચા, રાજપીપળા તરફ જતા વાહનો પણ વધી જતા ટ્રાફિકને સરળતા રહે તે માટે રોડને પહોળો કરવા માટે ઘણા સમયથી માંગણી હતી. જો કે હવે મંજૂરી મળી જતા ટૂંક સમયમાં રોડની કામગીરી શરૃ થવાની શક્યતા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ડભોઈ શિનોર ચોકડીથી સેગવા ચોકડી સુધીનો આશરે ૨૬ કિમી રોડ ફોર લેન થશે. આ રોડની પહોળાઈ નવ-નવ મીટર રહેશે તેમજ વચ્ચે ડિવાઈડર પણ પહોળું એટલેકે ૩.૫ મીટરનું રહેશે જેથી એક રોડ પર જ્યારે વાહનને ઓવરટેક કરવું હોય ત્યારે મુશ્કેલી ના રહે.


# કોમન સિવિલ કોડ માટે કમિટી રચવાનો રાજ્ય સરકારને અધિકાર નથી: વણઝારા

ગુજરાત | વંદન

રાજ્ય સરકાર દ્વારા શુક્રવારે મળેલી કેબિનેટની બેઠકમાં ગુજરાતમાં કોમન સિવિલ કોડ-સમાન નાગરિક ધારો લાગુ કરવા માટે એક કમિટીની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય ભારતના બંધારણ આર્ટિકલ-44 હેઠળ ગુજરાત સરકારને અધિકાર જ નથી તેમ રાજ્ય સરકારના જ નિવૃત અધિક સચિવ કે.જી.વણઝારાએ જણાવ્યું હતું. તેમણે લેખિતમાં એવું કહ્યું હતું કે, ગુજરાતમાં સમાન સિવિલ કોડ બનાવવા માટે ગુજરાત સરકાર કે ગુજરાત વિધાનસભાને સત્તાધિકાર નથી.

આ બાબતે કે.જી.વણઝારે કહ્યું હતું કે, હું સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટનો એડવોકેટ છું અને ખૂબ જ જવાબદારી સાથે લખ્યું છે. તેમના લેટર પેડમાં તેમણે સ્પષ્ટ લખ્યું છે કે, વિધાનસભાની ચૂંટણીની પૂર્વ સંધ્યાએ ગુજરાત સરકારની કેબિનેટે નિવૃત્ત ન્યાયધીશની અધ્યક્ષતામાં સમિતિનું ગઠન કરીને સમાન સિવિલ કોડ દાખલ કરવાની શકયતાઓ તપાસવાનો જે નિર્ણય કર્યો છે તે ગુજરાત સરકારની સત્તા બહારનો છે. તેમણે કાયદાને ટાંકતા કહ્યું હતું કે, બંધારણના આર્ટિકલ-44ના લખાણને વાંચીએ તો 'ભારતના સમગ્ર રાજયક્ષેત્રમાં નાગરિકો માટે એકસરખો દીવાની કાયદો થાય તેમ કરવા રાજય પ્રયત્ન કરશે. બંધારણની આ ભાષા જોતા સમગ્ર ભારતીય પ્રદેશમાં સમાન નાગરિક ધારો ઘડવા માટે ભારત સરકાર અને સંસદ જ સક્ષમ છે.

## શબ્દોની સંતાકૂકડી 34 — સાપ્તાહિક ગુજરાત વંદન



**ઊભી ચાવી**

(1) યુદ્ધ, સંગ્રામ [3]
(2) પટેલ, પાટીદાર વગેરે જાતિનો એક પ્રકાર [3]
(3) બાળકનું હુલામણું નામ [2]
(5) દીવા કે માંડવીની આસપાસ ફરતાં ફરતાં તાળીઓ પાડીને ગાવું તે [3]
(6) પોલીસ ચોરને પહેરાવે [4]
(8) સૈન્ય [3]
(11) રક્ષણ, સંભાળ [3]
(12) મેદ, પ્રાણીઓના માસમાં રહેલો તેલી પદાર્થ [3]
(13) શરીરમાં કોઈ અંગની ખામી [2]
(15) પકડવાનું એક ઓજાર [3]
(17) ક્રિકેટમાં બેટસમેન બનાવે [2]

**આડી ચાવી**

(1) લક્ષ્ય, 'ટાર્ગેટ' [3]
(3) પથ્થરની પાતળી અને નાની તખતી [2]
(4) એક ગીત - લાંબો -------- અને મૂછો વાંકડી, શિરે પાઘડી રાતી હું તો છેલ-છબીલો ગુજરાતી' [3]
(7) સમશેર; ખડગ [4]
(9) સંગાથ [2]
(10) એક ફળ [2]
(12) ખાદી કાંતવાનું સાધન [3]
(14) તાંત્રિક તંત્રવિદ્યામાટે રાખે છે તે [3]
(16) જલદી ડરી જાય તેવું [4]
(18) ડર, ભય [2]
(19) બતકને અંગ્રેજીમાં કહેવાય [2]

શબ્દોની સંતાકૂકડી-33નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ■ | 1 ના | 2 લિ | ■ | 3 શિ | 4 યા | ળો |
| 5 અ | ના | મિ | કા | ■ | ત્રિ | ■ |
| ક્ષ | ■ | ટ | ■ | 6 ફ | ક | 7 રો |
| 8 ર | ક્ત | ■ | 9 અં | તે | ■ | ટ |
| ધા | ■ | સો | ■ | 11 હ | 12 વે | લી |
| 13 મ | 14 ક | બ | રો | ■ | દ | ■ |
| ■ | 15 ના | ત | ■ | 16 અ | ના | મ |

શબ્દોની સંતાકૂકડી-34 નો ઉકેલ આવતા અંકે

## કોયડો નં. 36 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | | | 7 | | | | |
| 6 | | | 1 | 9 | 5 | | | |
| | 9 | 8 | | | | | 6 | |
| 8 | | | | 6 | | | | 3 |
| 4 | | | 8 | | 3 | | | 1 |
| 7 | | | | 2 | | | | 6 |
| | 6 | | | | | 2 | 8 | |
| | | | 4 | 1 | 9 | | | 5 |
| | | | | 8 | | | 7 | 8 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-36નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 4 | 6 | 7 | 8 | 9 | 1 | 2 |
| 6 | 7 | 2 | 1 | 9 | 5 | 3 | 4 | 8 |
| 1 | 9 | 8 | 3 | 4 | 2 | 5 | 6 | 7 |
| 8 | 5 | 9 | 7 | 6 | 1 | 4 | 2 | 3 |
| 4 | 2 | 6 | 8 | 5 | 3 | 7 | 9 | 1 |
| 7 | 1 | 3 | 9 | 2 | 4 | 8 | 5 | 6 |
| 9 | 6 | 1 | 5 | 3 | 7 | 2 | 8 | 4 |
| 2 | 8 | 7 | 4 | 1 | 9 | 6 | 3 | 5 |
| 3 | 4 | 5 | 2 | 8 | 6 | 1 | 7 | 9 |

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

પોતાની પહાડી અવાજ, દબંગ અભિવ્યક્તિ અને સશક્ત અભિનયથી લગભગ ચાર દાયકા સુધી સિને દર્શકોના દિલ પર રાજ કર્યું

# ‘ભારતીય સિનેમાના યુગપુરૂષ’ પૃથ્વીરાજ કપૂરનો આજે જન્મદિવસ

## વર્ષ 1944માં પોતાની થિયેટર કંપની પૃથ્વી થિયેટરની શરૂઆત કરી હતી

ગુજરાત | વંદન




હિન્દી ફિલ્મ અને થિયેટર અભિનયના ઈતિહાસના પુરુષ, જેમણે બોમ્બેમાં પૃથ્વી થિયેટરની સ્થાપના કરી. ‘ભારતીય સિનેમાના યુગપુરૂષ’ પૃથ્વીરાજ કપૂરને એક એવા અભિનેતા તરીકે યાદ કરવામાં આવે છે કે જેમણે તેમના મજબૂત અવાજ, દબંગ હાવભાવ અને જોરદાર અભિનયના બળ પર લગભગ ચાર દાયકા સુધી સિને પ્રેક્ષકોના દિલો પર રાજ કર્યું. આજે તેમનો જન્મદિવસ છે. 3જી નવેમ્બર, 1906ના રોજ અત્યારના પાકિસ્તાન સ્થિત પંજાબમાં તેમનો જન્મ થયો હતો.

પૃથ્વીરાજ કપૂરની ગણતરી હિન્દી સિનેમા અને ભારતીય રંગભૂમિના મુખ્ય સ્તંભોમાં થાય છે. પૃથ્વીરાજે મૂંગી ફિલ્મોમાં અભિનેતા તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેઓ ભારતીય જન નાટ્ય સંઘ (IPTA) ના સ્થાપક સભ્યોમાંના એક હોવાનું પણ ગૌરવ ધરાવે છે. પૃથ્વીરાજે 1944માં મુંબઈમાં પૃથ્વી થિયેટરની સ્થાપના કરી, જેણે દેશભરમાં નાટકો રજૂ કર્યા. આથી ભારતીય સિનેમા જગતમાં પણ કપૂર પરિવારની શરૂઆત થાય છે. 1972માં તેમના મૃત્યુ બાદ તેમને દાદા સાહેબ ફાળકે પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા. પૃથ્વીરાજ કપૂરને 1969માં ભારત સરકાર દ્વારા કલાના ક્ષેત્રમાં પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

પૃથ્વીરાજે લાયલપુર અને લાહોર (પાકિસ્તાન)માં રહીને પ્રારંભિક શિક્ષણ પૂર્ણ કર્યું. પૃથ્વીરાજના પિતા દીવાન બશેશ્વરનાથ કપૂર પોલીસ વિભાગમાં સબ ઈન્સ્પેક્ટર તરીકે કામ કરતા હતા. બાદમાં તેમના પિતાની પેશાવર બદલી થઈ ગઈ. પૃથ્વીરાજે આગળનો અભ્યાસ એડવર્ડ કોલેજ, પેશાવરમાંથી કર્યો હતો. તે જ સમયે, તેમણે એક વર્ષ માટે કાયદાનો અભ્યાસ કર્યો, પરંતુ તેમણે તેમનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દીધો, કારણ કે તે સમય સુધીમાં તેઓ થિયેટર તરફ ઝોક ધરાવતા હતા. પૃથ્વીરાજ કપૂરે માત્ર 18 વર્ષની ઉંમરે લગ્ન કરી લીધા અને વર્ષ 1928માં પૃથ્વીરાજ કપૂર પોતાની કાકીની આર્થિક મદદથી તેમના સપનાની નગરી મુંબઈ પહોંચ્યા.

પૃથ્વીરાજ કપૂર 1928માં મુંબઈમાં ઈમ્પિરિયલ ફિલ્મ કંપનીમાં જોડાયા હતા. વર્ષ 1930માં તેણે બીપી મિશ્રાની ફિલ્મ ‘સિનેમા ગર્લ’માં કામ કર્યું હતું. થોડા સમય પછી, તેણે એન્ડરસનની થિયેટર કંપની દ્વારા શેક્સપીયર નાટકમાં પણ અભિનય કર્યો. ફિલ્મ ઉદ્યોગમાં લગભગ બે વર્ષ સુધી સંઘર્ષ કર્યા પછી, પૃથ્વીરાજને વર્ષ 1931માં રિલીઝ થયેલી ફિલ્મ આલમ આરામાં સહાયક અભિનેતા તરીકે કામ કરવાની તક મળી. વર્ષ 1933 માં, પૃથ્વીરાજ કપૂર કોલકાતાના પ્રખ્યાત ન્યૂ થિયેટર સાથે જોડાયા. વર્ષ 1933માં રિલીઝ થયેલી ફિલ્મ ‘રાજ રાની’ અને વર્ષ 1934માં દેવકી બોઝની ‘સીતા’ની સફળતા બાદ, પૃથ્વીરાજ અભિનેતા તરીકે પોતાની ઓળખ બનાવવામાં સફળ થયા. આ પછી પૃથ્વીરાજે ન્યૂ થિયેટર દ્વારા નિર્મિત ઘણી ફિલ્મોમાં અભિનય કર્યો. આ ફિલ્મોમાં ‘મંજીલ’ 1936 અને ‘પ્રેસિડેન્ટ’ 1937 જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે.



વર્ષ 1937માં રિલીઝ થયેલી ફિલ્મ વિદ્યાપતિમાં પૃથ્વીરાજના અભિનયને દર્શકોએ ખૂબ વખાણ્યો હતો. વર્ષ 1938માં, પૃથ્વીરાજને ચંદુલાલ શાહની રણજીત મૂવીટોન માટે સાઈન કરવામાં આવ્યા હતા. રણજીત મૂવીના બેનર હેઠળ વર્ષ 1940માં રિલીઝ થયેલી ફિલ્મ ‘પાગલ’માં પૃથ્વીરાજ કપૂરે તેમની સિને કરિયરમાં પ્રથમ વખત એન્ટિ-હીરોની ભૂમિકા ભજવી હતી. આ પછી વર્ષ 1941માં સોહરાબ મોદીની ફિલ્મ સિકંદરની સફળતા બાદ પૃથ્વીરાજ સફળતાના શિખરે પહોંચ્યા. વર્ષ 1944 માં, પૃથ્વીરાજ કપૂરે પોતાની થિયેટર કંપની પૃથ્વી થિયેટર શરૂ કરી.

પૃથ્વીરાજ કપૂરની મુગલે આઝમ, હરિશ્ચંદ્ર તારામતી, સિકંદર આઝમ, આસમાન મહલ જેવી કેટલીક સફળ ફિલ્મો રિલીઝ થઈ. વર્ષ 1960 માં પ્રદર્શિત કે. આસિફની મુગલે આઝમમાં અભિનેતા દિલીપ કુમારની સામે પૃથ્વીરાજ કપૂરે પોતાના જોરદાર અભિનયથી દર્શકોનું ધ્યાન ખેંચવામાં સફળ રહ્યા હતા. પૃથ્વીરાજે વર્ષ 1965માં રિલીઝ થયેલી ફિલ્મ આસમાન મહલમાં તેમની સિને કારકિર્દીની બીજી એક અવિસ્મરણીય ભૂમિકા ભજવી હતી. આ પછી, 1968 માં આવેલી ફિલ્મ તીન બહુરાનિયામાં, પૃથ્વીરાજે પરિવારના વડાની ભૂમિકા ભજવી હતી, જે તેમની પુત્રવધૂને સત્યના માર્ગ પર ચાલવા માટે પ્રેરિત કરે છે. આ સાથે પૃથ્વીરાજ કપૂરે તેમના પુત્ર રણધીર કપૂરની ફિલ્મ કલ આજ ઔર કલમાં પણ યાદગાર ભૂમિકા ભજવી હતી. 1969માં, પૃથ્વીરાજ કપૂરે પંજાબી ફિલ્મ નાનક નામ જહાં હૈમાં પણ કામ કર્યું હતું. ફિલ્મની સફળતાએ લગભગ બેધ્યાન પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને નવું જીવન આપ્યું.

તેમની છેલ્લી ફિલ્મો રાજ કપૂરની ‘આવારા’ (1951), ‘કલ આજ ઔર કલ’ હતી, જેમાં કપૂર પરિવારની ત્રણ પેઢીઓ અભિનય કર્યો હતો અને ખ્વાજા અહેમદ અબ્બાસની ‘આસમાન મહલ’ પણ હતી. ફિલ્મોમાં અભિનયથી સંમોહિત અને રંગભૂમિને નવી દિશા આપનાર આ મહાન વ્યક્તિત્વે 29 મે, 1972ના રોજ આ દુનિયા છોડી દીધી. તેમને મરણોત્તર દાદાસાહેબ ફાળકે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

અનુસંધાન પેજ 1 પરથી...

### આજે ગુજરાતના...

વિધાનસભાની ચૂંટણીઓ યોજાતી આવી છે. પણ આ વખતની 2022ની ચૂંટણીઓને કાંઈક અલગ અંદાજથી જોવામાં આવી રહી છે. કેમ કે આ ચૂંટણીઓમાં પહેલીવાર એક એવી રાજકીય પાર્ટીએ પ્રવેશ કર્યો છે કે ખુદ વડાપ્રધાન મોદીને એ પાર્ટીનું નામ લીધા વગર આડે હાથે લઈને એ પાર્ટીની સામે લાલ આંખ બતાવવા ગુજરાતના મતદારોને અપીલ કરવી પડી છે. અને એ પાર્ટી એટલે દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી. ગુજરાતમાં આ વખતે ખરા અર્થમાં પ્રથમવાર ત્રિપાંખિયો રાજકીય જંગ ગુજરાતની ધરતી પર સમરાંગણની જેમ યોજાશે.

કેજરીવાલે ભાજપને “કંસ કી ઔલાદ” કહીને હું ભગવાન શ્રીકૃષ્ણ...એમનો નાશ કરવા આવ્યો છુ.. એવા તેમના ઉચ્ચારણો વડાપ્રધાન સહિત ભાજપના નેતાઓના દિલમાં ઘા બનીને ઉતરી ગયા છે. જો કે તે પછી ગુજરાતમાં કેજરીવાલ પર બ્લેકઆઉટ મૂકાઈ ગયો હોય તેમ તેમને અગાઉની જેમ હવે અખબારો-ચેનલોમાં ખૂબ ઓછી જગ્યા મળી રહી છે. કહેનારાઓ તો એમ પણ કહે છે કે આ વખતની વિધાનસભા ચૂંટણીઓ અનેક રીતે યાદગાર બની રહે તેમ છે.

કેજરીવાલની પાર્ટીએ 100 કરતાં વધુ ઉમેદવારો ટુકડે ટુકડે જાહેર કર્યા અને છેલ્લે જે યાદી બહાર પાડી તેમાં યુવરાજસિંહ જાડેજા અને મહિપતસિંહ ચૌહાણનો સમાવેશ કરાયો છે. કોંગ્રેસની પ્રથમ યાદી ચૂંટણીઓ જાહેર થાય બાદ બહાર પડે તેમ છે. ગુજરાતના પ્રદેશ નેતાઓના દિલ્હીમાં ધામા નાંખ્યા છે અને યાદીને ફાઈનલ કરાવવાની પ્રક્રિયા ચાલી રહી છે.

ભાજપ આ વખતે પણ પોતાના ઉમેદવારો જાહેર કરવાની ઉતાવળ લગભગ નહીં કરે. કેમ કે ભાજપની એવી પરંપરા રહી છે કે ઉમેદવારી પત્ર ભરવાની શરૂઆત થાય તે સમય ગાળામાં જ ઉમેદવારો જાહેર કરવામાં આવે છે. ભાજપના સુત્રોના જણાવ્યાં પ્રમાણે આ વખતે પણ નો રિપીટ થિયરી અપનાવવામાં આવશે. અને ગઈ વખતના 99માંથી 40 ટકાને ફરી ટિકિટ નહીં મળે એમ જણાય છે. ખાસ કરીને રૂપાણી સરકારના કોઈ મંત્રીને રીપિટ કરાય તેમ નથી, એમ રાજકીય સૂત્રોનું માનવુ છે એક રીતે જોતાં 99માંથી ઘણા ધારાસભ્યોના નામની આગળ પૂર્વ એમએલએ લખાઈ જાય તો નવાઈ નહીં.

આમ તો હાલમાં વિધાનસભામાં ભાજપના 111 ધારાસભ્યો છે, જેમાં 99 ઉપરાંતના કોંગ્રેસના આયાતી ધારાસભ્યો છે, આ વખતે નવી ટીમ...નવુ લોહી...ની સાથે ભાજપ નવી સરકાર રચવા માંગે છે. તેથી યુવા મતદારોને આકર્ષવાના પ્રયાસો થયા છે. ઉપરાંત આ વખતે ઉમેદવારોની પસંદગીમાં એક મુખ્ય ધારાધોરણ નક્કી કરાયો છે-જીતી શકે.. એવાને ટિકિટ મળી શકે.

સૂત્રોએ કહ્યું કે, દિવાળીની રજાઓમાં ભાજપ, કોંગ્રેસ, આપ પાર્ટી, ઔવેસીની પાર્ટી સહિત અન્ય નાના પક્ષોના કાર્યકરો ચૂંટણીના રણસંગ્રામમાં પોતપોતાના રાજકીય હથિયારો સાથે મેદાનમાં જોવા મળ્યા હતા. ભાજપ તરફથી સમગ્ર પ્રચારતંત્ર ખૂદ વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહે સંભાળ્યો હતો. કેન્દ્રીય મંત્રીઓનો કાફલો પણ પ્રચારમાં જોવા મળ્યો જેમાં મંત્રી પુરૂષોતમ રૂપાલા દ્વારા ગુજરાતમાં સમાન નાગરિક ધારાના અમલ માટે સમિતિની રચના કરવાની જાહેરાત કરીને હિન્દુ મતોના ધ્રુવીકરણનો પ્રયાસ કરાયો છે.

કોંગ્રેસ તરફથી પ્રચારની બાગડોર પ્રિયંકા ગાંધી સંભાળે તેમ છે પરંતુ તેઓ કે રાહુલ ગાંધી હજુ એક વાર પણ પ્રચારમાં આવ્યાં નથી. કોંગ્રેસ તરફથી પ્રચારતંત્ર સિનિયર નિરીક્ષક અને રાજસ્થાનના સીએમ ગેહલોત સંભાળી રહ્યાં છે..આપ પાર્ટી તરફથી ગુજરાતનો મોરચો ખૂદ સીએમ અરવિંદ કેજરીવાલ, પંજાબના સીએ ભગવંત માન, મનિષ સિસોદીયા, વગેરે સંભાળી રહ્યાં છે.

8 ડિસેમ્બરે પરિણામ જાહેર થાય તે પહેલા ભારે રાજકીય ધમાસાણ વચ્ચે આગામી મુખ્યમંત્રી કોણ હશે. તેની પણ ચર્ચાની સંભાવના છે. ભાજપમાં તો જો કે વર્તમાન મુખ્યમંત્રીને જ ભાવિ મુખ્યમંત્રી ગણાવ્યા છે. હવે આપ દ્વારા મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરાશે.

ભાજપ દ્વારા આ વખતે 182માંથી 150 કે 160નો લક્ષ્યાંક જાહેર કરાયો છે, કેજરીવાલની પાર્ટીએ 100 કરતા વધારે બેઠકોનો સર્વે સોશિયલ મીડિયામાં જાહેર કર્યો છે. તો કોંગ્રેસે પણ આ વખતે તો 125 બેઠકો સાથે અમારી જ સરકાર બની રહી હોવાના દાવા થઈ રહ્યાં છે.

. 8મીએ પરિણામ બાદ 10-12 ડિસેમ્બરની આસપાસ ગાંધીનગરના રાજભવનમાં કયા પક્ષની સરકારની શપથ વિધી યોજાશે તે મતદારોના હાથમાં છે.

### વધુ એક યુદ્ધના...

ગુપ્ત માહિતી શેરિંગની પુષ્ટિ કરનારા એક અધિકારીએ કહ્યું કે, હુમલો “48 કલાકની અંદર” થઈ શકે છે.

પેન્ટાગોનના પ્રેસ સેક્રેટર એર ફોર્સ બ્રિગેડિયર જનરલ પેટ રાયડરે મંગળવારે એક પ્રેસ બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, યુએસ “પ્રદેશમાં જોખમી પરિસ્થિતિ” વિશે “ચિંતિત” છે અને સાઉદી અધિકારીઓ સાથે “નિયમિત સંપર્કમાં” છે. રાયડરે કોઈપણ ચોક્કસ ધમકીઓ જાહેર કરવાનો ઈનકાર કરતા કહ્યું, “અમે આપણી જાતને બચાવવા અને બચાવવાનો અમારો અધિકાર અનામત રાખીશું, પછી ભલે અમારા દળો ઈરાકમાં અથવા અન્ય જગ્યાએ સેવા આપી રહ્યા હોય.”

નોંધનીય છે કે, ઈરાન સાઉદી અરેબિયાનું મુખ્ય ક્ષેત્રીય હરીફ છે. રિયાદે 2016માં તેહરાન સાથે સત્તાવાર રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા હતા. તે સમયે ઈરાની વિરોધીઓએ સાઉદી અરેબિયાના એક શિયા મૌલવીને ફાંસીની સજાના જવાબમાં તેહરાનમાં સાઉદી દૂતાવાસ પર હુમલો કર્યો હતો. ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ તાજેતરના વર્ષોમાં સાઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમીરાતમાં તેલ સુવિધાઓ પર પણ હુમલો કર્યો છે.

## મજૂરોને દર મહિને મળશે 5 હજાર રૂપિયા: કેજરીવાલ

ગુજરાત | વંદન

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું છે કે બાંધકામ પ્રવૃત્તિઓ બંધ થવાથી પ્રભાવિત મજૂરોને દર મહિને પાંચ હજાર રૂપિયાની મદદ આપવામાં આવશે. તેમણે એક ટ્વિટ દ્વારા આ માહિતી આપી હતી. ટ્વીટમાં તેમણે લખ્યું કે પ્રદૂષણને જોતા સમગ્ર દિલ્હીમાં બાંધકામ પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. શ્રમ પ્રધાન મનીષ સિસોદિયાને આ સમયગાળા દરમિયાન અસરગ્રસ્ત મજૂરોને દર મહિને 5000 રૂપિયાની નાણાકીય સહાય આપવાનો નિર્દેશ આપ્યો છે.

દિલ્હીના બગડતા વાતાવરણને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારની એર ક્વોલિટી કમિટીએ 30 ઓક્ટોબરે દિલ્હી-એનસીઆરમાં આવશ્યક પ્રોજેક્ટ્સ સિવાય બાંધકામ, તોડી પાડવા અને અન્ય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. ફેઝ્ડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) ના ત્રીજા તબક્કા હેઠળના નિયંત્રણો બાંધકામ, ડિમોલિશન અને ખાણકામ અને અન્ય પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂકશે, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષા, સંરક્ષણ, રેલવે અને મેટ્રો સહિત અન્ય આવશ્યક પ્રોજેક્ટ્સને મુક્તિ આપશે.

## કવિ અને કવિતા

### इन्तजार करो....

इन्तजार करो
कि अभी और कत्ल होने बाकी हैं
इन्तजार करो
कि अभी और
जलने हैं जिंदा जिस्म बेटियों के
इन्तजार करो
कि अभी और निकलने हैं
वहशी घरों से
इन्तजार करो
और तब तक इन्तजार करो
कि जब तक खत्म हो
जाए ये बहस, वो बहस
सत्ता और संसद की
इन्तजार करो
क्योंकि बहस अभी
जिन्दा है।

### कुछ बातें

घर के कोने में कुछ किताबें
कुछ कागज़ रखा करो
कभी कुछ पढ़ो
कभी कुछ लिखा भी करो।
ये स्याही नहीं
आवाजें हैं,
कभी अकेले में इन्हें सुना भी करो।
बिक जाती है बातें भी,
इस शहर में
कुछ बातें
अपनों के लिए
बचा कर रखा करो।
आसान बहुत है, चुप रहना,
सच बोलने का
कभी तो हौंसला रखा करो।
बेकार है समझाना सबको,
जिंदगी का मकसद
कि औरों को जीने दो
और खुद भी जी लिया करो।
सब तो उड़ सकते नहीं
आसमान में,
उड़ते बादलों को
जमीन से ही देखा करो।
शिकायतें बहुत हैं ,
बच्चों को हमसे
वादा था खुले मैदान का
अब कहते हैं
घर के अन्दर रहा करो

– रितु श्रीवास्तव

અનુસંધાન પેજ 4 પરથી...

### ફિલ્મી દુનિયાના બે...

જામી ગયો હતો. નેવુંના દાયકાના અંત સુધીમાં, એક સમય એવો આવ્યો જ્યારે તેની પાસે કામ નહોતું. તેમની પ્રોડક્શન કંપની એબીસીએલને ભારે મુકશાન પહોંચ્યું હતું. તેઓ ખૂબ જ દેવામાં ડૂબી ગયા હતા. એવું લાગતું હતું કે તેની કારકિર્દી સમાપ્ત થઈ ગઈ છે...!.

પરંતુ કુદરત કઈ રીતે ઉગારે છે અને તમારી હિંમત જોઈને તમને કઈ મદદ કરે છે તેના ઉદાહરણરૂપ અમિતાભના જીવનમાં એક સવાર એવી આવી કે એ સવાર હજુ સવાર જ ચાલે છે. એ સવારની હજુ સાંજ આવી નથી....!

એક સવારે તેઓ પ્રોડ્યુસર યશ ચોપરાના ઘરે કામ માંગવા ગયા.(રીપીટ..અમિતાભ એક પ્રોડ્યુસરના ઘરે કામ માંગવા ગયા....) યશ ચોપરાએ તેને તેના પુત્ર આદિત્ય ચોપરાની ફિલ્મ મોહબ્બતેં (2000) માં પાત્ર ભૂમિકા માટે સાઈન કર્યા. અને દિવસો બદલાયા.....કેમ કે તે પછી તેમને ટીવી શો કૌન બનેગા કરોડપતિ (કેબીસી) ની ઓફર થઈ. અને કેબીસી તેમાં ભાગ લેનાર સ્પર્ધકોના જીવને બદલી નાંખે તેમ એ ટીવી શો અમિતાભની કારકિર્દી માટે જીવાદોરી સમાન સાબિત થયો. તેની અણધારી સફળતા પછી અમિતાભે પાછું વળીને જોયું નથી...

ધર્મેન્દ્રની કારકિર્દી પણ એંસીના દાયકામાં લગભગ પૂરી થઈ ગઈ હતી. નેવુંના દાયકામાં તેણે બી અને સી ગ્રેડની કહેવાતી ફિલ્મોમાં અભિનય કર્યો હતો. તેણે ઘણી ટેલી માર્કેટિંગ જાહેરાતોમાં કામ કરવું પડ્યું, જે તેના જૂના ચાહકોન્ ન ગમ્યું. નવી સદીમાં, ધર્મેન્દ્રએ જોની ગદ્દાર (2007) અને લાઈફ ઈન અ મેટ્રો (2005)માં તેની અભિનય કૌશલ્ય દર્શાવી અને પોતાની પ્રોડક્શન કંપની દ્વારા અપને (2007) અને યમલા પગલા દીવાના (2011) જેવી હિટ ફિલ્મોમાં કામ પરથી ફિલ્મોમાં પાછા ફર્યા.

બોલિવૂડમાં આ “જય-વીરુ” જોડીએ નિઃશંકપણે બાકીના કલાકારો માટે લાંબો દોર દોર્યો છે. એવા ઉદ્યોગમાં જ્યાં વૃદ્ધ કલાકારો માટે સારી ભૂમિકાઓની અછત છે, અમિતાભ અને ધર્મેન્દ્રએ સાબિત કર્યું છે કે ઉંમર એ માત્ર એક માનસિક સ્થિતિ છે જેનો આત્માની ઉડાન સાથે કોઈ સંબંધ નથી. ઉંમર માત્ર એક આંકડો છે, એંસી વર્ષના અમિતાભ અને સીત્યાસી વર્ષની ઉંબરે ઉભેલા ધર્મેન્દ્રએ તેમની સક્રિયતાથી આ વાત સારી રીતે સાબિત કરી દીધી..

### વાણીનો ઉપયોગ...

લોકો કૃતજ્ઞતાનો એક શબ્દ પણ ઉચ્ચારી શકતા નથી, તેઓ આ સુખનો અનુભવ કેવી રીતે કરી શકે.,,

હકીકતમાં, આપણામાંના ઘણા લોકો પરિસ્થિતિઓ અને વસ્તુઓ પ્રત્યે નકારાત્મક વલણ ધરાવે છે. તેની આંખો થોડી વિપરીત દેખાય છે. એવું કહેવામાં આવ્યું છે કે કંઈપણ સંપૂર્ણપણે નકારાત્મક નથી. તેમાં હંમેશા કોઈને કોઈ સકારાત્મક તત્વ હોય છે. પરંતુ જે લોકોએ માત્ર નેગેટિવિટી જોવાની પ્રેક્ટિસ કરી છે તેઓ સકારાત્મકતા જરા પણ જોઈ શકતા નથી. દરેક વસ્તુમાં હંમેશા નેગેટિવ હોય છે. તમે જે કહો છો અને કરો છો, તેઓ તેનાથી વિપરીત જુએ છે અને અર્થઘટન કરે છે. આવા લોકોમાં કૃતજ્ઞતાની લાગણી ક્યાંક ગાયબ થઈ જાય છે.

આભાર જેવા શબ્દો બોલતી વખતે તેની જીભ દુઃખી થાય છે. તેઓ કોઈના વખાણ કરી શકતા નથી. વખાણ કરો તો પણ નકારાત્મક. આ રીતે, તમે માત્ર અન્ય લોકોમાં જ નહિ, તમારી અંદર પણ નકારાત્મકતા ફેલાવતા રહો છો.

જ્યારે આપણે કોઈ વ્યક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ, ત્યારે આપણે તે વ્યક્તિમાં માત્ર સકારાત્મક ઉર્જા જ નથી ફેલાવતા, પણ આપણી જાતને પણ ભરીએ છીએ. આપણા સ્વભાવમાં પ્રવાહિતા આવે છે. આપણે થોડી શ્રેષ્ઠતા અનુભવવા માંડીએ છીએ, થોડા વધુ ઉન્નત બનવાનો સંકલ્પ આપણી અંદર જાગે છે. આ રીતે આપણો સ્વભાવ શુદ્ધ બને છે.

દરેક પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી શકાય છે, અને હોવી જ જોઈએ. તમે બસ કે ટ્રેનમાં જઈ રહ્યા છો અને કોઈએ સરકીને તમારા માટે બેસવાની જગ્યા બનાવી છે, તમે કૃતજ્ઞતાથી ભરાઈ ગયા છો. દરરોજ આપણે ઘરે ખોરાક ખાઈએ છીએ, જેણે ખોરાક રાંધ્યો છે તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત

## ચૂંટણી પહેલા પોલીસ વિભાગમાં મોટા ફેરફાર, 27 PI અને 34 PSIની બદલી

ગુજરાત | વંદન

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી પહેલા બદલીઓનો દોર શરૂ થયા છે. આજે 27 પોલીસ ઈન્સ્પેક્ટર અને 34 પોલીસ સબ ઈન્સ્પેક્ટરની બદલી આદેશ છૂટ્યા છે. DGPના આદેશ બાદ તમામની બદલી કરાઈ છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, વિધાનસભા ચૂંટણીની સિઝન આવતા પહેલા ગુજરાતના પોલીસ વિભાગમાં બદલીની મોસમ જામી છે. ત્યારે એકી સાથે આજે 27 પોલીસ ઈન્સ્પેક્ટર અને 34 પોલીસ સબ ઈન્સ્પેક્ટરની બદલીના આદેશ આપવામાં આવતા પોલીસ બેડામાં ખળભળાટ મચ્યો છે. DGP આશિષ ભાટિયાએ આ બદલીના આદેશ આપ્યા છે.

અનુસંધાન પેજ 10 પરથી...

### ‘મેરા નામ...

વાત 1957ની આસપાસની છે. ફેમસ ફિલ્મમેકર શક્તિ સામંતા એક ફિલ્મ બનાવી રહ્યા હતા.

રંગૂનના એક વેપારીની વાર્તા, બર્માના એ જ શહેર જ્યાં હેલનનો જન્મ થયો હતો. અને વાર્તા પણ ગુનાખોરીની દુનિયાના રહસ્ય વિશે છે, જેમાં શાનદાર નૃત્ય અને ગીતો માટે સ્થાન છે. એટલે કે આમાં હેલનની આવડતને બહાર લાવવાનો પૂરો અવકાશ હતો. અને શક્તિ સામંતાએ તેનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો. જેમાં પ્રખ્યાત ગાયિકા અને અભિનેત્રી ગીતા દત્તના અવાજમાં એક ગીત રાખવામાં આવ્યું હતું, ‘મેરા નામ ચિન ચિન ચુ, ચિન ચિન ચુ બાબા ચિન ચિન છુ, રાત ચાંદની મેં ઔર તુ, હેલો મિસ્ટર હાઉ ડુ યુ ડુ’. તે વખતે રાતોરાત ખ્યાતિની ઊંચાઈને સ્પર્શી ગયેલા આ ગીત પર હેલનનો ડાન્સ ફિલ્માવવામાં આવ્યો હતો. ફિલ્મ શોલેમાં મહેબુબા..મહેબૂબા..બંજારન હેલેનનો કેબરે ડાન્સ કોઈ કઈ રીતે ભૂલી શકે..?

તે ‘હમ દિલ દે ચૂકે સનમ’ જેવી ફિલ્મોમાં સલમાનની માતાની ભૂમિકામાં પણ જોવા મળી છે. ફિલ્મી દુનિયામાં આવા ઉદાહરણો ભાગ્યે જ જોવા મળે છે. તેના પરિવાર સાથેના સંબંધો કેવા છે તેનું વધુ એક ઉદાહરણ ભૂતકાળમાં સામે આવ્યું છે.

કોમેડિયન કપિલ શર્માએ તેને તેના શોમાં કહ્યું હતું કે ‘મૅમ, આગલી વખતે તમે અને સલીમ સાહેબ બંનેને ફોન કરીને વાત કરશો’. તો હેલન કહેવા લાગી, ‘બંને કેમ? સાથે ફોન કરવો હોય તો ત્રણેયને બોલાવો. ત્રણેય મતલબ, સલીમ સાહેબ અને હેલનજી તેમજ સલમાનજી. આ તેમના વ્યક્તિત્વની વિશેષતા છે. અલબત્ત, આવી વિશેષતાઓ પણ એક કારણ છે, જેણે ક્યારેય હેલન જી તરફ આંગળી ઉઠાવવા દીધી નથી. ફિલ્મી દુનિયામાં ભડકાઉ ડાન્સ-ગીતો હોવા છતાં....

## વર્ષના છેલ્લાં ચંદ્ર ગ્રહણની આ રાશિઓ પર પડી શકે છે ખરાબ અસર

ગુજરાત | વંદન

વર્ષ 2022નું છેલ્લું સૂર્ય ગ્રહણ આપણે થોડા દિવસ પહેલા જ જોઈ લીધું છે. હવે વર્ષનો છેલ્લુ અને બીજું ચંદ્ર ગ્રહણ 8 નવેમ્બર 2022ના રોજ કાર્તિક પૂર્ણિમાના રોજ થવાનું છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આ ચંદ્ર ગ્રહમ કેટલીક રાશિઓ માટે ચિંતા લાવી શકે છે. જ્યોતિષ શાસ્ત્ર માને છે કે, 15 દિવસમાં બે ગ્રહણનું થવું અશુભ સંકેત દર્શાવે છે.

આ કારણે ઘણા લોકોના મનમાં ચિંતા વધી ગઈ છે. તો ચાલો આપણે વર્ષનું છેલ્લુ ચંદ્ર ગ્રહણ કંઈ રાશિઓ પર કેવી અસર કરશે તેના વિશે જાણીએ.

### આ રાશિઓ પર ચંદ્રગ્રહણની ખરાબ અસર પડશે

#### મેષ રાશિ

જ્યોતિશ શાસ્ત્ર પ્રમાણે વર્ષનું છેલ્લું ચંદ્ર ગ્રહણ મેષ રાશિ પર નકારાત્મક અસર કરી શકે છે. મેષ રાશિના જાતકોને ધનહાનિ અને સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. આ



સિવાય જો તમે ક્યાંક રોકાણ કરવાનું વિચારી રહ્યા છો તો આ સમય તમારા માટે બિલકુલ યોગ્ય નથી.

#### વૃષભ રાશિ

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર વૃષભ રાશિ પર આ ચંદ્ર ગ્રહણની મિશ્ર અસર પડી શકે છે. આ રાશિના જાતકોને એક બાજુ ધન લાભના સંકેત મળી રહ્યા છે તો બીજી બાજુ આ રાશિના બાળકોના શિક્ષણમાં નકારાત્મક અસર જોવા મળી શકે છે. આ રાશિના જે વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લીધો છે તેમને નિષ્ફળતાનો સામનો કરવો પડી શકે છે.

#### કન્યા રાશિ

કન્યા રાશિના જાતકો પર પણ આ ચંદ્ર ગ્રહણની મિશ્ર અસર પડી શકે છે. કન્યા રાશિના જાતકોને આ ચંદ્ર ગ્રહણ બાદ નોકરીમાં પ્રમોશન મળી શકે છે પરંતુ પરિવારના સભ્યો વચ્ચે મતભેદ થઈ શકે છે. કન્યા રાશિના લોકો આ સમય દરમિયાન નવું ઘર ખરીદી શકે છે.

#### મકર રાશિ

મકર રાશિના લોકો માટે આ ચંદ્ર ગ્રહણ શુભ સાબિત થવાનું છે. ચંદ્ર ગ્રહણની અસરથી મકર રાશિના જાતકોના માન-સન્માનમાં વધારો થઈ શકે છે. આ દરમિયાન તમે કોઈ નવું વાહન ખરીદી શકો છો. આ સિવાય તમને કાર્યસ્થળ પર નવી જવાબદારીઓ મળી શકે છે.

# લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન નવા વર્ષમાં ઈન્વેસ્ટરોને ડિવિડન્ડ અને બોનસ શેરની ભેટ ધરશે



ગુજરાત | વંદન

જાહેર ક્ષેત્રની જીવન વિમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન તેનાં પ્રવર્તમાન શેર હોલ્ડરોને નવા વર્ષની ભેટ તરીકે ઈક્વીટી ડિવિડન્ડ અને બોનસ શેરની લ્હાણી આપવાનો નિર્ણય કર્યો છે. મળતી માહિતી મુજબ 22 બિલિયન ડોલરની માતબર રકમ પોલીસી હોલ્ડર ફંડમાંથી ઉપાડી તેનો ઉપયોગ ઈન્વેસ્ટરોને ખુશ કરવા માટે ઉપયોગમાં લેવાશે. ઉલ્લેખનીય છે કે એલ.આઈ.સી.એ મે 2022માં ઈનીશીયલ આઈપીઓ મારફતે તેની ઈક્વીટી શેરોમાં સરકામાં રહેલું ઈન્વેસ્ટમેન્ટનું ડિસઈન્વેસ્ટમેન્ટ નિર્ણય લેવાયો હતો. તેના અનુસંધાનમાં આ મારફતે જાહેર જનતાને શેર ઓફર કરાયા હતાં. આ ઈક્વીટી શેર લીસ્ટેડ થયા પછી બીએસઈ અને એનએસઈ માં વેચવાલની દબાણ સતત રહેતાં તેનો ભાવ 35 ટકા જેટલો ઓફર પ્રાઈસની નીચે ઉતરી ગયો હતો. જેના પરિણામે ઈક્વીટી ડિવિડન્ડ અને બોનસ શેરની વેલ્થમાં 2.23 ટ્રિલીયન રૂપિયાનો ભારે ઘટાડો નોંધાયો હતો. આ પરિસ્થિતિથી તાજેતરમાં ઉચ્ચ ધોરણે સમીક્ષા કરાઈ હતી. તેનાં બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા બોનસ શેર તેમજ ડિવિડન્ડ પ્રવર્તમાન શેર હોલ્ડરોને ઓફર કરાયો હોવનું જાણવા મળે છે. આમ ઈક્વીટી ડિવિડન્ડ અને બોનસ શેરની એલ.આઈ.સી.તેનો ભાવ વધુ અટકાવી શકશે તેવી ગણતરી છે.

એક માહિતી મુજબ 1.8 ટ્રિલિયન રૂપિયા એટલે કે 12.57 ટ્રિલિયન ડોલરની રકમ તેનાં પાર્ટીસીપેશન ફંડમાંથી શેર હોલ્ડરમાં ખાતામાં ટ્રાન્સફર કરાશે. એલ.આઈ.સી. ના ઈકાવીટી શેરનો ભાવ લીસ્ટીંગ થયા પછી 949 બોલાયો હતો તે તાજેતરમાં ઘટતો રહી રૂ. 600 ની નીચી સપાટીએ ગગડી જવા પામ્યો છે. આમ, એલ.આઈ.સી. ના ઈન્વેસ્ટરને મુડી વૃદ્ધિનો લાભ ન મળ્યો અને પોતાની મુડીનું ઈન્વેસ્ટરોને નુકશાનમાં જતું રહ્યું તેવી પરિસ્થિતિ ઉભી થઈ. એટલે કંપનીએ બોનસ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

## બજારોનાં અંતરંગ

### ઋષિ સુનકની પત્ની અક્ષતા મૂર્તિને 64 કરોડનું ડિવિડન્ડ પ્રાપ્ત થશે

ઈન્ફોસીસ ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કંપનીએ બ્રીટનનાં ઋષિ સુનકની પત્ની અક્ષતા મૂર્તિ કે જે 38957096 ઈક્વીટી શેર ધરાવે છે, તેમણે કુલ 64.2792084 ની રકમ ડિવિડન્ડના સ્વરુપમાં પ્રાપ્ત થશે. ઈન્ફોસીસનાં ઈન્વેસ્ટર નાં બોર્ડ ઓફ ડાયરેક્ટરે ઈક્વીટી શેરનું ડિવિડન્ડ મેળવવાને પાત્ર શેર હોલ્ડરો માટે 28 ઓક્ટોબરની અંતિમ તારીખ નક્કી કરી છે. આ ડિવિડન્ડના પરિણામે ઈક્વીટી શેર મેળવનાર ઈન્વસેટરોને સારો ફાયદો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે કંપનીએ શેર દિઠ રૂ. 16.50 લેખે ઈક્વીટી નાણાંકીય વર્ષ 2022-23 માટે જાહેર કર્યું છે.

### પારલે-જી બિસ્કીટ કંપની ફોરેનની વિખ્યાત બિસ્કીટ કંપની ખરીદશે

ભારતમાં તેમજ વિદેશોમાં સારી ખ્યાતી ધરાવતી પારલે-જી બિસ્કીટ કંપની કે જે બિસ્કીટના વેચાણમાં પ્રથમ કક્ષાની કંપની છે. જેને 100 વર્ષ પુરા થયા છે. ઉત્પાદન ક્ષેત્રમાં કાર્યરત આકંપનીની બિસ્કીટ બ્રાન્ ખુબ લોકપ્રિય બની છે. આ કંપનીએ અત્યાર સુધી અન્ય કંપની હસ્તગત કરી ન હતી. પરંતુ તાજેતરમાં પોલેન્ડની બીજા ક્રમની બિસ્કીટ કંપની ડોક્ટર જીયાર્ડ નામની કંપનીની બ્રાન્ડને વેચાણથી લેવાનો નિર્ણય કર્યો છે. કંપનીને આ માટે ઉચ્ સ્તરે વાતાટાઘોટ કરી છે. પોલેન્ડની આ કંપનીને ખરીદી લેવાની ક્રિયા તબકકાવાર થઈ રહી છે.

### ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને ત્રિમાસિક સમયગાળામાં ખોટ કરી

જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટીંગ કંપની કે જેમાં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનને સમાવેશ થાય છે તે કંપનીએ ચાલુ વર્ષના ત્રિમાસિક સમયગાળામાં નુકશાન દર્શાવ્યુ છે. માહિતી મુજબ આ નુકશાન 272.35 કરોડની સપાટીએ પહોંચ્યુ છે. જ્યારે કંપનીએ જુલાઈ સપ્ટેમ્બર 2021ના વર્ષમાં 6360.05 કરોડનો નફો દર્શાવ્યો હતો. આ માહિતી કંપનીએ સ્ટોક એક્સચેન્જને પુરી પાડવાની માહિતીમાંથી જાણવા મળ્યું છે. તાજેતરમાં કંપની દ્વારા જાહેર કરેલા પરિણામમાં દર્શાવવામાં આવ્યું છે કે કંપનીએ 10800 કરોડના એલપીજી સરકારને પુરા પાડ્યા છે. આના કારણે કંપનીને ઉંચા ભાવે વિદેશથી આયાત કરવા પડતાં ફ્યુઅલ ઓઈલના ખર્ચા કારણભુત છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધીમાં પ્રથમ વખત એપ્રિલ-જુન 2021 ના વર્ષની તુલનામાં નુકશાન કર્યું છે. આ માટેના કારણમાં પેટ્રોલ, ડિઝલ અને કુકીંગ ગેસના રેટમાં તેની પડતર કિંમત કરતાં નીચા રહેવાથી તેના નફામાં અસર થઈ છે. કેન્દ્ર સરકાર દ્વારા 12 મી ઓક્ટોબર દ્વારા 22 હજાર કરોડ ફ્યુઅલ રીટેલર્સની સબસીડી પુરી પાડી છે. જેથી કંપની તેના નુકશાનને તેની સામે એડજસ્ટ કરી શકશે.

### કોટક બેંક 20 વર્ષમાં પ્રગતિ હાંસલ કરી, શેરનો ભાવ 500 ગણો વધ્યો

ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક કોટક મહેન્દ્ર બેંક 20 વર્ષથી સતત પ્રગતિ કરી રહી છે. 20 વર્ષના સમયગાળામાં તેના ઈક્વીટી શેરમાં 500 ગણો વધીને 25 મી ઓક્ટોબર 2022 ના રોજ એનએસઈ સ્ટોક એક્સચેન્જ ખાતે રૂ. 1175 ની નવી સપાટીએ પહોંચ્યા પછી છેલ્લે 1905 બોલાયો છે. તેના ઈક્વીટી શેરનો લાભ સારા પ્રમાણમાં લાભ થયો છે. કંપની સતત રીતે ડિવિડન્ડ ચુકવતી રહી છે. તેથી તેના ઈન્વેસ્ટરો ન્યાલ થઈ જવા પામ્યા છે. આ ઈક્વીટી શેરમાં જે ઈન્વેસ્ટરોએ શરૂઆતથી ઈક્વીટી શેરમાં રોકાણ કર્યું હતું તેમને અત્યાર સુધી 24564 રૂપિયાનો ફાયદો થયો છે. તાજેતરમાં કંપનીએ ઈક્વીટી શેર દીઠ 1 બોનસ શેર જાહેર કરતાં રૂ. 29068ની સપાટીએ રહેવા પામ્યો છે. ઈક્વીટી શેર બેંકની કંપનીમાં ઈક્વીટી શેરોમાં જેમણે 20 વર્ષ પૂર્વે 1 લાખનું રોકાણ કર્યુ હતું તેમને આ કંપનીને શેરનો ભાવ 60 ટકા જેટલો વધવા પામ્યો છે. 1175 બોલાયા બાદ 1905 ની સપાટીએ બોલાવા પામ્યો છે.



# નવા હિંદુ વર્ષમાં સોનાની માંગ માટે ફિઝીકલ, ડિજીટલ રીતે સારા સંજોગો

ગુજરાત | વંદન

અમેરિકન ડોલરની તુલનામાં ભારતીય રૂપિયો સતત નીચે સરકતાં ભારતની આયાતો ખૂબ મોંઘી થવા પામી છે. આ ઉપરાંત ભારતમાં ફુગાવાજન્ય પરિબળો વધુ વકરતા જાય છે. આ સંજોગોમાં સુદ્ઢ રોકાણ માટે સોના તરફ ઈન્વેસ્ટરો આકર્ષાઈ રહ્યા છે. આગામી બે-ત્રણ મહિનામાં લગ્નસરાની મોસમ શરુ થતાં સોનાની માંગ વધવાની પૂરી શક્યતા છે અને સોનામાં કરેલું રોકાણ એવરેજ પાંચ થી દસ ટકા જેટલું વળતર આપશે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે. સામાન્ય રીતે હવે સોનામાં રોકાણ કરનારા ઈન્વેસ્ટરો દ્વારા સોનાનું રોકાણ પોર્ટફોલિયાની મારફતે રોકાણ કરવાની પદ્ધતિ ચાલુ થઈ છે. આ પીળી ધાતુમાં એક્સપોઝરનું પ્રમાણ વધ્યું છે. કારણ કે લગ્નસરાની મોસમમાં કિંમતી અલંકારો બનાવવા માટે સોનાનો વિપુલ ઉપયોગ થાય છે અને સવિશેષ કરીને કૃષિ ક્ષેત્ર સાનુકૂળ સંજોગોમાં પસાર થયું હોવાથી ગ્રામ્ય વિસ્તારમાં સોનાની માંગ વધવાની શક્યતા પૂરેપુરી છે. આથી લગ્નસરાની મોસમમાં સોનાના ભાવો ઝડપથી વધશે તેવું નિષ્ણાતોનું માનવું છે. ગોલ્ડ ઈટીએફ ગોલ્ડ બુલિયનમાં રોકાણ કરે છે. જે ભૌતિક ધાતુઓમાં રોકાણ કરવા જેટલું સારું છે. મોટા ભાગે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરનારા ઈન્વેસ્ટરો તેમના નાણાં રોકડા કરી હવે ગોલ્ડ ઈટીએફ તરફ વળી રહ્યાં છે. ગોલ્ડ ઈટીએફ માં દરેક એકમને ખુબ જ ઉચ્ચ શુદ્ધતાનું ભૌતિક સોનુ મળી રહેવાની શક્યતા છે. ગોલ્ડ ઈટીએફ પણ સ્ટોક એક્સચેન્જમાં લીસ્ટેડ છે અને તેમાં ટ્રેડીંગ થાય છે અને તેથી વ્યક્તિ વેપાર દરમ્યાન સરળતાથી સોનાનું લેવ-વેચ કરી શકે છે. સોનું ખરીદનાર રોકાણકારો આથી ગોલ્ડ ઈટીએફ ને વધુ પસંદ કરી રહ્યા છે. માહિતી મુજબ રોકાણકારો હવે ગોલ્ડ ઈટીએફ માં રૂ. 45 થી ઓછી રકમનું રોકાણ કરી શકશે. આઈસીઆઈસીઆઈ પ્રોડેશન્યનલ ગોલ્ડ ઈટીએફ નાં એક યુનિટની કિંમત 20 ઓક્ટોબર 2022 માં વધુ આકર્ષક હતી તેથી રોકાણ કરનારા મોટી રકમ રોકાણ કરવા માટે તખ્તો બન્યા છે. રિડેમ્શન ઉપર રોકાણકારોને રોકડ રકમ સોનાના ભાવો જેટલી સમકક્ષ મળી શકે છે. અને જે લોકોને ભૌતિક સોનું જોઈતુ હોય તેને સોનું પણ મળી શકે છે. આથી વ્યક્તિ પોતાની જરુરિયાત મુજબ નાના બ્લોકમાં સોનામાં રોકાણ કરવા માટે વધુ પસંદગી કરી રહ્યા છે.

સોનામાં રોકાણ કરવાના મુખ્ય કારણોમાં એ છે કે તે આર્થિક રીતે સામાજિક વિપરિત સંજોગોમાં મહત્વનાં સાધન તરીકે ઉપયોગી બની શકે છે. આ ઉપરાંત ગોલ્ડ ઈટીએફમાં કરેલું રોકાણ 99.5 ટકા જેટલું શુદ્ધ સોનુ ખરીદવા માટેનું છે. ગોલ્ડ ઈટીએફ માંથી આવક ત્રણ વર્ષ સુધી સમય માટે રાખવામાં આવે તો લાંબા ગાળાનો મુડી લાભ ગણવામાં આવે છે.

એમ.સી.એક્સ. મલ્ટી કોમોડીટી એક્સચેન્જમાં સોનાના મોટા પાયે સોદા થઈ રહ્યા છે અને ગોલ્ડ ઈટીએફ દરેક યુનિટ ખરીદી શકાતો હોવાથી ઘણાં ઈન્વેસ્ટરો ગોલ્ડ ઈટીએફ મારફતે સોનામાં રોકાણ કરી રહ્યા છે.

# મારૂતિએ બીજા ત્રિમાસિકગાળામાં નફામાં ચાર ગણી વૃદ્ધિ હાંસલ કરી

ગુજરાત | વંદન



મારૂતિ સુઝુકી કંપનીએ ચાલુ વર્ષના બીજા નાણાંકીય વર્ષના ત્રિમાસિક સમયગાળામાં તેનો નફો ચાર ગણો જેટલો વૃદ્ધિથી રૂ. 2061.50 કરોડની સપાટીએ પહોંચ્યો છે. કંપની દ્વારા 517395 વ્હિકલનું આ સમયગાળામાં વેચાણ થવા પામ્યું છે. મારૂતિ સુઝુકી કંપનીનો નેટ નફો નાણાંકીય વર્ષ 2023 ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં જે ચાર ગણો વધ્યો છે તે રૂપિયા 2061.50 ની સપાટીએ પહોંચ્યો છે. તે માટે સપ્લાય ચેન મહત્વપુર્ણ પરિબળ ઉભુ થયું છે. નાણાંકીય વર્ષ 2022 ના બીજા સમયગાળાનાં ત્રિમાસિક સમયમા તેનો નફો 475.30 કરોડ રૂપિયા હતો. કંપનીનો સ્ટોક વધીને 5.60 ટકાની સપાટીએ પહોચ્યો છે, જે બાવન અઠવાડિયામાં સૌથી ઉંચો છે. દેશના આંતરિક બજારોમાં 454200 યુનિટ વ્હિકલનું વેચાણ કર્યું છે. જ્યારે નિકાસ ક્ષેત્રે 63195 યુનિટ વ્હિકલ વેચ્યા છે.

કંપની પાસે તેના ગ્રાહકોના પેન્ડીંગ ઓર્ડરોની સપાટી 412000ની સપાટીએ છે. ખાસ કરીને તેનું મોડલ ગ્રાન્ડ વિટારા નાણાંકીય વર્ષ 2023 ના સમયગાળામાં સૌથી વધુ વેચાણ પ્રાપ્ત કર્યું છે અને તેનું વેચાણમાં હિસ્સો 28543.50કરોડ થવા પામ્યો છે. જે આગલા વર્ષના સમયગાળામાં 19297.80 કરોડ હતો.

કંપનીના વેચાણ અને નફામાં વૃદ્ધિ થવાથી તેની વિસ્તરણ યોજનાને અગ્રીમ ધોરણે હાથ ધરવાનું નિર્ણય કરી રહી છે. વેચાણમાં વૃદ્ધિ આણવા માટે સઘનપણે વર્તમાન પત્રો અને ટીવીમાં જાહેરાતો આકવાનું શરુ કર્યુ છે.

# JSW એનર્જીનો કોન્સોલીડેટેડ નફો 36% વધી ₹456.57 કરોડની સપાટીએ પહોંચ્યો

ગુજરાત | વંદન

જેએસડબલ્યુ એનર્જી એ ચાલુ વર્ષના ત્રિમાસિક સમયગાળામાં વ્યાજ ઘસારો અને અન્ય ખર્ચા પુર્વેનો નફો 1098 કરોડ પ્રાપ્ત કર્યો છે. જે આગલા વર્ષના સમયગાળામાં 1080 કરોડ હતો. સજ્જન જીંદાલની આ જેએસડબલ્યુ એનર્જી કંપનીએ 35.63 ટકા નફો હાંસલ કર્યો છે. જે 456.57 કરોડ ચાલુ વર્ષના ત્રિમાસિક સમયગાળામાં 30 સપ્ટેમ્બર સુધીનો છે. કંપનીએ ગયા વર્ષના આ સમયગાળામાં 336.62 કરોડનો ગ્રોસ નફો દર્શાવ્યો હતો. કંપનીની કુલ આવક 16 ટકા વધીને 2596.27 કરોડ થવા પામી છે. જે આગલા વર્ષના આ સમયગાળામાં 2237.36 કરોડ હતી. કંપનીની આ નફા ક્ષમતાની વૃદ્ધિ માટે ફ્યુઅલ કોસ્ટમાં વધારો કારણભુત છે તેમ કંપનીએ દર્શાવ્યું છે.

## શેર બજાર લાલ નિશાનમાં બંધ

# સેન્સેક્સ 215 પોઈન્ટ ઘટીને 60906 પર બંધ, નિફ્ટી 18000ની ઉપર બંધ

ગુજરાત | વંદન



ચાર દિવસની તેજી બાદ આજે ભારતીય શેરબજારમાં લાલ નિશાનમાં બંધ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સ 215 પોઈન્ટના ઘટાડા સાથે અને નિફ્ટી 62 પોઈન્ટના ઘટાડા સાથે બંધ થયા છે. યુએસ ફેડરલ રિઝર્વની આજે મળનારી બેઠકને કારણે બજારો થોડી ગતિ મેળવી શક્યા ન હતા અને ઘટાડાનાં રેન્જમાં સરકી ગયા હતા.

બીએસઈનો 30 શેરો વાળા પ્રમુખ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે 215.26 પોઈન્ટ અથવા 0.36 ટકાના ઘટાડા સાથે 60906.09 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે બીજી તરફ એનએસઈના 50 શેરો વાળા ઈન્ડેક્સ નિફ્ટી 62.55 પોઈન્ટ અથવા 0.34 ટકાની નબળાઈ સાથે 18082.85 ના સ્તર પર બંધ થયા છે.

સેન્સેક્સના 30માંથી માત્ર 9 શેરો ઉછળીને બંધ થયા હતા જ્યારે 21 શેરો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટીના 50 સ્ટૉકમાંથી 15 શૅર વધ્યા હતા અને 35 શૅરો ઘટાડા સાથે બંધ થયા હતા.

સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો આજે ફાઈનાન્શિયલ સર્વિસિસ, મીડિયા, મેટલ, ફાર્મા, હેલ્થકેર ઈન્ડેક્સ, ઓઈલ અને ગેસ સેક્ટર લાભ સાથે બંધ થયા છે. બેન્ક નિફ્ટી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, રિયલ્ટી, આઈટી સાથે ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સમાં ઘટાડો થયો છે.

# ટાટા પાવર્સના કોન્સોલીડેટેડ નફામાં 85%ની વૃદ્ધિ બાદ નેટ નફો ₹935 કરોડની સપાટીએ

ગુજરાત | વંદન

ટાટા પાવર્સ કંપનીએ રીન્યુએબલ એનર્જીના ક્ષેત્રે તેની ક્ષમતા 5660 મેગા વોટની ઈન્સ્ટોલ કરી છે. કંપનીએ 85 ટકાનો કોન્સોલીડેટેડ નફો પ્રાપ્ત કર્યો છે તે માટે તેનું કંપનીની અસરકારક કામગીરી કારણભુત છે. ગયા વર્ષના સમયગાળામાં કંપનીએ 506 કરોડનો નેટ નફો કર્યો હતો. ચાલુ વર્ષના ત્રિમાસિક સમયગાળામાં કંપનીની આવક 49 ટકા જેટલી વધીને 14163 કરોડની સપાટીએ પહોંચી છે, જે ગયા વર્ષના સમયગાળામાં 5502 કરોડ હતી.

કંપનીને પાવર જનરેશન, ટ્રાન્સમીશન, ડિસ્ટ્રીબ્યુશન અને ઓરિસ્સામાં રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રે જે કામગીરી હાથ ધરી છે તેને પરિણામે નફામાં વૃદ્ધિ થવા પામી છે. એમ કંપનીનાં સીઈઓ અને ચેરમેન શ્રી પરવીર સિંહાએ દર્શાવ્યું હતું. કંપની તેની આવકમાં પ્રાપ્ત કરેલ વૃદ્ધિ માટે તેના મુંદ્રા ખાતેના પાવર પ્લાન્ટના ડિસ્ટ્રીસ્બુનસની ક્ષમતા અને રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે કરેલી પ્રગતિ કારણભુત છે. કંપની ક્લીન એનર્જીના ક્ષેત્રે વધુ સઘન પ્રયાસો હાથ ધરી નવી પ્રોડક્ટો બનાવવા હાથ ધરી રહી છે. તેને લીધે 12 મિલિયન કન્ઝ્યુમર્સ રૂરલ અને અર્બન એરીયામાંથી પ્રાપ્ત કરશે તેમ દર્શાવ્યું હતું. ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક સમયગાળામાં કંપની 2000 કરોડની રકમ પ્રાપ્ત કરી છે. જ્યારે તેના ગ્રુપની કંપનીએ ટોટલ 4000 કરોડની રકમ પ્રાપ્ત કરી છે. જેમાં બ્લેક રોક રીયલ એસ્ટેટ નામની કંપનીનો સમાવેશ થાય છે. રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રે કંપનીએ 5660 મેગા વોટની ક્ષમતા હાંસલ કરી છે અને 3870 મેગા વોટ અને 1790 મેગા વોટની ક્ષમતા સ્થાપવાની ક્રિયા હાથ ધરાઈ રહી છે. કંપનીએ સોલર રૂફ ટોપના ક્ષેત્રે તેનું બુકીંગ 1434 કરોડની સપાટીએ હાંસલ કર્યુ છે.

# અમેરિકન ફેડ દ્વારા વ્યાજના દરોમાં વધારાથી ભારતીય બેંકોને ફિક્સ ડિપોઝીટ ઉપરનાં વ્યાજના દરો વધારવાની ફરજ પડી

ગુજરાત | વંદન



ભારતીય અર્થતંત્રમાં અમેરિકન ફેડ દ્વારા વ્યાજના દરોમાં કરાતા વધારાથી તેની માઠી અસર ભારતના અર્થતંત્ર ઉપર પડી છે અને બેંકીંગ ક્ષેત્રેમાંથી મોટા પાયે ડિપોઝીટો કેશ થવા પામી હતી. આ સંજોગોમાં બેંકીંગ ક્ષેત્રેની ફિક્સ ડિપોઝીટો ઘટતી અટકાવવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રેપોરેટમાં જે વધારો કર્યો તેનાં પરિણામે હવે જાહેર ક્ષેત્રની બેંકો દ્વારા ફિક્સ્ ડિપોઝીટ ઉપરનાં વ્યાજનાં દરમાં વધારો કરવાનું વલણ અપનાવું પડ્યું છે. મળતા નિર્દેશો મુજબ ડિસેમ્બર મહિનામાં નાણઆંકીય ક્ષેત્રે ભારે મંદીની અસરો ઉભી થાય તેવી શક્યતા છે. આ સંજોગોમાં બેંકોને સરળતાથી નાણું ઉપલબ્ધ થાય તે માટે વ્યાજના દરો વધારવા અનિવાર્ય બન્યા છે. આ ઉપરાંત લોકોનું મુડી રોકાણ બેંકોમાંથી કેશ થઈ કિંમતી ધાતુઓ - સોનું, ચાંદી તરફ રોકાણ માટે પરિવર્તન પામી રહી છે. આબધાં સંજોગો ઉપર કેન્દ્રનું નાણું ખાતું ચિંતાની નજરે જોઈ રહ્યું છે. તેથી રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાને વ્યાજના દરો વધારવા માટે દરખાસ્ત કરી હોવાનું જાણવા મળે છે.

# ડો. રેડીઝનો ત્રિમાસિક નફો 1113 કરોડની સપાટીએ પહોંચ્યો, 12 ટકાની વૃદ્ધિ થઈ

ગુજરાત | વંદન

ડો. રેડીઝ લેબોરેટરી કે જે દક્ષિણ ભારતની અગ્રગણ્ય કંપની છે. તે જેનેરીક રેવ લિમિડ કેપ્સુલ લોંચ કરી છે. શુક્રવારે કંપનીના પરિણામો જાહેર થયા તેમાં ત્રિમાસિક સમયગાળામાં તેના કરવેરા પછીનો નફો 1113 કરોડની સપાટીએ પહોંચ્યો છે. જે આગલા વર્ષના નાણાંકીય વર્ષના ત્રિમાસિક સમયગાળામાં 992 કરોડ હતો. કંપનીએ તેની પ્રોડક્ટ લીસ્ટમાં ઉમેરો કરતાં નવી પ્રોડક્ટથી તેની કોસ્ટમાં ઘટાડો થવા પામ્યો છે.

કંપનીની આવક 9 ટકા જેટલીવધીને 6306 કરોડની સપાટીએ પહોંચી છે, જે આગલા વર્ષના સમયગાળામાં 57.63 કરોડ હતી. કંપનીની આવકને અને નફાને મોટો ફાયદો કરવામાં નોર્થ અમેરિકામાંથી પ્રાપ્ત થયેલ સારા પ્રતિસાદથી તેનો વિકાસ ઝડપી થયો છે. કંપનીનાં એમ.ડી. અને ચેરમેન જીવી પ્રસાદના જણાવ્યા મુજબ કંપનીની નાણાંકીય પરિસ્થિતિ ખુબ સુદ્દઢ છે અને આજે નવી પ્રોડ્ક્ટ મુકવામાં આવી છે તેનો યુએસ માર્કેટમાં સારો પ્રતિસાદ છે.

ગ્લોબલ રેવન્યુમાં જેનેરિકની આવક 55.9 બિલિયન રૂપિયાની સપાટીએ પહોંચ્યું છે, જે 18 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. કંપનીની આવકમાં સવિશેષ કરીને નોર્થ અમેરિકામાં રૂ. 28 મિલિયનની આવકનો ફાળો છે. યુરોપમાં તેની રેવન્યુ 4.2 બિલિયન રૂપિયા જેટલી વધવા પામી છે. જે આગલા વર્ષના સમયગાળામાં 2.2 ટકા હતી. ભારતમાંથી આ પ્રોડક્ટને 11.5 મિલિયન રૂપિયાનો ફાયદો તેની આવકમાં પ્રાપ્ત થયો છે.

## પગલું — ડાબર ભારતમાં 25000 કરોડથી વધુ મુલ્યના બ્રાન્ડેડ મસાલા સાથે પ્રવેશશે

# આયુર્વેદિક દવાના ક્ષેત્રે સારી વિખ્યાત બ્રાન્ડ ધરાવતું ડાબર ગ્રુપ હવે મસાલાનાં વેપારમાં દાખલ થવા સક્રિય

ગુજરાત | વંદન

આયુર્વેદિક દવાના ક્ષેત્રે સારી વિખ્યાત બ્રાન્ડ ધરાવતું ડાબર ગ્રુપ હવે મસાલાનાં વેપારમાં દાખલ થવા માટે સક્રિય રીતે વિચારી રહ્યું છે. ડાબર ગ્રુપના મેનેજમેન્ટે 527.52 કરોડની કિંમતથી પાંચ વર્ષ માટે બાદશાહ મસાલા કંપનીનું ઈન્વેસ્ટમેન્ટ ખરીદી લીધું છે. આ કરાર ઉપર તાજેતરમાં સહી-સિક્કા થયા છે. સ્ટોક એક્સચેન્જમાં ફાઈલીંગ કરાયેલા ડોક્યુમેન્ટ મુજબ ડાબર ઈન્ડિયાએ બાદશાહ મસાલા કંપનીનો 51 ટકાનો હિસ્સો હસ્તગત કર્યો છે. અને આગામી પાંચ વર્ષમાં બાકીનો 49 ટકા હિસ્સો ખરીદવા સમજુતી કરી છે. ડાબરનાં મેનેજમેન્ટ મુજબ આ એન્ટરપ્રાઈસની વેલ્યુ (બાદશાહ મસાલા) ની કિંમત 1152 કરોડ આકંવામાં આવી છે. ડાબર ત્રણ વર્ષમાં તેના ફુડ બિઝનેસમાં 500 કરોડનો વધારો કરશે અને નવી કેટેગરીની પ્રોડક્ટો માર્કેટમાં મુકશે. આ એક્વીઝીશનથી ડાબર ભારતમાં 25000 કરોડથી વધુ મુલ્યના બ્રાન્ડેડ મસાલા સાથે પ્રવેશી રહી છે. ડાબરના ડિરેક્ટર નારંગે જણાવ્યું હતું કે આ ટ્રાન્સેક્શન ચાલુ વર્ષના અંત સમયમાં પુરઅમ થવાની શક્યતા છે. સપ્ટેમ્બરમાં પુર્ણ થયેલ ત્રિમાસિક સમયગાળામાં 4.9 અબજ રુપિયાનો ચોખ્ખો નફો જાહેર કર્યો હતો અને રૂ. 2.50 લેખે વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું હતું. બાદશાહ મસાલાનાં મેનેજિંગ ડિરેક્ટર હેમંત ઝવેરીએ એવું દર્શાવ્યું હતું કે ડાબર સાથે પાર્ટનરશીપ કરીને ખુશ થયા છે. બાદશાહના ભાવિ વિકાસને મજબુત માર્ગ પ્રાપ્ત થયો છે. અને અમારો પણ ઉત્પાદનમાં ઉમેરો થવાથી ભવિષ્ય સકારાત્મક છે. બાદશાહ મસાલા આ ધંધામાં 1958 થી સક્રિય છે. તેના મુળ સ્થાપક જવાહરલાલ જમાદાર ઝવેરી સાયકલ ઉપર ગરમ મસાલા અને ચાનો મસાલો વેચવાનું કાર્ય કરતાં હતાં. ગુજરાતમાં ઉમરગામ નજીક 6000 ચો.ફુટ ની ફેક્ટરી અપગ્રેડ કરવામાં લાંબો સમય લાગ્યો નહતો. કંપનીએ પછી ભાજીપાઉં, ચણા મસાલા, ચાટ મસાલા બનાવી વેચવાનું ચાલુ કર્યું.

બાદશાહ મસાલા દ્વારા તેની પ્રોડક્ટો વિશ્વનાં 20 દેશોમાં નિકાસ કરવામાં આવે છે. કંપનીનો કુલ વેચાણમાં 70 ટકાનો નિકાસનો હિસ્સો છે. આ બ્રાન્ડ માટે તેની પાસે 450 ડિસ્ટ્રીબ્યુટરોનું નેટવર્ક છે. તેની પ્રોડક્ટો સુપર માર્કેટ, કરિયાણાના વેપારીઓ તેમજ આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્થાન ધરાવે છે.

# આર્સેલર મિત્તલ બુલેટ ટ્રેનના પ્રોજેક્ટ માટે પ્લાન્ટમાં સ્ટીલનું ઉત્પાદન કરશે

ગુજરાત | વંદન

આર્સેલર મિત્તલ ગ્રુપની આ કંપનીએ હજીરા ખાતેના પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતાના વિસ્તરણથી સ્ટીલના ઉત્પાદન ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવા માટે પ્રયાસ હાથ ધર્યા છે. કંપનીનાં ચેરમેન આદિત્ય મિત્તલના દર્શાવ્યા મુજબ કંપનીએ રૂ. 60000 કરોડની વિકાસ યોજના હાથ ધરવાનો નિર્ણય કર્યો છે. આ વિકાસ યોજનાથી કંપનીના પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા 9 મિલિયન ટનથી વધીને 15 મિલિયન ટનની સપાટીએ પહોંચશે. કંપની દ્વારા બુલેટ ટ્રેન માટેનું સ્પેશિયલ સ્ટીલ ઉત્પાદન તેમજ ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્રે સ્ટીલ પ્રોડક્ટની ઓફર કરવાની મહત્વની કામગીરી કરી રહી છે. બુલેટ ટ્રેન કે જેનું અમદાવાદ ખાતે 2017માં સ્થાપના વિધિ કરવામાં આવી હતી તે ટ્રેન 50 કિ.મી.ની સ્પીડથી સુરત અને બિલિમોરા સુધી 2026ના વર્ષમાં કાર્યરત બનશે. અત્રે ઉલ્લેખનયી છે કે કંપીના સીઈઓ તેનીપેરેન્ટલ કંપની આર્સેલર મિત્તલમાં 60 ટકાનું ઈક્વીટી હોલ્ડીંગ ધરાવે છે. કંપની 2019 ના વર્ષમાં આર્સેલર મિત્તલ જાપાનની નિપોન સ્ટીલ કંપનીનું હસ્તાંતર કર્યું હતું. તેનો પ્લાન્ટ અગાઉ એસ્સાર સ્ટીલ, હજીરા ખાતે ધરાવતી હતી અને ત્યાર પછી આ કંપનીનું નામ આર્સેનલ નિપોન સ્ટીલ ઈન્ડીયા કરવામાં આવ્યું છે. આ કંપનીની વિસ્તરણ યોજના માટે પર્યાવરણ ખાતા તરફથી મંજુરી મેળવવામાં આવી રહી છે.

સાપ્તાહિક
ગુજરાત વંદન
gujaratvandan.com



# ઠંડીમાં આ રીતે રાખો નાના બાળકોની કાળજી

શિયાળાની ઠંડી હવા શરીરને સ્ફૂર્તિલું રાખવામાં મદદ કરે છે પરંતુ ત્વચાને રૂક્ષ બનાવી દેવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શિયાળામાં હોઠ ફાટવા, ત્વચા શુષ્ક થવી સામાન્ય ફરિયાદો છે. આપણા ત્વચાની નીચેના પડમાં રહેલી તૈલીય ગ્રંથિઓ વધુ પડતી ઠંડી હવાને કારણે ગતિશીલ રહેતી નથી પરિણામે ત્વચાના બાહ્ય પડને પૂરતું તેલ પહોંચતું નથી અને ત્વચા રૂક્ષ થઈ જાય છે એટલું જ નહીં ચહેરા પર કરચલી પડી જવાનો ભય રહ્યા કરે છે.

ઠંડીની મોસમ આવી ગઈ છે. આવી સ્થિતિમાં નાના બાળકને ગરમ રાખવું ખૂબ જ જરૂરી છે. નાના બાળકને ખૂબ જ ઝડપથી શરદી થાય છે. આવા દરેક માતા પોતાના બાળકને સુરક્ષિત રાખે છે, પરંતુ ઠંડી ના દિવસોમાં જો તમે તમારા બાળકને અહીં વર્ણવ્યા પ્રમાણે રાખો તો ઠંડીથી બચી શકાય છે.

ઠંડી ના વાતાવરણમાં નાના બાળકનું માથું ઢાંકવું ખૂબ જ જરૂરી છે. જ્યારે માથું ઠંડું હોય છે, ત્યારે આખા શરીરનું તાપમાન ઘટી શકે છે. કેપ પહેરાવી વખતે એ વાતનું પણ ધ્યાન રાખો કે કેપ વધારે ચુસ્ત ન હોવી જોઈએ. સોફ્ટ કેપ તેમના માથા માટે યોગ્ય રહેશે.

નિષ્ણાતોના મતે શરીરના તાપમાનને નિયંત્રિત કરવામાં તળિયા મુખ્ય ભૂમિકા ભજવે છે. ઠંડા હવામાનમાં, જો તમે

## નાના બાળકનું માથું ઢાંકવું ખૂબ જ જરૂરી

તમારા બાળકને સ્ટોકિંગ્સમાં રાખો અથવા શૂઝની આસપાસ કાપડ લપેટી રાખો, તો બાળક ઠંડીથી સુરક્ષિત રહેશે. તળિયા ને ગરમ રાખવાથી આખું શરીર ગરમ રહે છે.

નાક એ શરીરનું મહત્વનું અંગ છે. મોટાભાગના રોગો નાક દ્વારા શરીરમાં પ્રવેશ કરે છે. આવા હવામાનમાં બાળકના નાકને ગરમ રાખવું ખૂબ જ જરૂરી છે. ઠંડા વાતાવરણમાં, ક્યારેક ઠંડા હાથને કારણે બાળકને શરદી થાય છે. જો તમે આવા હવામાનમાં તમારા બાળકના હાથ પર ગ્લોવ્સ અથવા હાથ ઢાંકવાના કપડાં અથવા ધાબળા રાખો છો, તો તે સારી રીતે સૂઈ શકશે.

બાળકના શરીરને ગરમ રાખવા માટે મસાજ ખૂબ જ જરૂરી છે. જો તમે ઠંડા હવામાનમાં તમારા બાળકને સરસવના તેલથી માલિશ કરો છો, તો શરીર ઝડપથી ગરમ થઈ શકે છે. સરસવના તેલથી માલિશ કરવાથી શરદી અને ફ્લૂ જેવી સમસ્યા પણ દૂર થાય છે. સ્નાન કરતા પહેલા હંમેશા મસાજ કરો. જો તમારા બાળકને સરસવના તેલથી ત્વચાની કોઈપણ પ્રકારની સમસ્યા હોય તો તમારે ડૉક્ટરનો સંપર્ક કરવો જ જોઈએ.

# ગાયનું દૂધ Vs ભેંસનું દૂધ: કયું દૂધ છે તમારા બાળક માટે બેસ્ટ?

દૂધ એક સંપૂર્ણ આહાર માનવામા આવે છે જેમાં આપણા શરીરને જરૂરી તમામ પોષક તત્વો જોવા મળે છે. જેવા કે કેલ્શિયમ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ્સ, વિટામિન્સ, ખનિજો અને ફેટ જે અસંખ્ય સ્વાસ્થ્ય લાભો પ્રદાન કરે છે. દૂધમાં કેલ્શિયમ અને વિટામિન ડી રહેલું હોય છે જે બાળકોની બોડીના વિકાસમાં મદદ કરે છે. દૂધ ઘણા અલગ અલગ ફોર્મમાંથી આવે છે જેમાંથી સૌથી સામાન્ય ગાય અને ભેંસનું દૂધ છે. એક માતા તરીકે તમે હંમેશા વિચારતા હશો કે તમારા બાળક માટે કયું દૂધ બેસ્ટ છે. તો ચાલો જાણીએ.



**ગાયનુ દૂધ કે ભેંસનું** | ગાયના દૂધમાં ભેંસના દૂધ કરતા ઓછું ફેટ હોય છે જેને સરળતાથી ડાયજેસ્ટ કરી શકાય છે. ગાયનું દૂધ ભેંસના દૂધ કરતા જાડું અને ક્રીમી હોય છે. પરિણામે હેવી ફૂડ જેવા કે દહીં, પનીર, ખીર, કુલ્ફી અને ઘી ગાયના દૂધ માંથી બનાવવામાં આવે છે. રસગુલ્લા, સોન્દેસ અને રસમલાઈ જેવી મીઠાઈ પણ ગાયના દૂધમાંથી બને છે.

ભેંસના દૂધમાં 11% વધુ પ્રોટીન હોય છે ગાયના દૂધની સરખામણીમાં. પ્રોટીન જેવા કે લિપિડ નવજાત બાળક માટે ડાયજેસ્ટ કરવું મુશ્કેલ હોય છે. આ વધુ એક કારણ છે કે 1 વર્ષના બાળક માટે ગાયનું દૂધ વધુ ફાયદાકારક છે. જ્યારે ગાયના દૂધની સરખામણીમાં ભેંસના દૂધમાં વધુ ફેટ હોય છે. આ કારણે ગાયના દૂધમાં પાતળી સુસંગતતા હોય છે. બીજી તરફ, ભેંસના દૂધમાં વધુ ફેટ હોય છે અને તેમાં ગાઢ સુસંગતતા હોય છે. ગાયના દૂધમાં 3-4 ટકા ફેટ હોય છે, જ્યારે ભેંસના દૂધમાં 7-8 ટકા ફેટ હોય છે. પરિણામે, એક વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ભેંસના દૂધ કરતાં ગાયના દૂધને પ્રાધાન્ય આપવામાં આવે છે, કારણ કે તે શોષવામાં અને પચવામાં વધુ સમય લે છે.


**એક દિવસમાં બાળકને કેટલું દૂધ આપવું જોઈએ?** | એક દિવસમાં બાળકને ત્રણ કપથી વધુ દૂધ ન આપો. તે એ વસ્તુનું સેવન નહિ કરી શકે કારણ કે તમારા બાળક માટે તેનો પોતાનો આહાર પૂરો કરવો મહત્વપૂર્ણ છે.

**કયું દૂધ સારું?** | જ્યારે નક્કી કરવાનું આવે છે કે બાળકો માટે ગાયનું દૂધ કે ભેંસનું દૂધ કયું વધુ સારું છે, ત્યારે સ્ટાર્ટમાં ગાયનું દૂધ વધુ સારું છે કારણ કે ભેંસના દૂધમાં ચરબીનું પ્રમાણ વધુ હોય છે અને તે પચવામાં મુશ્કેલ હોય છે. ભેંસનું દૂધ પસંદ કરી શકાય છે કારણ કે તેમાં ગાયના દૂધ કરતાં વધુ ચરબી, પ્રોટીન, કેલ્શિયમ અને કેલરી હોય છે, જે તેને વધુ પૌષ્ટિક બનાવે છે. જો કે, તે બાળકો માટે પચવામાં મુશ્કેલ હોઈ શકે છે. ગાયનું દૂધ વધુ સરળતાથી સુપાચ્ય છે અને બાળકને હાઈડ્રેટેડ રાખે છે

# એક તરફ શાંત દરિયો અને બીજી તરફ આથમતો સૂરજ, ઓછા ખર્ચે મીની ગોવામાં માણો મજા



ગુજરાતીઓ ફરવાના ખુબ શૌકીન છે અને નાની અમથી રજા મળે એટલે દીવ કે ગોઆ ફરવા ઉપડી જતા ગુજ્જુઓ હવે દિવાળીના વેકેશનમાં પરિવાર સાથે પ્રવાસ કરી રહયા છે. જોકે આ વખતે ટ્રેન અને બસની મુશેક્લીઓના કારણે ગુજ્જુઓ ગોવાને બદલે દમણની વાટ પકડી છે. મીની ગોવા તરીકે જાણીતા દમણમાં હાલ પ્રવાસીઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા છે. જેના કારણે 3 વર્ષ થી ઠપ્પ પડેલા દમણ પ્રવાસન ઉદ્યોગને વેગ મળ્યો છે. તો આવો આપને પણ કરાવીએ દમણના આહલાદક વાતાવરણ અને દરિયા કિનારાની સફર.




એક તરફ શાંત દરિયો અને બીજી તરફ આથમતો સૂરજ. આ નયનરમ્ય નજારો દમણના દરિયા કિનારાનો છે. રાજ્યના પડોશમાં આવેલો નાનકડો સંઘપ્રદેશ દમણ પર્યટન માટે ખૂબ જ જાણીતું નામ છે. દરિયા કિનારે આવેલો હોવાથી આ નાનકડો સંઘપ્રદેશ પર્યટન માટે દેશભરમાં જાણીતો છે. દેશભરના પર્યટકો દમણની મુલાકાત લે છે અને દમણના દરિયા કિનારાની સુંદરતા જોઈ અને દર વર્ષે પર્યટકોની સંખ્યામાં વધારો થતો રહે છે. આથી દમણ મીની ગોવા તરીકે પણ ઓળખાય છે. ગુજરાત અને મુંબઈના પ્રવાસીઓના મતે દમણમાં ગોવા કરતાં ઓછા ખર્ચે મઝા માણી શકાય છે.

દમણમાં પ્રવાસીઓ પર્યટકોને આકર્ષવા માટે દમણમાં દેવકા બીચ અને જમપોર બીચ સહિતના સ્થળો પર વોટર રાઈડની સાથે સુંદર અને સ્વચ્છ દરિયાકિનારો હોવાથી મોટી સંખ્યામાં પર્યટકો દમણના દરિયા કિનારે ફરવા આવે છે. સાથે જ પ્રદેશમાં દારૂની પણ છૂટ હોવાથી મોટી સંખ્યામાં શોખીનો દર વર્ષે દમણની મુલાકાત લે છે. ત્યારે દમણમાં દિવાળી વેકેશનમાં હાલમાં અમદાવાદ ,વડોદરા ,સુરત સહીત દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યા માં પ્રવાસીઓ ઉમટયા છે. તો મહારાષ્ટ્રના પ્રવાસીઓ દમણમાં દિવાળી વેકેશનની મઝા માણતા જોવા મળ્યા છે .

કોરોના કાળમાં સંઘ પ્રદેશ દમણના પર્યટન ઉદ્યોગને ખૂબ જ મોટો ફટકો પડયો હતો. કોરોનાને કારણે દમણના પર્યટન સ્થળો સૂમસામ ભાસી રહ્યા હતા. આથી મોટેભાગે પર્યટન પર જ નિર્ભર આ પ્રદેશ સાથે હોટલ ઉદ્યોગ અને અન્ય સંબંધિત ઉદ્યોગ પણ મુશ્કેલીમાં હતો. જોકે આ વખતે ફરી એક વખત મુશ્કેલી બાદ આ નાનકડા પર્યટન સ્થળની રોનક પરત ફરી રહી છે. અને ફરી એક વખત દમણના દરિયા કિનારા પર્યટકોથી ઉભરાઈ રહ્યા છે. પર્યટકો ફરી દિવાળી વેકેશન નિમિત્તે આ સુંદર નાનકડા પ્રદેશની મુલાકાત લેવાની શરૂઆત થઈ છે. પ્રદેશના જામપોર અને દેવકા દરિયા કિનારે મોટી સંખ્યામાં પર્યટકો આવી રહ્યા છે. વેકેશનના માહોલમાં ફરી વખત દમણની રોનક પરત ફરી રહી છે. પર્યટકો પરિવાર સાથે દમણની મુલાકાત લઈ રહ્યા છે. જેથી નાના વેન્ડર થી લઈને દમણ વાસીઓને આર્થિક ફાયદો થઈ રહ્યો છે.

મહત્વપૂર્ણ છે કે કોરોનાના કારણે દમણનો પર્યટન ઉદ્યોગ અને હોટલો બંધ હતી. જોકે હવે દિવાળી વેકેશનથી મોટી સંખ્યામાં ફરી એક વખત પર્યટકો દમણ તરફ વળ્યા છે. જેના કારણે દમણના પર્યટન ઉદ્યોગ અને હોટલ ઉદ્યોગની રોનક પરત ફરી રહી છે. આથી હોટલ ઉદ્યોગમાં પણ અત્યારે ઉત્સાહનો માહોલ છે. સાથે જ સ્થાનિક રોજગારીના અવસર પણ ફરી ખુલ્યા છે. આથી સ્થાનિક લોકોમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

મહત્વપૂર્ણ છે કે સંઘ પ્રદેશ દમણ દરિયા કિનારે આવેલું છે અને દરિયાની સુંદરતાને કારણે દેશભરમાં જાણીતું છે. આથી ગુજરાત અને નજીકના રાજ્યના પર્યટકો દરિયાની મોજ માણવા માટે ગોવાની જગ્યાએ દમણ ને વધારે પસંદ કરે છે. આથી દમણના દરિયા કિનારા મીની ગોવા જેવો આભાસ કરાવે છે. છેલ્લા ત્રણ વર્ષથી જે રીતે પ્રદેશના દરિયા કિનારો નો ચોમેરથી વિકાસ થયો છે. તેને કારણે હવે દમણના દરિયા કિનારા વિદેશના દરિયાકિનારાને ટક્કર આપે તેવા સુંદર લાગી રહ્યા છે. આથી પર્યટકો ની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. ફરી એક વખત પ્રદેશ દમણના પર્યટન ઉદ્યોગની રોનક પરત ફરી છે. આથી ઉદ્યોગકારોની સાથે સ્થાનિક લોકોમાં પણ આશાનો નવો સંચાર થયો છે.



# મહિલાઓ જો પગમાં સોનાના ઝાંઝર પહેરતી હોય તો સાવધાન! જાણો કેમ ન પહેરવા જોઈએ...

સોનાને હિન્દુ ધર્મ, જ્યોતિષ અને વાસ્તુ શાસ્ત્રમાં ખુબ જ મહત્વનું ગણવામાં આવ્યું છે. તેને સ્વર્ણ પણ કહે છે. ભારતીય મહિલાઓનો શ્રૃંગાર સોના-ચાંદીના દાગીના વગર અધૂરો છે. મહિલા અને પુરુષો સાથે બાળકો પણ સોનાના દાગીના પહેરે છે. આમ તો માથાથી લઈને પગ સુધીના સોનાના દાગીના બજારમાં ઉપલબ્ધ છે. પરંતુ પગમાં સોનાના દાગીના પહેરવાની ના પાડવામાં આવે છે. તેની પાછળ ધાર્મિક, જ્યોતિષી ઉપરાંત વૈજ્ઞાનિક કારણ પણ છે. આ જ કારણે ધનિકમાં ધનિક વ્યક્તિ પણ પગમાં સોનાના આભૂષણ પહેરતા ખચકાય છે. પગમાં ચાંદીના દાગીના પહેરવા જ યોગ્ય ગણાય છે. પછી ભલે તે ઝાંઝર હોય કે પછી વિંછિંયા.


**પગમાં સોનું કેમ નથી પહેરાતું?** | સોનાને ખુબ શુભ ગણવામાં આવે છે. કારણ કે ભગવાન વિષ્ણુ અને માતા લક્ષ્મીને સોનું ખુબ પ્રિય છે. આથી નાભિ કે કમરથી નીચે સોનું પહેરવાથી ભગવાન વિષ્ણુ અને લક્ષ્મીજી નારાજ થઈ શકે છે. શ્રીહરિ અને માતા લક્ષ્મીની નારાજગી જીવનમાં અનેક પ્રકારના સંકટ લાવી શકે છે અને વ્યક્તિને કંગાળ પણ કરી શકે છે. આથી ક્યારેય પગમાં સોનું પહેરવું જોઈએ નહીં. શરીરના ઉપરના ભાગમાં સોનાના ઢગલો દાગીના પહેરવા છતાં મહિલાઓ પગમાં ઝાંઝર અને વિંછિંયા તો ચાંદીના જ પહેરતી હોય છે.

**પગમાં સોનું પહેરવાથી થાય છે નુકસાન** | વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી પણ સોનું પગમાં પહેરાતું નથી. સોનાના દાગીના પગમાં પહેરવાથી સ્વાસ્થ્યને પણ નુકસાન થઈ શકે છે. વાત જાણે એમ છે કે માનવીના શરીરના ઉપરના ભાગને ગરમાવો અને નીચલા ભાગને ઠંડકની જરૂર હોય છે. સોનું શરીરમાં ગરમી વધારે છે અને ચાંદી ઠંડક પહોંચાડે છે. આથી પગમાં સોનાની જગ્યાએ ચાંદી પહેરવી હિતાવહ છે. જેથી કરીને શરીરમાં તાપમાનનું યોગ્ય સંતુલન જળવાઈ રહે. નહીં તો શરીરના તાપમાનમાં અસંતુલન પેદા થઈ અને સમસ્યા ઊભી થઈ શકે છે.

# દિવાળીમાં કોલેસ્ટ્રોલ વધી જાય તો ના કરો ટેન્શન, આ મસાલાથી થઇ જશે કન્ટ્રોલ



દિવાળીના દિવસોમાં ખાવા-પીવાની મજા કંઈક અલગ જ આવતી હોય છે. આ દિવસો એવા છે જેમાં તમે મનભરીને ખાઇ શકો છો અને સાથે અનેક રીતે એન્જોય કરી શકો છો. પરંતુ આ તહેવારમાં ડાયાબિટીસ, હાઈ કોલેસ્ટ્રોલ જેવા દર્દીઓને ગળી વસ્તુઓ ખાવા પર પ્રતિબંધ હોય છે. આ વ્યક્તિ વધુ પ્રમાણમાં મીઠાઈ ખાઈ લે છે તો સુગર વધવાના ચાન્સિસ વધી જાય છે. આ સાથે જ કોલેસ્ટ્રોલ લેવલ પણ વધી જાય છે. આ વિશે આર્યુવેદ એક્સપર્ટનું માનીએ તો દિવાળીમાં કોલેસ્ટ્રોલના દર્દીઓ પણ મન ભરીને એન્જોય કરી શકે છે અને તહેવારોમાં એમના પસંદગીનું ફુડ ખાઈ શકે છે. આર્યુવેદ અનુસાર રસોડામાં પડેલી આ વસ્તુઓ તમારા કોલેસ્ટ્રોલ લેવલને કંટ્રોલને કંટોરલ કરવાની તાકાત ધરાવે છે.



આર્યુવેદ એક્સપર્ટ ડો. ના અનુસાર વર્તમાન સમયમાં બગડતી જતી લાઈફ સ્ટાઈલ અને ખાવા-પીવાની ખોટી આદતોને કારણે હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યા ઝડપથી વધી રહી છે. આ સાથે જ અનેક લોકો ફિઝિકલ એક્ટિવિટી પર પણ પોતાનું ધ્યાન આપી શકતા નથી. આ સાથે જ દિવાળીમાં લોકો એન્જોય કરવાના મુડમાં હોવાથી વધતા કોલેસ્ટ્રોલની ચિંતા કરતા નથી. જો કે આ પરિસ્થિતિમાંથી બચવા માટે આર્યુવેદમાં ઘણાં એવા નુસ્ખાઓ છે જે તમે ફોલો કરો છો તો કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરી શકો છો.

આર્યુવેદ એક્સપર્ટ ડો. આ વિશે કહે છે કે તમારા રસોડામાં રહેલો એક મસાલો હાઈ કોલેસ્ટ્રોલની સમસ્યામાંથી જલદી રાહત અપાવવાનું કામ કરે છે. વાત આર્યુવેદ ગુણોથી ભરપૂર તજની થઇ રહી છે. તજ એક એવો મસાલો છે જેને પીસીને તમે ચૂરણ બનાવી લો છો અને હાઈ કોલેસ્ટ્રોલના દર્દીઓને આપો છો તો સરળતાથી કોલેસ્ટ્રોલ કંટ્રોલ રહેશે. તજના પાવડરનું સેવન તમારે ચપટીભર જ કરવાનુ છે.

આ એક એવો મસાલો છે જેનું તમે વધારે પ્રમાણમાં સેવન કરો છો તો ફાયદાની જગ્યાએ નુકસાન થાય છે. હાઈ કોલેસ્ટ્રોલના દર્દીઓ માટે તજ એક રામબાણ ઈલાજ છે. આમ, જો તમને હાઈ કોલેસ્ટ્રોલ રહે છે તો તમારે કંટ્રોલ કરવું ખૂબ જરૂરી છે. જો તમે કોલેસ્ટ્રોલને કંટ્રોલ કરતા નથી તો સમય જતા અનેક તકલીફોમાં તમે મુકાઈ શકો છો.

# મહિલાઓના હેલ્થ માટે ખૂબ ફાયદાકારક છે શિંગોડા

શિંગોડા જેને હિંદી ભાષામાં સિંઘાડ઼ા અને સંસ્કૃત ભાષામાં શ્રૃંગાટક કહેવામાં આવે છે. શિંગોડા પાણીમાં ઊગતી વનસ્પતિનું એક ત્રિકોણ આકાર ધરાવતું ફળ છે. આ વનસ્પતિનો છોડ પાણીમાં તરતો રહેતો હોય છે અને ફળ પાણીમાં ડુબેલા રહેતા તેના મૂળ પર લાગે છે. આ ફળના શીર્ષના ભાગ પર શિંગડાની જેમ બે કાંટા હોય છે, જેના કારણે તેને શિંગોડા કહેવામાં આવે છે. શિયાળામાં શિંગોડા ખાવાની બહુ જ મજા આવે છે. બજારમાં પણ હવે શિંગોડા આવતા થઈ ગયા છે.

શિંગોડા સ્ત્રીઓની અનેક સમસ્યાઓને દૂર કરે છે. શિંગોડામાં અનેક પોષક તત્વો એવા હોય છે જે તમારી સ્કિન અને હેલ્થ માટે ખૂબ ફાયદાકારક છે. શિયાળામાં દરેક લોકોએ દિવસમાં ચારથી પાંચ શિંગોડા ખાવા જોઈએ. શિંગોડામાં વિટામીન એ, વિટામીન સી, ફોસ્ફોરસ, મેગ્નેશિયમ જેવા અનેક તત્વો હોય છે જે સ્વાસ્થ્યની અનેક સમસ્યાઓને દૂર કરે છે. આ માટે દરેક લોકોએ રોજ શિયાળામાં શિંગોડા ખાવા જોઈએ. શિંગોડા ખાવાથી હેલ્થને થતા આ અઢળક ફાયદાઓ છે.

## પાણીમાં ઉગતા અનેક પોષક તત્વોથી ભરપૂર હોય છે જળ ફળ



**ઇમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ થાય કરે છે** | શિંગોડામાં મળતા પોષક તત્વો શરીર માટે અનેક રીતે ફાયદાકારક છે. શિંગોડા ખાવાથી ઈમ્યુનિટી સિસ્ટમ સ્ટ્રોંગ થાય છે. આ સાથે જ શરદી-ઉધરસમાં પણ ફેર પડે છે. આ માટે તમારે દિવસમાં બે થી ત્રણ શિંગોડા ખાવા જોઈએ.

**હોર્મોન્સ સંતુલિત કરે** | શરીરમાં હોર્મોન્સની ઉણપને પૂરી કરવા માટે શિંગોડા સૌથી વધારે ફાયદાકારક છે.

**બીપીને રાખે કંટ્રોલમાં** | જો તમને લો બીપીની સમસ્યા છે તો તમે રોજ એક કાચા શિંગોડા ખાઓ. કાચા શિંગોડામાં સોડિયમની માત્રા વધારે હોય છે જે બીપીને કંટ્રોલમાં કરવાનું કામ કરે છે. લો બ્લડ પ્રેશરના દર્દીઓ માટે શિંગોડા સૌથી બેસ્ટ છે.

**સ્કિન પર ગ્લો આવે** | શિંગોડા ખાવાથી સ્કિન પર મસ્ત ગ્લો આવે છે. સ્કિન પર ગ્લો લાવવા માટે દરેક લોકોએ શિયાળામાં રોજ સવારમાં ત્રણથી ચાર શિંગોડા ખાવા જોઈએ. શિંગોડા ખાવાથી ડ્રાયનેસ, કરચલીઓ જેવી અનેક સમસ્યાઓ દૂર થઈ જાય છે.

# ભારતીય ક્રિકેટ બોર્ડનો ઐતિહાસિક નિર્ણય




## પુરુષ અને મહિલા ખેલાડીઓને મળશે એક સરખી મેચ ફી

મહિલા ક્રિકેટરોને પણ પુરુષ ક્રિકટરો જેટલુ જ વેતન આપવાનો ઐતિહાસિક નિર્ણય ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે લીધો છે. ક્રિકેટ બોર્ડના સેક્રેટરી જય શાહે સોશિયલ મીડિયા થકી લોકોને જાણકારી આપતા કહ્યું હતુ કે, અમને જણાવતા ખુશી થઈ રહી છે કે, પુરુષ અને મહિલા ક્રિકેટરો વચ્ચેનો ભેદભાવ દુર થવા જઈ રહ્યો છે.ક્રિકેટ બોર્ડ જે મહિલા ક્રિકેટરો કોન્ટ્રાક્ટમાં સામેલ છે તેમને પુરુષો જેટલુ જ વેતન આપવા જઈ રહ્યુ છે. તેમણે કહ્યુ હતુ કે, હવે સમાનતાના નવા યુગમાં એન્ટ્રી કરવા જઈ રહ્યા છે.મહિલા ક્રિકેટરોને પણ પુરુષ ક્રિકેટરો જેટલી જ મેચ ફી મળશે.

## વિરાટ કોહલીના હોટલ રૂમમાં થઈ ઘૂસણખોરી

■ રૂમનો વીડિયો લીક થવાથી કોહલીએ વ્યક્ત કર્યો ગુસ્સો, સ્ટાફ પર એક્શન



ગુજરાત | વંદન

વિરાટ કોહલીના હોટલ રૂમનો વીડિયો લીક થયો છે. જે મુદ્દે ક્રિકેટરે ઈન્સ્ટાગ્રામ પર રોષ વ્યક્ત કર્યો છે. વિરાટ કોહલીએ વીડિયો શેર કરતા લખ્યુ છે કે હુ સમજુ છુ કે ચાહકો પોતાના મનગમતા ખેલાડીઓની એક ઝલક મેળવવાની રાહ જોઈ રહ્યા હોય છે અને તેમને જોવા ઉત્સાહિત રહે છે તેમજ પોતાના ફેવરિટ ખેલાડીને સપોર્ટ પણ કરે છે પરંતુ આ વીડિયોએ મારી ગોપનીયતાને લઈને મને ગાંડો કરી દીધો છે. જો હુ હોટલના રૂમમાં જ સુરક્ષિત નથી તો મારી પાસે મારી કોઈ પર્સનલ સ્પેસ નથી તો પછી હુ ક્યાં જાવ? હુ આ બાબતથી બિલકુલ ખુશ નથી. કૃપા કરીને લોકોની ગોપનીયતાનો ખ્યાલ રાખો અને તેમને મનોરંજનના સાધન તરીકે ના લો.

વિરાટ કોહલીએ અહીં સ્પષ્ટ શબ્દોમાં પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. વિરાટના રૂમનો આ વીડિયો કોઈ ચાહકે સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. વીડિયોમાં વિરાટના રૂમની દરેક વસ્તુ સ્પષ્ટ જોવા મળી રહી છે. વીડિયો વિરાટના રૂમના ટેબલથી શરૂ થાય છે જ્યાં લક્ષ્મી-ગણેશની મૂર્તિઓ સફેદ કપડા પર મૂકેલી જોઈ શકાય છે. ત્યાં વિરાટની ઘડિયાળ અને ચશ્મા પણ મૂકેલા જોવા મળી રહ્યા છે. એક તરફ વિરાટના બૂટ અને અમુક જર્સી તેમજ કપડા પણ જોવા મળી રહ્યા છે. વિરાટના ટેબલ પર ક્રીમ સિવાય અમુક અન્ય પ્રોડક્ટ્સ પણ જોવા મળી રહી છે.

વિરાટ કોહલીએ આ વીડિયો શેર કરી પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો છે. ટીમ ઈન્ડિયા પર્થમાં સાઉથ આફ્રિકા વિરુદ્ધ મેચ માટે રોકાયેલી હતી. આ મેચ બાદ વીડિયો સામે આવ્યો છે. વિરાટ સિવાય તેમની પત્ની અનુષ્કા શર્મા અને ભાઈએ પણ આ મુદ્દે વાંધો વ્યક્ત કર્યો છે.

## ફિફા અંડર-17 મહિલા વર્લ્ડ કપ




# કોઈ પણ ગોલ કર્યા વગર વર્લ્ડ કપની ફાઈનલમાં સ્પેન ચેમ્પિયન બન્યું

### કોલંબિયાને એક ભૂલ પડી ભારે

ગુજરાત | વંદન

ફિફા અંડર-17 મહિલા વર્લ્ડ કપની ફાઈનલમાં સ્પેને કોલંબિયાને હરાવી ટાઇટલ જીત્યું હતું. સ્પેનની ટીમે ફાઈનલ મેચમાં 1-0ના અંતરથી જીત મેળવી હતી. આ મેચની ખાસ વાત એ હતી કે કોલંબિયાના ખેલાડીએ મેચનો એકમાત્ર ગોલ કર્યો હતો, પરંતુ સ્પેનિશ ટીમે મેચ જીતી લીધી હતી. કોલંબિયાની એના ગુઝમેને ફાઈનલમાં મેચમાં આત્મઘાતી ગોલ કર્યો અને તે બંને ટીમો વચ્ચે હાર-જીત માટે મહત્વપૂર્ણ સાબિત થયું

સ્પેનની ટીમે બીજી વખત ફીફા અંડર-17 મહિલા વર્લ્ડ કપ જીત્યો છે. નવી મુંબઈના ડીવાય પાટિલ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં રોમાંચ ચરમસીમાએ હતો. બંને ટીમોએ ગોલ માટે ખૂબ પ્રયાસ કર્યા હતા, પરંતુ કોઈને સફળતા મળી ન હતી. જો કે કોલંબિયાના ખેલાડીએ મેચની 82મી મિનિટે મોટી ભૂલ કરી અને બોલને પોતાના જ ગોલ પોસ્ટમાં નાખી દીધો. આ કારણે સ્પેનની ટીમ ચેમ્પિયન બની હતી. વર્ષ 2018માં પણ સ્પેનની ટીમ ચેમ્પિયન બની હતી અને આ વખતે નસીબની મદદથી પોતાનું ટાઈટલ બચાવવામાં સફળ રહી હતી. સ્પેન આ ટુર્નામેન્ટની સૌથી સફળ ટીમ બની ગઈ છે, જેણે બે વખત આ ખિતાબ જીત્યો છે. સ્પેન ઉપરાંત ઉત્તર કોરિયાની ટીમ આ ટૂર્નામેન્ટ બે વખત જીતી ચૂકી છે.

નાઈજીરિયા, કોલંબિયા, સ્પેન અને જર્મનીની ટીમો સેમિફાઈનલમાં પહોંચી હતી. કોલંબિયા અને નાઈજીરિયા વચ્ચેની મેચમાં પૂર્ણ સમય પૂરો થયા બાદ કોઈ ગોલ થયો ન હતો. ત્યારબાદ કોલંબિયાએ પેનલ્ટી શૂટઆઉટમાં નાઈજીરિયાને 6-5થી હરાવ્યું હતું. સ્પેને જર્મનીને 1-0થી હરાવીને બીજી સેમિફાઈનલ મેચ જીતી હતી. પૂર્ણ સમયના અંતે ત્રીજા સ્થાનની મેચમાં નાઈજીરીયા અને જર્મની 3-3 થી બરાબરી પર હતી. ત્યાર બાદ તેણે પેનલ્ટી મારફત મેચ 3-2થી જીતી લીધી હતી.

આ ટુર્નામેન્ટ પ્રથમ વખત ભારત દ્વારા યોજવામાં આવી હતી. 11 ઓક્ટોબરથી 30 ઓક્ટોબરની વચ્ચે આયોજિત આ ટૂર્નામેન્ટ 2020માં યોજાવાની હતી, પરંતુ કોરોના મહામારીના કારણે તેનું ચાર વર્ષ બાદ આયોજન કરવામાં આવ્યું છે.

## T20માં નવો વર્લ્ડ રેકોર્ડ, પ્રથમ વખત મેચમાં 500 રન બન્યા



■ ડેવાલ્ડ બ્રેવિસે શાનદાર સદી ફટકારી 162 રનની આક્રમક ઈનિંગ રમી

ગુજરાત | વંદન

ટી20 મેચમાં પ્રથમ વખત 500 રન બનાવ્યા હતા. આ પહેલા ક્યારેય બન્યું ન હતું. ડેવાલ્ડ બ્રેવિસની સદીની મદદથી ટાઈટન્સે પ્રથમ રમતા 3 વિકેટે 271 રન બનાવ્યા હતા. જવાબમાં, CSA T20 ચેલેન્જ (CSA T20 ચેલેન્જ 2022-23) ની મેચમાં, નાઈટ્સે પણ સખત સંઘર્ષ કર્યો, પરંતુ ટીમ 9 વિકેટે 231 રન જ બનાવી શકી. આ રીતે મેચમાં કુલ 501 રન થયા હતા. આ પહેલા 2016માં ન્યુઝીલેન્ડમાં સુપર સ્મૈશ મેચમાં સૌથી વધુ 497 રન બન્યા હતા. 19 વર્ષીય બ્રેવિસે 162 રન બનાવ્યા અને દક્ષિણ આફ્રિકા માટે T20માં સૌથી મોટી ઈનિંગ રમનાર બેટ્સમેન પણ બન્યો. દિગ્ગજ એબી ડી વિલિયર્સ પણ આ કરી શક્યો નથી.

### સૌથી ઝડપી 150 રન બનાવનાર ખેલાડી બન્યો

ડેવાલ્ડ બ્રેવિસ ટી20માં સૌથી ઝડપી 150 રન બનાવનાર ખેલાડી પણ બન્યો છે. તેણે આવું 52 બોલમાં કર્યું . આ સાથે તેણે વેસ્ટ ઈન્ડિઝના દિગ્ગજ ખેલાડી ક્રિસ ગેલને પાછળ છોડી દીધો છે. તેણે 2013માં આરસીબી તરફથી રમતા પૂણે સામે 53 બોલમાં આ કર્યું હતું. તેણે મેચમાં અણનમ 175 રનની ઈનિંગ રમી હતી. ટી20માં કોઈપણ બેટિંગની આ સર્વશ્રેષ્ઠ ઈનિંગ છે.

IPL ટીમ મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા ડેવાલ્ડ બ્રેવિસે મેચમાં 57 બોલનો સામનો કર્યો અને 162 રન બનાવ્યા. 13 ચોગ્ગા અને 13 છગ્ગા ફટકાર્યા. આ રીતે તેણે કુલ 26 બાઉન્ડ્રી ફટકારી અને 130 રન બનાવ્યા. તેનો સ્ટ્રાઈક રેટ 284 હતો. ટી-20માં કોઈપણ ખેલાડીનો આ ત્રીજો સૌથી મોટો સ્કોર છે. જવાબમાં નાઈટ્સ તરફથી ગિહાન ક્લોટે 51 રન બનાવ્યા હતા, પરંતુ ટીમ આ મેચ જીતી શકી નહોતી.

## 2018માં સા.આફ્રિકાના ખેલાડીઓએ પણ બોલ સાથે ચેડા કર્યા હતા: ટીમ પેન

■ પૂર્વ ઓસી. કેપ્ટનનો ચોંકાવનારો આક્ષેપ

ગુજરાત | વંદન



ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકા વચ્ચેની 2018માં રમાયેલી સિરિઝની કેપટાઉન ટેસ્ટ વિવાદો માટે જાણીતી બની હતી. આ ટેસ્ટ મેચ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ પર બોલ સાથે ચેડા કરવાનો આરોપ લાગ્યો હતો.તે વખતે ડેવિડ વોર્નર કાચપેપરથી બોલને ઘસતો કેમેરામાં નજરે પડયા બાદ ક્રિકેટ વિશ્વમાં હલચલ મચી ગઈ હતી.બોલ સાથે ચેડા કરવા બદલ સ્ટિવ સ્મિથ અને વોર્નર પર એક વર્ષનો પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો.

હવે આ જ મામલામાં પૂર્વ ઓસી કેપ્ટન અને તે સમયે મેચમાં વિકેટ કીપર રહી ચુકેલા ટીમ પેને પોતાની આત્મકથામાં ચોંકાવનારો આક્ષેપ કરતા કહ્યુ છે કે, મેં આ જ સિરિઝની ચોથી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાના ખેલાડીઓને પણ બોલ સાથે ચેડા કરતા જોયા હતા. સાઉથ આફ્રિકાના ખેલાડી પાસે બોલ ગયો હતો અને જ્યારે તેણે બોલ બોલરને પાછો આવ્યો હતો ત્યારે તેના પર ઉઝરડા દેખાઈ રહ્યા હતા.બ્રોડકાસ્ટરે ઘટનાન છુપાવી હતી.આ ફૂટેજને હટાવી દેવામાં આવ્યુ હતુ.ઓસ્ટ્રેલિયાની ટીમે ધ્યાન પણ દોર્યુ હતુ અને ત્યારે અમને આશ્વાસન આપ્યુ હતુ કે, બોલ શરુઆથી જ આવો છે.

# ભારત-પાકિસ્તાન વચ્ચે ટેસ્ટ સીરિઝની તૈયારી

ગુજરાત | વંદન

### ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લી ટેસ્ટ શ્રેણી 2007માં રમાઈ હતી



ભારત-પાકિસ્તાનની ટીમો આ દિવસોમાં T20 વર્લ્ડ કપ રમવા ઓસ્ટ્રેલિયામાં છે. પરંતુ, હવે ઓસ્ટ્રેલિયા પણ આ બંને ટીમો વચ્ચે રમાતી ટેસ્ટ શ્રેણીનું સાક્ષી બની શકે છે.

મળતી માહિતી પ્રમાણે ઓસ્ટ્રેલિયાના પૂર્વ ઓલરાઉન્ડર સિમોન ઓડોનેલે આ અંગે મોટો સંકેત આપ્યો છે. તેમણે કહ્યું કે, MCG પર ભારત અને પાકિસ્તાન વચ્ચેના ધમાસાન બાદ બંને દેશો વચ્ચે ટેસ્ટ સિરીઝ યોજવા માટે વાતચીતની પ્રક્રિયા ચાલી રહી છે. એવી અપેક્ષા રાખવામાં આવી રહી છે કે, આ બે એશિયાઈ પ્રતિધ્વંધી ઓસ્ટ્રેલિયામાં એકબીજા સામે ટેસ્ટ શ્રેણી રમતા જોવા મળી શકે છે.

ભારત અને પાકિસ્તાન માત્ર ICC અથવા મલ્ટીનેશનલ ટૂર્નામેન્ટમાં જ મળે છે. બંને દેશો વચ્ચે છેલ્લા દોઢ દાયકાથી કોઈ દ્વિપક્ષીય શ્રેણી રમાઈ નથી. પરંતુ હવે ઓસ્ટ્રેલિયાની પહેલથી આ શક્ય થાય તેમ દેખાઈ રહ્યું છે.

**ઓસ્ટ્રેલિયા યજમાન, ભારત-પાકિસ્તાન થશે ટક્કર** | ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ ઓલરાઉન્ડરે કહ્યું કે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની ટેસ્ટ સીરિઝ વિશે જ નહીં પરંતુ ટ્રાએંગુલર વનડે સિરીઝ વિશે પણ વાતચીત ચાલી રહી છે. તે વનડે શ્રેણીમાં ભારત અને પાકિસ્તાન સિવાય ત્રીજી ટીમ ઓસ્ટ્રેલિયા હશે.

સિમોન ઓ'ડોનેલે કહ્યું કે,મેલબોર્નમાં રમાયેલી ભારત-પાકિસ્તાન મેચનો રોમાંચ જેવો રહ્યો છે, આ ટેસ્ટ સિરિઝ અને ટ્રાંએગુલર સિરિઝને લઈને પણ વધ્યો છે. ભારતે છેલ્લે વર્ષ 2007માં પાકિસ્તાન સામે ટેસ્ટ સીરીઝ રમી હતી. જેમાં ભારતે પાકિસ્તાન સામે 1-0થી જીત મેળવી હતી. જ્યાં સુધી T20 વર્લ્ડ કપની વાત છે, તો ભારત સેમિફાઈનલની રેસમાં પાકિસ્તાનની સરખામણીમાં આગળ છે. ભારતની 3 મેચ બાદ 4 પોઈન્ટ છે. પાકિસ્તાને અત્યાર સુધી માત્ર એક જ મેચ જીતી છે. સેમિફાઈનલમાં જવા માટે, જ્યાં ભારતે હવે સુપર 12ની તેની બાકીની તમામ મેચો જીતવી પડશે, પાકિસ્તાને તેની જીતની સાથે અન્ય ટીમોના પરિણામો પર નિર્ભર રહેવું પડશે.

# T20, વન-ડે અને ટેસ્ટ માટે ટીમ ઇન્ડિયાનું એલાન

## ન્યૂઝીલેન્ડ સામેની મેચમાં રોહિત, રાહુલ-કોહલીને આરામ, હાર્દિક પંડ્યા કેપ્ટન, ડિસેમ્બરમાં બાંગ્લાદેશનો પ્રવાસ

ગુજરાત | વંદન

T20 વર્લ્ડ કપ 2022 બાદ ટીમ ઈન્ડિયા ન્યૂઝીલેન્ડના પ્રવાસે જશે. સોમવારે(31 ઓક્ટોબર)એ BCCI દ્વારા આ પ્રવાસ માટે ટીમનું એલાન કરવામાં આવ્યું છે. ભારતને ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ 3 T20 અને ત્રણ વનડે મેચ રમાશે. આ સીરીઝ માટે ટીમ ઈન્ડિયાના સીનિયર પ્લેયર્સને આરામ આપવામાં આવ્યો છે, જ્યારે T20 ટીમની કમાન હાર્દિક પંડ્યાના હાથમાં આપવામાં આવી છે. વનડે ટીમની કેપ્ટનશીપ શિખર ધવનના હાથમાં રહેશે.



**ન્યૂઝીલેન્ડ T20 સીરીઝ માટે ટીમ ઇન્ડિયા | હાર્દિક પંડ્યા (કેપ્ટન), ઋષભ પંત (વાઇસ કેપ્ટન & વિકેટકીપર), શુભમન ગિલ, ઈશાન કિશન, દીપક હુડા, સૂર્યકુમાર યાદવ, શ્રેયસ ઐયર, સંજુ સેમસન (વિકેટકીપર), વોશિંગટન સુંદર, યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, હર્ષલ પટેલ, મોહમ્મદ સિરાજ, ભુવનેશ્વર કુમાર, ઉમરાન મલિક.**

## ન્યૂઝીલેન્ડ વન-ડે સીરીઝ માટે ટીમ ઈન્ડિયા

શિખર ધવન (કેપ્ટન), ઋષભ પંત (વાઈસ કેપ્ટન & વિકેટકીપર), શુભમન ગિલ, દીપક હુડા, સૂર્યકુમાર યાદવ, શ્રેયસ ઐયર, સંજુ સેમસન (વિકેટકીપર), વોશિંગટન સુંદર, શાર્દુલ ઠાકુર, શાહબાઝ અહમદ, યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, અર્શદીપ સિંહ, દીપક ચહર, કુલદીપ સેન, ઉમરાન મલિક.



ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે વિરાટ કોહલી, રોહિત શર્મા, કે.એલ રાહુલ, દિનેશ કાર્તિક, રવિચંદ્રન અશ્વિન, મોહમ્મદ શમી જેવા મોટા પ્લેયર્સને આરામ આપવામાં આવ્યો છે. એટલે આ તમામ પ્લેયર T20 વર્લ્ડકપ 2022 બાદ પોતાના ઘરે જશે. ભારતીય ટીમ હજુ ઓસ્ટ્રેલિયામાં છે અને T20 વર્લ્ડ કપ રમી રહી છે, તેવામાં ન્યૂઝિલેન્ડ ઓસ્ટ્રેલિયાની નજીક જ છે. એટલા માટે ટીમના બાકી ખેલાડીઓને આ પ્રવાસ બાદ ઘર પરત ફરવાનું રહેશે. નવેમ્બર બાદ ડિસેમ્બરમાં ભારતીય ટીમ બાંગ્લાદેશના પ્રવાસે જશે.

### ભારત-ન્યૂઝીલેન્ડ શેડ્યુલ

- 18 નવેમ્બર, શુક્રવાર: પહેલી T20, વેલિંગટન
- 20 નવેમ્બર, રવિવાર: બીજી T20, માઉન્ટ માઉન્ગનુઈ
- 22 નવેમ્બર, મંગળવાર: ત્રીજી T20, ઑકલેન્ડ
- 25 નવેમ્બર, શુક્રવાર: પહેલી વનડે, ઑકલેન્ડ
- 27 નવેમ્બર, રવિવાર: બીજી વનડે, હેમિલ્ટન
- 30 નવેમ્બર, બુધવાર: ત્રીજી વનડે, ક્રાઇસ્ટચર્ચ

**યશ દયાલને પહેલી વખત ટીમમાં મોકો અપાયો** | ઉત્તરપ્રદેશના ઑલરાઉન્ડર યશ દયાલને પહેલી વખત ટીમ ઈન્ડિયામાં મોકો આપવામાં આવ્યો છે. તેઓ બાંગ્લાદેશમાં વનડે સીરીઝ રમશે. યશ લેફ્ટ આર્મ પેસર અને રાઈડ હેન્ડ બેટર છે. મધ્યપ્રદેશના રજત પાટીદારને પણ આ ફૉર્મેટમાં જગ્યા આપવામાં આવી છે.

**બાંગ્લાદેશ વનડે માટે ટીમ ઇન્ડિયા** | રોહિત શર્મા (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), શિખર ધવન, વિરાટ કોહલી, રજત પાટીદાર, શ્રેયસ ઐયર, રાહુલ ત્રિપાઠી, ઋષભ પંત (વિકેટકીપર), ઈશાન કિશન (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, વોશિંગટન સુંદર, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ શમી, મોહમ્મદ. સિરાજ, દીપક ચાહર, યશ દયાલ

**બાંગ્લાદેશ ટેસ્ટ માટેની ટીમ ઇન્ડિયા** | રોહિત શર્મા (કેપ્ટન), કેએલ રાહુલ (વાઈસ કેપ્ટન), શુભમન ગિલ, ચેતેશ્વર પૂજારા, વિરાટ કોહલી, શ્રેયસ ઐયર, ઋષભ પંત (વિકેટકીપર), KS ભરત (વિકેટકીપર), રવિચંદ્રન અશ્વિન, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, શાર્દુલ ઠાકુર, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, ઉમેશ યાદવ.



## એલ્ગોરિધમનો ઉપયોગ કરીને શોધી કાઢ્યું છે કે વાયરસ ફેલાવવાની સંભાવના રહેલી છે

# સાવધાન: પીગળતા બરફના પહાડો લાવી શકે છે રોગચાળો...!

ગુજરાત | વંદન

આબોહવા પરિવર્તનને કારણે હવામાન, જીવોના રહેઠાણ, માનવ સ્વાસ્થ્ય કે જે પ્રદૂષણથી પ્રભાવિત થઈ રહ્યા છે વગેરે જેવા અનેક ગેરફાયદા ગણાય છે અને અનેક પ્રકારના સંશોધનો પણ નવા ગેરફાયદાઓ રજૂ કરી રહ્યા છે. નવા અભ્યાસમાં જળવાયુ પરિવર્તનને કારણે વધુ એક ખતરો દર્શાવવામાં આવ્યો છે. આ મુજબ, જો વિશ્વ આ રીતે ગરમ થવાનું ચાલુ રાખશે અને જેને બરફના પહાડો કહેવામાં આવે છે એ ગ્લેશિયર્સ આ રીતે પીગળવાનું ચાલુ રાખશે તો આર્કટિક ક્ષેત્ર નવા વાયરલ રોગચાળા માટે "ફળદ્રુપ જમીન" બની જશે.... આવી સ્થિતિમાં, વિશ્વમાં ટૂંક સમયમાં ઈબોલા, ઈન્ફ્લ્યુએન્ઝા અથવા SASR કોવ -2 ના ચેપનું જોખમ ટૂંક સમયમાં આવી શકે.

આર્કટિક પૃથ્વીના સૌથી ઉત્તર ભાગમાં આવેલો ધ્રુવીય પ્રદેશ છે . આર્કટિકમાં આર્કટિક મહાસાગર , અડીને આવેલા સમુદ્રો અને કેનેડા, ડેનમાર્ક (ગ્રીનલેન્ડ), ફિનલેન્ડ, આઈસલેન્ડ, નોર્વે , રશિયા (મુર્મેન્સ્ક, સાઈબિરીયા) નો સમાવેશ થાય છે. સ્વીડન અને યુનાઈટેડ સ્ટેટ્સ (અલાસ્કા) માં. આર્કટિક પ્રદેશની અંદરની જમીનમાં ઋતુ પ્રમાણે અલગ અલગ બરફ અને બરફનું આવરણ હોય છે , જેમાં મુખ્યત્વે વૃક્ષહીન પરમાફ્રોસ્ટ (કાયમી રીતે થીજી ગયેલો ભૂગર્ભ બરફ) ટુંડ્ર હોય છે . આર્કટિક સમુદ્રમાં ઘણી જગ્યાએ મોસમી દરિયાઈ બરફ હોય છે.

આર્કટિક ક્ષેત્ર એ પૃથ્વીની ઈકોસિસ્ટમમાં એક અનોખો વિસ્તાર છે. આ પ્રદેશની સંસ્કૃતિઓ અને આર્કટિક સ્વદેશી લોકોએ તેની ઠંડી અને આત્યંતિક પરિસ્થિતિઓને સ્વીકારી લીધી છે. આર્કટિકના જીવનમાં ઝૂપ્લાંકટોન અને ફાયટોપ્લાંકટોન , માછલી અને દરિયાઈ સસ્તન પ્રાણીઓ , પક્ષીઓ , ભૂમિ પ્રાણીઓ, છોડ અને માનવ સમાજનો સમાવેશ થાય છે.

આર્કટિક ઠંડા શિયાળો અને ઠંડા ઉનાળો દ્વારા વર્ગીકૃત થયેલ છે. તેનો વરસાદ મોટે ભાગે બરફના રૂપમાં આવે છે અને તે ઓછો હોય છે, મોટાભાગના વિસ્તારમાં 50 સેમી (20 ઈંચ) કરતા ઓછો વરસાદ પડે છે. ભારે પવનો વારંવાર બરફને ઉત્તેજિત કરે છે, સતત હિમવર્ષાનો ભ્રમ બનાવે છે. શિયાળામાં સરેરાશ તાપમાન –40 °C (–40 °F) જેટલું નીચું જઈ શકે છે અને સૌથી ઠંડું નોંધાયેલું તાપમાન આશરે –68 °C (–90 °F) છે.

દરિયાકાંઠાની આર્કટિક આબોહવા દરિયાઈ પ્રભાવો દ્વારા નિયંત્રિત થાય છે, જેમાં સામાન્ય રીતે ગરમ તાપમાન હોય છે અને ઠંડા અને સૂકા આંતરિક વિસ્તારો કરતાં ભારે હિમવર્ષા થાય છે. આર્કટિક વર્તમાન ગ્લોબલ વોર્મિંગથી પ્રભાવિત છે, જે આર્કટિક સમુદ્રી બરફના સંકોચન તરફ દોરી જાય છે.

ગ્લોબલ વોર્મિંગના પરિણામે છેલ્લા 30 વર્ષો દરમિયાન ગ્રહના ઈસોથર્મ્સ (લગભગ 56 કિમી (35 માઈલ) પ્રતિ દાયકાના ધ્રુવીય સ્થળાંતરને કારણે) આર્કટિક પ્રદેશ ( વૃક્ષ રેખા અને તાપમાન દ્વારા વ્યાખ્યાયિત) હાલમાં સંકોચાઈ રહ્યો છે. કદાચ આનું સૌથી ભયજનક પરિણામ આર્કટિક સમુદ્રી બરફનું સંકોચન છે. આર્ક્ટિક સમુદ્રી બરફના નુકશાનની આગાહીઓમાં મોટો તફાવત છે, જેમાં મોડેલો સપ્ટેમ્બર 2035 થી 2067 ની આસપાસના સમયગાળામાં લગભગ સંપૂર્ણથી સંપૂર્ણ નુકશાન દર્શાવે છે.

આર્કટિકમાં વિપુલ પ્રમાણમાં કુદરતી સંસાધનો (તેલ, ગેસ, ખનિજો, તાજા પાણી, માછલી અને જો સબઅર્કટિકનો સમાવેશ કરવામાં આવે તો જંગલ)નો સમાવેશ થાય છે, જેમાં આધુનિક ટેકનોલોજી અને રશિયાના આર્થિક ઉદઘાટનથી નોંધપાત્ર નવી તકો મળી છે. પ્રવાસન ઉદ્યોગનો રસ પણ વધી રહ્યો છે.

એક નવા અભ્યાસમાં, સંશોધકોએ આર્ક્ટિક સર્કલની ઉત્તરે આવેલા સૌથી મોટા તળાવ હેઈજન તળાવમાંથી, તળાવની અંદર મળેલી માટી અને કાંપનો અભ્યાસ કર્યો અને વાતાવરણમાં હાજર વાયરસના જૂથમાં જોવા મળતા ડીએનએ અને આરએનએના ભાગોનો અભ્યાસ કર્યો. તેનેઓળખવાનો પ્રયાસ કર્યો.

સંશોધકોએ કોમ્પ્યુટર એલ્ગોરિધમનો ઉપયોગ કરીને વાયરસને પ્રાણીઓ, છોડ અને ફૂગના સંદર્ભમાં જોડવાનો પ્રયાસ કર્યો અને તેઓ આમાંથી વાયરસ ફેલાવવાની સંભાવના શું છે તે શોધવામાં સફળ રહ્યાં છે. એટલે કે, વાયરસ નવી યજમાન પ્રજાતિઓમાં આવવાની અને ફેલાવવાની સંભાવના છે કારણ કે તે સાર્સ કોવ -2 જંગલી પ્રાણીઓ દ્વારા મનુષ્યોમાં ફેલાય છે.

પ્રોસીડિંગ્સ ઓફ ધ રોયલ સોસાયટી બીઃ બાયોલોજીક સાયન્સમાં ગ્લેશિયર મેલ્ટને કારણે પ્રકાશિત થયેલા સંશોધકોના અભ્યાસમાં જણાવાયું છે કે ગ્લેશિયર પીગળવાથી વાયરસ ફેલાવાનું જોખમ વધી જશે, જે આબોહવા પરિવર્તનને કારણે છે. સંશોધકોનું કહેવું છે કે જો આબોહવા પરિવર્તનથી વાયરસ ફેલાવવામાં સક્ષમ પ્રજાતિઓ બદલાઈ જાય તો વાયરસ ફેલાતો વિસ્તાર ઉત્તર તરફ જઈ શકે છે.

આવા તુલનાત્મક વિશ્લેષણમાં ઉચ્ચ આર્કટિક રોગચાળો ફેલાવવા માટે ફળદ્રુપ સ્થળ બની શકે છે. સંશોધકોએ વાઈરસના ઉત્ક્રાંતિ માર્ગ અને તેમને ફેલાવતા જીવોની સરખામણી કરી, તેમની વિવિધતા અને સમાનતાનો અભ્યાસ કર્યો. આ સરખામણીએ સૂચવ્યું હતું કે યથાસ્થિતિમાં ફેરફાર થવાની સંભાવના છે જેના પછી વાયરસ ફેલાઈ શકે છે.

તેમના પેપરમાં, સંશોધકોએ જણાવ્યું હતું કે મૂળની દ્રષ્ટિએ, વાયરસ એવા સજીવોને ચેપ લગાડે છે જે ફાયલોજેનેટિકલી કુદરતની નજીક હોય છે . આ એટલા માટે છે કારણ કે તેમની અંદર તેમની પોતાની વસાહતોને ચેપ લગાડવી અને વિકસિત કરવી તેમના માટે સરળ છે.

અગાઉના અભ્યાસોની જેમ દર્શાવે છે કે કેવી રીતે ગરીબ ભૂપ્રદેશ રોગાણુઓ, પરોપજીવીઓ અને અન્ય જીવોને નવીન રીતે એકસાથે લાવે છે. આ અભ્યાસમાં, સંશોધકોએ સૂચવ્યું કે ગ્લેશિયરમાંથી વધુ પાણી પીગળવાથી વાયરસ વધુ અને વધુ સજીવોમાં પસાર થવાની સંભાવના વધી જશે. ચેપ ફેલાવવાનું જોખમ માટી અને તળાવના કાંપમાં બદલાય છે. જમીનમાં વધુ ગ્લેશિયર્સ ઓગળવાને કારણે એક બિંદુએ પહોંચ્યા પછી ચેપનું જોખમ ઓછું થવાનું શરૂ થાય છે, પરંતુ સરોવરોનાં ડિપ્રેશનમાં વધારો જોવા મળ્યો છે.

આબોહવા પરિવર્તન સાથે, આર્કટિક માઈક્રોબાયોસ્ફિયરની ચયાપચયની પ્રવૃત્તિ પણ બદલાઈ રહી છે, જે જીવાણુઓના વિકાસ સહિત અનેક ઈકોસિસ્ટમ પ્રક્રિયાઓને અસર કરે છે. ઉચ્ચ આર્કટિક પ્રદેશ વિશ્વમાં આબોહવા પરિવર્તન માટે સૌથી વધુ સંવેદનશીલ છે. તે જ સમયે, કુદરતી રહેઠાણોના વિનાશને કારણે રોગચાળો ફેલાવવાનું જોખમ પણ વધી ગયું છે. મા6ને માત્ર પર્યાવરણીય સંરક્ષણ માનવીને આ સંભવિત જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે.

# ઓક્ટોબરમાં ટેક્સની આવક, GST કલેક્શન રૂપિયા 1.5 લાખ કરોડને પાર




ગુજરાત | વંદન

દેશમાં ટેક્સ કલેક્શન મોરચે સારા સમાચાર આવ્યા છે. ઓક્ટોબરમાં જીએસટી કલેક્શન રૂ. 1.5 લાખ કરોડને પાર કરી ગયું છે. આ અત્યાર સુધીનું બીજું સૌથી વધુ GST કલેક્શન સાબિત થયું છે . અગાઉ, એપ્રિલ 2022 માં સૌથી વધુ GST કલેક્શન પ્રાપ્ત થયું હતું.

જીએસટી કલેક્શન સતત 8મી વખત રૂ. 1.4 લાખ કરોડને પાર કરી ગયું છેમાસિક ધોરણે, આ સતત આઠમો મહિનો છે જ્યારે દેશમાં જીએસટી કલેક્શન રૂ. 1.4 લાખ કરોડને વટાવી ગયું છે. તે જ સમયે, GST લાગુ થયા પછી, આ બીજી વખત છે જ્યારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક મહિનામાં 1.4 લાખ કરોડ રૂપિયાને વટાવી ગયો છે. કલેક્શન વિગતોઓક્ટોબરમાં જીએસટી કલેક્શન રૂ. 1,51,718 કરોડ હતું અને તેમાંથી સીજીએસટી રૂ. 26,039 કરોડ હતો.


SGSTનું યોગદાન રૂ. 33,396 કરોડ છે અને IGSTનું યોગદાન રૂ. 81,778 કરોડ છે. જેમાં આયાત માલનો આંકડો 37,297 કરોડ રૂપિયા રહ્યો છે. તે જ સમયે, સેસ 10,505 કરોડ રૂપિયા છે, જેમાંથી 825 કરોડ રૂપિયા માલની આયાતમાંથી મેળવવામાં આવ્યા છે. આ અત્યાર સુધીનો બીજો સૌથી વધુ આંકડો છે.

ઈ-વે બિલ ડેટાસપ્ટેમ્બર 2022માં 83 કરોડ ઈ-વે બિલ જનરેટ થયા છે, જે ઓગસ્ટના 7.7 કરોડ ઈ-વે બિલથી સારો વધારો ગણી શકાય. દેશમાં જીએસટી કલેક્શન મોરચે આ રાહતના સમાચાર છે.

## ભારતના 'સ્ટીલ મેન' જમશેદ જે. ઈરાનીનું નિધન

ગુજરાત | વંદન

ટાટા સ્ટીલના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને



ભારતના 'સ્ટીલ મેન' તરીકે જાણીતા જમશેદ જે. ઈરાનીનું સોમવારે રાત્રે જમશેદપુરમાં અવસાન થયું છે. તેઓ 86 વર્ષના હતા. ટાટા સ્ટીલે ઈરાનીના મૃત્યુની માહિતી આપી હતી. ઈરાની ટાટા સ્ટીલ સાથે ચાર દાયકાથી વધુ સમયથી જોડાયેલા હતા. તેઓ જૂન 2011માં ટાટા સ્ટીલના બોર્ડમાંથી નિવૃત્ત થયા હતા અને તેમની પાછળ 43 વર્ષનો વારસો છોડી ગયા હતા. ટાટા સ્ટીલે એક નિવેદનમાં કહ્યું કે ભારતના 'સ્ટીલ મેન'નું નિધન થયું છે. ખૂબ જ દુખ સાથે ટાટા સ્ટીલે પદ્મ ભૂષણ ડૉ જમશેદ જે ઈરાનીના નિધનની જાહેરાત કરી છે.


# અનોખો ચોર: પહેલા કરી મંદિરમાં ચોરી પછી થયો પસ્તાવો અને પરત કર્યું ચોરીનો સામાન

- પત્ર લખીને કહ્યું, 'ભૂલથી ચોરી થઈ ગઈ, માફ કરજો'

ગુજરાત | વંદન

કેટલાક ચોરોના પણ સિદ્ધાંતો હોય છે. કેટલાક ચોરોને ચોરી કર્યા પછી પસ્તાવો પણ થાય છે. સાંભળવામાં અજીબ લાગશે પણ આ સત્ય છે. આવો જ એક કિસ્સો મધ્યપ્રદેશના બાલાઘાટ જિલ્લામાં સામે આવ્યો છે. અહીં મંદિરમાંથી ચોરી કર્યા બાદ એક ચોરને એટલો પસ્તાવો થયો કે તેણે ચોરીનો સામાન પરત કરી દીધો. આટલું જ નહીં, તેણે 'ભૂલથી ચોરી થઈ ગઈ' એવો પત્ર પણ લખ્યો હતો. આ મામલો બાલાઘાટ જિલ્લાના લામટા વિસ્તારનો છે. હાલ પોલીસ સમગ્ર મામલાની તપાસમાં લાગી છે. હજુ સુધી ચોરનો કોઈ પત્તો લાગ્યો નથી.

**ચોરની માફી આ વિસ્તારમાં ચર્ચાનો વિષય બની રહી છે**




જૈન મંદિરમાં થયેલી ચોરી બાદ ચોરની માફી આ વિસ્તારમાં ચર્ચાનો વિષય બની છે. ચોરાયેલો સામાન પરત મળતા મંદિરના અધિકારીઓએ પણ રાહત અનુભવી છે. પોલીસ ચોરને શોધી રહી છે. તેણીનો દાવો છે કે તે જલ્દી જ ચોરને પકડી લેશે.

મળતી માહિતી મુજબ, ચોર ભૂતકાળમાં જૈન મંદિરમાંથી લાખો રૂપિયાની કિંમતની ચાંદીની છત્રી અને ભમંડલની ચોરી કરી ગયો હતો. પરંતુ બાદમાં ચોરને આ ચોરીનો પસ્તાવો થયો હતો. આના પર તેણે જૈન મંદિરનો તમામ સામાન પરત કર્યો હતો. એટલું જ નહીં તેની સાથે એક પત્ર પણ લખ્યો હતો. ચોરે પત્રમાં લખ્યું છે કે આ ચોરીને કારણે તેને ઘણું નુકસાન થયું છે. હું આ માટે માફી માંગુ છું. ચોરે ચોરીનો માલ એક થેલીમાં ભરીને એક કાગળ પર માફી પત્ર લખીને પંચાયત બિલ્ડીંગ પાસેના ખાડામાં રાખ્યો હતો.

## દેશની જરૂરિયાત પૂરી કરવા માટે રશિયા પાસેથી ઓઈલ ખરીદાશે

- અમેરિકન મીડિયામાં પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહની સાફ વાત

ગુજરાત | વંદન



રશિયા અને યુક્રેન યુધ્ધ વચ્ચે દુનિયાભરના દેશો પર અમેરિકાનુ દબાણ છે કે, રશિયા સાથે વેપાર કરવામાં ના આવે.

જોકે ભારત આ મામલે પહેલેથી જ અમેરિકાના વિરોધમાં છે અને ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંગ પુરીએ અમેરિકન મીડિયા સમક્ષ સ્પષ્ટપણે કહ્યુ છે કે, ભારત દુનિયાની પાંચમી મોટી ઈકોનોમી છે.અમારા પર કોઈ દબાણ નથી અને ભારત પોતાના હિતમાં નિર્ણય લેવા માટે સક્ષમ છે. દેશના 1.3 અબજ લોકોની ઉર્જાની જરૂરિયાત પૂરી કરવી તે ભારત સરકારની જવાબદારી છે. સરકારે દેશમાં પેટ્રોલના ભાવમાં વધારો ના થાય તે બાબતનુ ધ્યાન રાખ્યુ છે.

તેમણે કહ્યુ હતુ કે, ભારત કોઈ દેશને ધ્યાનમાં રાખીને ક્રૂડ ઓઈલ નથી ખરીદતુ બલ્કે જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયાત કરે છે. આ સંજોગોમાં રશિયા પાસેથી વધારે ઓઈલ ખરીદવાનો દેશને કોઈ અફસોસ નથી.

અમેરિકન ન્યૂઝ ચેનલના ઈન્ટરવ્યૂ દરમિયાન હરદીપ સિંહ પુરીએ કહ્યુ હતુ કે, જો સરખામણી કરવામાં આવે તો યુરોપ એક બપોર દરમિયાન રશિયા પાસે જેટલુ ઓઈલ ખરીદે છે તે તેનુ એક જ તૃતિયાંશ ઓઈલ ભારત દર મહિને રશિયા પાસેથી આયાત કરી રહ્યુ છે અને રશિયા પાસેથી ભારત પોતાની જરૂરિયાતના માત્ર 0.2 ટકા ઓઈલની ખરીદી કરી રહ્યુ છે. જ્યારે મોટાભાગનુ તેલ અમે ઈરાકથી ખરીદયુ છે.

# તમિલનાડુમાં ભારે વરસાદ, શાળાઓમાં રજા : IMDની વરસાદની ચેતવણી આપી

ગુજરાત | વંદન



બંગાળની ખાડીમાં સાયક્લોનિક સરક્યુલેશનને કારણે તમિલનાડુ અને આસપાસના રાજ્યોમાં વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે ચેન્નાઈ સહિત કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ કારણે તામિલનાડુના ત્રણ જિલ્લાઓની શાળા અને કોલેજોમાં 1 નવેમ્બરે રજા જાહેર કરવામાં આવી છે. IMDની ભારે વરસાદની ચેતવણીને ધ્યાનમાં રાખીને નાગાપટ્ટિનમ, માયિલાદુથુરાઈ અને તિરુવરુર જિલ્લામાં શાળાઓ અને કોલેજો બંધ રહેશે.

હવામાન વિભાગ, ચેન્નાઈના જણાવ્યા અનુસાર, ભારે વરસાદ સાથે વાદળછાયું વાતાવરણ રહેશે. ચેન્નાઈના ઘણા વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટના જણાવ્યા અનુસાર, દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી અને શ્રીલંકાના દરિયાકાંઠે એક ચક્રવાતનું પરિભ્રમણ ચાલુ છે. તે જ સમયે, ચક્રવાત પરિભ્રમણ તરીકે તમિલનાડુ અને કેરળમાં દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર સુધી ફેલાયેલી છે.

પશ્ચિમ હિમાલય ઉપર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ યથાવત છે. વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ 4 નવેમ્બર સુધીમાં જમ્મુ-કાશ્મીર પહોંચે તેવી શક્યતા છે. તેની અસરને કારણે ઉત્તર ભારતમાં વરસાદ, હિમવર્ષા અને ઠંડી પડી શકે છે. ઉત્તરપૂર્વ ચોમાસું છેલ્લા 24 કલાકથી તટીય આંધ્ર પ્રદેશ અને તમિલનાડુમાં સક્રિય છે. પરિણામે, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ, દરિયાકાંઠાના તમિલનાડુ અને કેરળના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ થયો હતો. કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડ્યો હતો. આંતરિક તમિલનાડુમાં છૂટોછવાયો હળવો વરસાદ પડી રહ્યો છે.

## ગરૂડ-7 યુધ્ધાભ્યાસ: પાક.ની બોર્ડર નજીક ગરજી રહ્યાં છે ભારત-ફ્રાંસના રાફેલ વિમાનો



ગુજરાત | વંદન


ભારતના સૌથી વિશ્વનસિય મિત્ર દેશોમાં ફ્રાંસનો પણ સમાવેશ થાય છે.વર્ષોથી ફ્રાંસ ભારતને શસ્ત્રો આપી રહ્યુ છે અને તેમાં તાજેતરમાં ખરીદાયેલા 36 રાફેલ ફાઈટર જેટસનો પણ સમાવેશ થાય છે.

હાલમાં ભારત અને ફ્રાંસની વાયુસેના વચ્ચે રાજસ્થાનના રણમાં સંયુક્ત રીતે યુધ્ધાભ્યાસ ચાલી રહ્યો છે અને તેનાથી પાકિસ્તાનના પેટમાં તેલ રેડાઈ રહ્યુ છે. કારણકે આ યુધ્ધાભ્યાસ પાકિસ્તાનની બોર્ડરથી માંડ 500 કિલોમીટર દુર છે.

અહીંના આકાશમાં ભારતના અને ફ્રાન્સના લડાકુ વિમાનો ગરજી રહ્યા છે. ભારત તરફથી સુખોઈ-30 એમકેઆઈ, રાફેલ ,તેજસ અને જગુઆર જેવા યુધ્ધ વિમાનો તેમજ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટરને પણ આ યુધ્ધાભ્યાસમાં ઉતારવામાં આવ્યુ છે. ફ્રાંસ તરફથી યુધ્ધાભ્યાસ માટે 220 સૈનિકોની ટીમ મોકલવામાં આવી છે.ફ્રાંસની વાયુસેનાએ ચાર રાફેલ વિમાનો તેમજ એ-330 મલ્ટીરોલ ટેન્કર ટ્રાન્સપોર્ટ વિમાનને મોકલ્યુ છે. આ યુધ્ધાભ્યાસને ગરૂડ-7 નામ આપવામાં આવ્યુ છે.

## ઉત્તેજક કેબરે ડાન્સથી કરોડોના દિલને બહેલાવનાર હેલનના જીવન પર એક નજર..

# 'મેરા નામ ચિન ચિન ચુ, ચિન ચિન ચુ..બાબા ચિન ચિન ચુ...



ગુજરાત | વંદન

તમારા મનમાં એક દ્રશ્ય લાવવાનો પ્રયાસ કરો. થોડી પીડાદાયક પરંતુ જરૂરી. કોઈ 1941 કે 42નું છે. બીજું વિશ્વ યુદ્ધ ચાલી રહ્યું છે. જાપાની સેનાએ બર્મા પર આક્રમણ કરીને તેનો નાશ કર્યો. કબજો મેળવ્યો છે. આ લડાઈમાં હજારો લોકો માર્યા ગયા છે. હજારો પરિવારો નાશ પામ્યા છે. અને જેઓ આમાંથી બચી ગયા છે, તેઓ પોતાના ઘર-સંપત્તિ છોડીને ભારત જેવા પડોશી દેશોમાં આશરો લેવા નીકળી પડ્યા છે.

જેમાં ત્રણ-ચાર વર્ષની બાળકી પણ છે. તેની માતા અને તેના ભાઈ-બહેનો પણ. તેઓ ભારત તરફ જઈ રહેલા કાફલામાં સામેલ થયા છે. તડકો, વરસાદ, ઠંડી... બધું સહન કરીને મહિનાઓની સફર પગથી પગે ચાલી રહી છે. રસ્તામાં આવતા ગામડાઓમાં આ લોકોને ખાવા-પીવા માટે કંઈક આપવામાં આવે છે. ક્યારેક આરામ માટે આશ્રય મળે છે તો ક્યારેક તે મળતો નથી. પ્રવાસની મધ્યમાં, દરેક પ્રકારની વધુ મુશ્કેલીઓ ઊભી થાય છે.

લોકો બીમાર પડે છે. કેટલાકને કોલેરા થાય છે, કેટલાકને શીતળા થાય છે. કેટલાક બાળકો, યુવાન અથવા વૃદ્ધ લોકો, આ સંજોગોને લીધે, તેમના જીવ ગુમાવે છે. પણ આગળનાં પગલાં અટકતા નથી. કાફલો અટકતો નથી. ચાલે છે. બાળકની માતા, જેનો શરૂઆતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે ફરી એકવાર ગર્ભવતી છે. તે પણ રસ્તામાં બીમાર પડે છે. બાળક પડી જાય છે. ત્રણેય બાળકો આ અકસ્માતથી હચમચી ગયા છે કે હવે શું થશે તે ખબર નથી. પરંતુ તેમના સાથીઓની મદદથી તેઓ આખરે આસામ પહોંચી જાય છે. ત્યાંથી પહેલા રૂટ પર મળેલા કેટલાક અંગ્રેજ સૈનિકો આ કાફલામાં ચાલતા લોકોના મદદગાર બન્યા છે. કાફલો

## કેબરે ડાન્સ વખતે તેના અંગો-ઉપાંગોના વળાંકો જોઇને ઘણાંને લાગતું કે તે કોઇ રબ્બરની બનેલી છે...

હજી અડધો બાકી છે. પરંતુ જે લોકો છે, તેઓએ ડિબ્રુગઢમાં તંબુ વગેરે મૂકીને રહેવા-જમવાની વ્યવસ્થા કરી છે. બીમારોની સારવાર માટે વ્યવસ્થા કરવામાં આવી છે. અત્યાર સુધી તે બાળકીનું શરીર, તેના ભાઈ-બહેન અને માતા પણ ભૂખ અને વેદનાને કારણે સંકોચાઈ ગયા છે.

આ ચારેયને પણ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેને બે મહિના સુધી હોસ્પિટલમાં રહેવું પડ્યું. દરમિયાન, છોકરીના ભાઈને શીતળાનો રોગ તેની સાથે લઈ જાય છે. પરિવારમાં હવે ત્રણ મહિલાઓ રહી ગઈ છે. મા અને બે દીકરીઓ. આ બીજા દેશમાં (હિન્દુસ્તાન) તેમની પાસે રહેવા માટે ઘર નથી, ખાવા-પીવા, કપડાં કે રોજગાર વગેરેની યોગ્ય વ્યવસ્થા નથી. માતાને ચિંતા છે કે હવે તેની દીકરીઓનું શું થશે. પરંતુ તે એક માતા છે. ભોલી-સી. ખબર નથી કે આવનારા દિવસોમાં તેમાંથી કોઈ એક માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયામાં તેનું નામ રોશન કરશે. આ ફિલ્મ વિશ્વનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ બનશે. 'ડાન્સ'ના શોખીન લોકો તેનું અનુકરણ કરશે કારણ કે તે માતાની પુત્રીને 'હેલનઃ ક્વીન ઓફ ધ ડાન્સ ગર્લ્સ' કહેવામાં આવશે....યસ યે કહાની હા દિયે ઔર તૂફાન કી...ની જેમ આ કહાની ફક્ત હેલનની છે. હેલેન રિચાર્ડસન ખાન. અભિનેતા સલમાન ખાનની બીજી માતા.

હેલન, લેખક સલીમ ખાનની પત્ની, જેણે 'શોલે' જેવી ફિલ્મો માટે વાર્તાઓ લખી હતી. હિન્દુસ્તાનની ફિલ્મોમાં 'કેબરે' જેવા ડાન્સને ફેમસ કરનાર હેલન. તે પણ એવી રીતે કે એક સમય એવો હતો જ્યારે હેલનના ડાન્સ વિના કોઈ પણ ફિલ્મને પૂર્ણ માનવામાં આવતી ન હતી. ઉલટાનું, તેમના નૃત્યને તેમની વાર્તામાં થોડો ફેરફાર સાથે અલગથી દાખલ કરવામાં આવ્યો હતો. કારણ કે તે ફિલ્મના ચાલવાની ગેરંટી હતી. એ જ હેલનના જીવનની શરૂઆત એ જ છે, જે હેલને પોતે ઘણી વખત કહી છે. કદાચ વર્ષ 1964માં પહેલીવાર 'ફિલ્મફેર' મેગેઝીનને આપેલા ઈન્ટરવ્યુમાં. તે પછી, જ્યારે તે થોડા સમય પહેલા 'ધ કપિલ શર્મા શો' પર આવી હતી, ત્યારે તેણે તેનો ઉલ્લેખ પણ કર્યો હતો. પણ હસતાં. ઉદાસી રડવાની કે કોઈ ખેદ વ્યક્ત કરવાની રીતમાં નહીં.

(અનુસંધાન પેજ નં. 6 પર)

# ન્યાસા દેવગણે ડીપ નેક બ્લાઉઝમાં ફ્લોન્ટ કર્યુ

## પરફેક્ટ ફિગર, કાતિલ અંદાજની ચારેકોર ચર્ચા



બોલીવુડ સ્ટાર્સ અજય દેવગણ અને લાજોલની લાડલી ન્યાસા દેવગણે ભલે ફિલ્મી દુનિયામાં ડેબ્યુ નથી કર્યુ પરંતુ તે સતત લાઈમલાઈટમાં રહે છે. તે અવારનવાર પેપરાઝીના કેમેરામાં કેદ થાય છે. તે બાદ ન્યાસા દેવગણના ફોટઝ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં રહે છે. જો કે ઘણીવાર તેને ટ્રોલિંગનો પણ સામનો કરવો પડે છે. તેણે કેટલાંક ફોટોઝ એકવાર ફરી ચર્ચામાં આવ્યા છે .જેને લોકો ખૂબ જ પસંદ કરે છે ન્યાસા દેવગણના લેટેસ્ટ ફોટોઝ સામે આવ્યા છે જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે. ન્યાસા દેવગણની આ તસવીરો ફેન્સને ખૂબ જ પસંદ આવી રહી છે અને તેમના દિલની વાત કહી રહ્યા છે. ન્યાસા દેવગણે ખૂબસૂરત લહેંગો પહેર્યો - ન્યાસા દેવગણના ડ્રેસની વાત કરીએ તો તેણે લહેંગો પહેર્યો છે. ન્યાસા દેવગણે જે લહેંગો પહેર્યો છે તે તેના પર ખૂબ જ સુંદર લાગે છે. ન્યાસા દેવગણ તેના ફોટોશૂટની દરેક તસવીરમાં અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળે છે. ન્યાસા દેવગણના ખુલ્લા વાળ તેની સુંદરતામાં ચાર ચાંદ લગાવી રહ્યા છે. ન્યાસા દેવગણ કેટલીક તસવીરોમાં હસતી અને કેટલીક તસવીરોમાં સિરિયસ અંદાજમાં જોવા મળી રહી છે. ન્યાસા દેવગણે પોતાના અંદાજથી લોકોનું ધ્યાન ખેંચ્યું છે. દરરોજ પાપારાઝીના કેમેરામાં કેદ થાય છે, પરંતુ ઘણી વખત એવું જોવા મળ્યું છે કે તે ફોટો ક્લિક કરવાનું ટાળે છે. આમ છતાં ન્યાસા દેવગણના ફોટા આવતા રહે છે.

# પલક તિવારીએ ફોટોશૂટમાં બતાવ્યો બોલ્ડ લુક...



પલકની ફેન ફોલોઈંગ હવેથી ઘણી લાંબી થઈ ગઈ છે, જેની સાથે જોડાયેલા રહેવા માટે તે સોશિયલ મીડિયા પર એક્ટિવ રહેવાનો ભરપૂર પ્રયાસ કરે છે. પલક તેના સ્ટાઈલિશ અવતારને કારણે અવારનવાર ચર્ચામાં રહે છે. એક્ટ્રેસ લગભગ દરરોજ એક નવો અવતાર શેર કરીને ફેન્સનું ધ્યાન ખેંચી લે છે. હવે ફરી પલકનું લેટેસ્ટ ફોટોશૂટ ચર્ચામાં આવ્યું છે. આ વખતે તે ખૂબ જ બોલ્ડ લુકમાં જોવા મળી રહી છે. ફોટોશૂટના આવેલ ફોટાઓમાં ખૂબ જ હોટ લાગી રહી છે. ફોટોઝમાં, પલક બટરફ્લાય-ડિઝાઈન કરેલ સિક્વન્સ બ્રાલેટ ટોપ પહેરેલી જોવા મળે છે, જે ફક્ત દોરીઓ પર જ ટકેલું છે. આ સાથે તેણે યલો કલરનું પેન્ટ પહેર્યું છે. પલક તિવારીએ ફેમસ એક્ટ્રેસ શ્વેતા તિવારીની પુત્રી છે. તે માત્ર ઈન્ડસ્ટ્રીમાં જ નહીં પરંતુ દર્શકો વચ્ચે પણ ખાસ ઓળખ મેળવી ચુકી છે. ભલે હજુ સુધી તેણે પોતાની એક્ટિંગનો જાદુ લોકો પર ન ચલાવ્યો હોય, પરંતુ તેણે પોતાના લુક્સથી દરેકનું દિલ જીતી લીધું છે.

**સ્ટાઈલિશ અવતારને કારણે અવાર-નવાર રહે છે ચર્ચામાં**






# અજય દેવગણની દ્રશ્યમ-ટુને રિલીઝ પહેલાં 3.5 કરોડનો ફટકો

અજય દેવગણની દશ્યમ-ટૂ ફિલ્મમાં રિલીઝ પહેલાં જ ૩.૫ કરોડનો ખર્ચો વધી ગયો છે. આ ફિલ્મનાં તેલુગુ વર્ઝનનું હિંદી ડબિંગ રિલીઝ થતાં અટકાવવા માટે તેમણે રિલીઝના મહિના પહેલાં જ આટલો ખર્ચો કરવો પડયો છે.

અજય દેવગણની આ ફિલ્મ મૂળ મલયાલમ ફિલ્મની રિમેક જ છે. મોહનલાલ અભિનિત મૂળ મલયાલમ દશ્યમ-ટૂ ઓટીટી પર સબટાઈટલ્સ સાથે ઓલરેડી ઉપલબ્ધ છે. અજયની ટીમે મૂળ મલયાલમના રાઈટસ તો લઈ લીધા હતા પરંતુ તેમના ધ્યાન બહાર જ ગયું હતું કે મલયાલમ ફિલ્મનું તેલુગુ વર્ઝન પણ અલગથી બની ચૂક્યું છે. દરમિયાન,હિંદી દર્શકોને સાઉથની ફિલ્મોનું હિંદી ડબિંગ દ્વારા ઘેલું લગાડનારા એક મૂળ ગુજરાતી નિર્માતાએ તેલુગુ દશ્યમ ટૂના રાઈટ્સ પણ ખરીદી લઈ તેનું હિંદી ડબિંગ રિલીઝ કરવાની કવાયત આદરી હતી. આ વાતની જાણ થતાં અજય દેવગણની ટીમ દોડતી થઈ હતી. અજયના ભૂતપૂર્વ મેનેજર જ દશ્યમ ટૂના નિર્માતા છે. તેમણે આ રાઈટ્સ માલિક ગુજરાતીનો સંપર્ક કરી તેમની પાસેથી તેલુગુના રાઈટ્સ પણ ૩.૫ કરોડમાં ખરીદ્યા હતા.

જોકે, ઈન્ડસ્ટ્રીના જાણકારોના મતે અજયને આ બધી મહેનત પણ ફળે તેવી ખાસ શક્યતા નથી કારણ કે મોહનલાલની ઓરિજિનલ મલયાલમ લોકો ઠઓટીટી પર લાંબા સમય પહેલાં જોઈ ચૂક્યા છે.આથી જ અજય દેવગણ આ ફિલ્મના પ્રચારમાં વારંવાર દાવો કરે છે કે હિંદી ફિલ્મ મૂળ મલયાલમની ફ્રેમ ટૂ ફ્રેમ કોપી નથી. આ વાત સાબિત કરવા તેમણે હિંદીમાં અક્ષય ખન્નાનું સમાંતર પાત્ર પણ ઊભું કર્યું છે.




# ફિલ્મ ફ્રેડીમાંથી કાર્તિકનો સામે આવ્યો ફર્સ્ટ લૂક

## કાર્તિક આર્યન એકદમ અલગ અવતાર દેખાયો, OTT પર રિલીઝ થશે ફિલ્મ

ભૂલ ભુલૈયા બાદ હવે બોલિવૂડ અભિનેતા કાર્તિક આર્યન તેની આગામી ફિલ્મ ફ્રેડીથી બધાને આશ્ચર્યચકિત કરવા તૈયાર છે. હવે તેની ફિલ્મ 'ફ્રેડી'ના અભિનેતાનો ફર્સ્ટ લૂક પણ રિલીઝ કરવામાં આવ્યો છે, જેમાં કાર્તિક આર્યન એકદમ અલગ અવતારમાં જોવા મળી રહ્યો છે.

આ ફિલ્મ સિનેમાઘરોમાં નહીં પરંતુ OTT પ્લેટફોર્મ પર રિલીઝ થવાની છે.

કાર્તિક આર્યને ઈન્સ્ટાગ્રામ પર 'ફ્રેડી'માંથી તેનો ફર્સ્ટ લૂક શેર કર્યો અને કેપ્શનમાં લખ્યું - "ડૉ ફ્રેડી ગિનવાલા, અપોઈન્ટમેન્ટ્સ જલ્દી ખુલશે". કાર્તિક આર્યનનો લુક સાવ અલગ લાગે છે. અગાઉ પણ તેણે એક પોસ્ટ શેર કરી હતી જેમાં કાચબો જોઈ શકાય છે.

ફ્રેડી એક થ્રિલર ફિલ્મ હશે. મળતી માહિતી મુજબ, આમાં કાર્તિક આર્યન એકદમ અલગ પાત્રમાં જોવા મળશે. હાલમાં, ફર્સ્ટ લુકના કેપ્શનને જોતા ખબર પડે છે કે ફ્રેડીમાં કાર્તિક આર્યન ડોક્ટર ફ્રેડી ગિનવાલાના રોલમાં જોવા મળી શકે છે. આ સિવાય કાર્તિક આર્યન ફિલ્મ 'સત્ય પ્રેમ કી કથા'માં જોવા મળવાનો છે. આ ફિલ્મમાં તેની વિરુદ્ધ અભિનેત્રી કિયારા અડવાણી જોવા મળશે.

# પ્રતિક ગાંધી 'વ્હાલમ જાઓ ને'માં રણવીર સિંહની જેવી સ્ટાઈલમાં દેખાશે



## મલ્ટી-સ્ટારર રોમેન્ટિક કોમેડી ફિલ્મ 4 નવેમ્બરે થશે રીલીઝ

હા, તમે સાચું સાંભળ્યું છે કે ચાર વર્ષ પછી ગુજરાતી ફિલ્મોમાં જોવા મળનાર પ્રતિક ગાંધી મલ્ટી સ્ટારર ફેમિલી એન્ટરટેઈનર 'વ્હાલમ જાઓ ને'માં બોલિવૂડ ફિલ્મ સ્ટાર રણવીર સિંહની જેવી સ્ટાઈલમાં જોવા મળશે. ફિલ્મમાં ટેલેન્ટ પાવર હાઉસ પ્રતિક ગાંધીની જોડી દીક્ષા જોશી સાથે છે, જે ફેશન ડિઝાઈનરની ભૂમિકા ભજવે છે અને પ્રતિક ગાંધી પર ફેશનના નવા ટ્રેન્ડ અજમાવતી રહે છે, પ્રતિકને એક પૂતળાની જેમ માને છે અને તેમને રણવીર સિંહ જેવા ઑફબીટ કપડાં પહેરાવે છે. આના કારણે પ્રતિક ગાંધી ગુસ્સે થાય છે અને આ રોલરકોસ્ટર એન્ટરટેઈનમાં અનેક ટ્વિસ્ટ અને ટર્ન આપે છે. 'વ્હાલમ જાઓ ને' મુખ્ય નાયક સુમિત ગાંધી (પ્રતિક ગાંધી)ની વાર્તા છે, જે નવા પ્રેમનો શિકાર છે, પરંતુ તે પોતાના પ્રેમ રીના વિના પોતાનું ભવિષ્ય જોઈ શકતો નથી. રોલર કોસ્ટર પ્લોટ ટ્વિસ્ટ અને ટર્ન્સથી ભરપૂર 'વ્હાલમ જાઓ ને' એક મલ્ટી-સ્ટારર રોમેન્ટિક કોમેડી છે, 4 નવેમ્બરથી રીલિઝ થઇ રહેલી આ ફિલ્મને માત્રને માત્ર થિયેટર્સમાં જ જોવી જોઈએ.

# જો નવ્યા લગ્ન વિના બાળક ઈચ્છે તો મને કોઈ સમસ્યા નથી: જયા બચ્ચન



જયા બચ્ચને નવ્યાના પોડકાસ્ટ શો 'વોટ ધ હેલ નવ્યા'માં વાત કરી હતી. તેણે નવ્યાને સંબંધો અંગે સલાહ આપી. જયાએ કહ્યું કે કોઈપણ સંબંધમાં શારીરિક આકર્ષણ ખૂબ જ જરૂરી છે. તેણે વધુમાં કહ્યું કે તે પોતાના સમયમાં વધુ પ્રયોગ કરી શક્યા નથી. જયા કહે છે કે જો નવ્યા લગ્ન વિના બાળક ઈચ્છે તો તેને કોઈ સમસ્યા નથી. ઉલ્લેખનીય છે કે જયા બચ્ચનનું તેની પૌત્રી નવ્યા નવેલી નંદા સાથે ખૂબ જ સારું બોન્ડિંગ છે. હાલમાં જ બંને એરપોર્ટ પર પણ સાથે જોવા મળ્યા હતા.

**સંબંધો વિશે લાંબી વાતો** | જયાએ કહ્યું કે કોઈ પણ સંબંધ માત્ર પ્રેમ, તાજી હવા અને કરાર પર લાંબો સમય ટકી શકતો નથી. તેણી કહે છે, 'હું જ્યારે આવું કહું ત્યારે ઘણા લોકોને તે અપમાનજનક લાગશે, પરંતુ શારીરિક આકર્ષણ અને સુસંગતતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આપણા સમયમાં આપણે બહુ પ્રયોગો કરી શકતા નહોતા પણ આજની પેઢી કરી શકે છે અને કેમ ન કરવી જોઈએ. કારણ કે તે સંબંધને લાંબો સમય ટકી રહેવા માટે પણ જવાબદાર છે. જો ત્યાં કોઈ ભૌતિક જોડાણ ન હોય તો તે ખૂબ લાંબુ ટકી શકતું નથી. તમે ફક્ત પ્રેમ, તાજી હવા અને સમાધાન પર આટલું લાંબુ ટકી શકતા નથી. તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. 'ચોક્કસપણે અમે આવું ક્યારેય ન કરી શકીએ. અમે તેના વિશે વિચારી પણ ન શકીએ પરંતુ મારા પછીની યુવા પેઢી, શ્વેતાની પેઢી, નવ્યાની પેઢી સાવ અલગ છે. ઘણા યુવાનો આવા અનુભવો પછી દોષિત લાગે છે. મને લાગે છે કે આ ખોટું છે.'

# શર્લિન ચોપરાની સાજિદ ખાન વિરુદ્ધ જાતીય સતામણીની ફરિયાદ



બોલીવુડ અભિનેત્રી શર્લિન ચોપરાએ દિગ્દર્શક સાજિદ ખાન વિરુદ્ધ જાતીય અત્યાચારની ફરિયાદ દાખલ કરી હતી. શનિવારે રાતના જુહુ પોલીસ સ્ટેશનમાં શર્લિને ફરિયાદ નોંધાવી હતી. જુહુ પોલીસે શર્લિનનો જવાબ નોંધ્યો હતો. એ પછી પ્રસારમાધ્યમો સાથે વાત કરતા સાજિદ ખાનને પોલીસ જવાબ નોંધાવવા બોલાવશે એવી પ્રતિક્રિયા એણે આપી હતી. મહિલા પોલીસ અધિકારીએ મારું સ્ટેટમેંટ રેકોર્ડ કર્યું છે અને પોલીસે આશ્વાસન આપ્યું છે તે સાજિદ ખાનને ટૂંક સમયમાં રિયાલિટી શોમાંથી બોલાવીને એનો જવાબ નોંધશે. સાજિદ ખાન અત્યારે એક રિયાલિટી શોમાં સ્પર્ધક તરીકે ગયો છે. જુહુ પોલીસે આ પ્રકરણમાં ધ્યાન આપીને આરોપીને સજા અપાવવી. આરોપી કોઈ પણ હોય, ફરાહ ખાનનો ભાઈ હોય કે સલમાનનો લાડકો હોય. અત્યારે આરોપી રિયાલિટી શોમાં જઈને આરામ ફરમાવી રહ્યો છે. મને ન્યાય જોઈએ છે. એના માટે જ હું પોલીસ પાસે આવી છું. તેથી પોલીસે વહેલાસર કાયદાકીય કાર્યવાહી કરવી અને યોગ્ય તપાસ કરીને આરોપી સાજિદની ધરપકડ કરવી એમ શર્લિન ચોપરાએ જણાવ્યું હતું. હું સલમાનના ભાઈજાન તરીકે સંબોધું છું. એટલે હું એની બહેન જેવી છું. એણે મારી મદદ કરવી. હું સલમાન ખાનના ઘરની બહાર શાંતીપૂર્વક આંદોલન કરીશ એમ શર્લિને સ્પષ્ટ કર્યું હતું. દરમિયાન સાજિદ ખાન 2018થી વિવાદમાં અટવાતો રહ્યો છે. મી ટૂ ઝુંબેશ ચાલુ હતી ત્યારે અનેક અભિનેત્રીઓએ તેમની સાથે થયેલા જાતીય અત્યાચારને વાચા આપી હતી. એમાં અનેક અભિનેત્રીઓએ સાજિદ ખાન વિરુદ્ધ જાતીય અત્યાચારના આરોપ કર્યા હતા. તાજેતરમાં અભિનેત્રી રાણી ચેટરજીએ પણ સાજિદ પર ગંભીર આરોપ કર્યા છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com

## 43 વર્ષ બાદ સૌરાષ્ટ્રના પેરિસ ગણાતા મોરબીમાં સર્જાઈ બીજી મોટી દુર્ઘટના

# મચ્છુ ઝુલતા પુલ દુર્ઘટનાની જેમ ડેમ હોનારતની હકીકત પણ ભયાનક...!

ગુજરાત | વંદન

મોરબી માટે આજનો દિવસ ફરી ગોઝારો બની ગયો છે. મોરબીના રાજા વાઘજી ઠાકોર દ્વારા મચ્છુ નદી પર ઝૂલતો પુલ બનાવવામાં આવ્યો હતો. જેનું બાંધકામ વર્ષ 1877માં કરવામાં આવ્યું હતું. આ ઝૂલતો બ્રિજ આજે તૂટતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. આજથી 43 વર્ષ અગાઉ 11 ઓગસ્ટ 1979ના રોજ કુદરતી આપદાઓએ આ મોરબી શહેરને વેરવિખેર કરી નાંખ્યું હતું. ત્યારે આજે ફરી એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. આજે બનેલી ઘટનામાં પુલ તૂટી જતા અનેક લોકો મચ્છુ નદીમાં પટકાયા હતા. હાલ તમામ લોકોનું રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી છે. 500થી વધુ લોકો આ દુર્ઘટનામાં નદીમાં પટકાયા છે.

મોરબીની મચ્છુ જળ હોનારતની ઘટનાને 43 વર્ષ પુરા થઈ ગયા છે. પરંતુ આજે પણ તે ઘટનાને યાદ કરતા કઠણ કાળજાનો માણસ પણ રોઈ પડે છે. ના માત્ર ગુજરાત પરંતુ દેશ વિદેશના લોકો પણ જે ઘટનાને આજની તારીખે ભૂલ્યા નથી તે ઘટનાને મોરબીવાસીઓ કદી ન ભૂલી શકે તે નક્કી છે, અને 43 વર્ષ વીતી ગયા હોવા છતા પણ હોનારતની તારીખ આવતા જૂની યાદો લોકોને તાજી થઈ જવાથી અનેક આંખોમાં ફરી પાછું હોનારત આવશે અને જળ પ્રલયમાં સ્વજનોને ગુમાવનારા અનેક લોકોની આંખોના બાંધ પણ તૂટશે તે નિશ્ચિત છે.

11મી ઓગસ્ટના દિવસને મોરબીના રહેવાસીઓ ક્યારે પણ ભૂલી શકે તેમ નથી કેમ કે, આ દિવસે આજથી 43 વર્ષ પહેલા મોરબી નજીકનો મચ્છુ-2 ડેમ તુટ્યો હતો અને મોરબી ભારતના નકશામાંથી હતું ન હતું થઈ ગયું હતું. જે તે સમયે શ્રાવણ મહિનાના પવિત્ર દિવસો હોવાથી મેળા સહિતની રજાઓ હોવાથી મોરબીની જુદીજુદી કચેરીઓમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારો પોતાના વતનમાં કે ગામડે જતા રહ્યા હતા અને 11મી તારીખ પહેલાના દિવસોમાં પડેલા ભારે વરસાદના કારણે મચ્છુ-2 ડેમ છલોછલ ભરેલો હતો. તેવા સમયે એક ડેમનો માટીનો પાળો તૂટવાથી સર્જાઈ હતી જળપ્રલયની ભયાનક ઘટના... જેની યાદ માત્રથી આજની તારીખે લોકોના શરીરમાંથી કંપારી છૂટી જય છે.

જો કે, મોરબીના જળ હોનારતમાં માનવ મૃત્યુનો સાચો આંકડો તો આજની તારીખે બહાર આવ્યો નથી અને મચ્છુ ડેમમાંથી નીકળેલ પાણી મોરબી ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ફરી વળ્યું હોવાથી હજારોની સંખ્યામાં લોકો મચ્છુના ધસમસતા પાણીમાં તણાઈ ગયા હતા અને મોતને


એ જ મોરબી...એ જ મચ્છુ...એ જ શહેર અને એ શહેરના કમભાગી લોકોની તસ્વીર અને તાસીર...!



ભેટયા હતા. એટલું જ નહિ ગાય, ભેસ સહિતના દુધાળા પશુઓ ઉપરાંત અન્ય હજારો અબોલ જીવના પણ પાણીમાં તણાઈ જવાથી મોત નીપજતા શેરી ગલ્લીઓ તો ઠીક વીજપોલ ઉપર, મકાનની છત ઉપર, વૃક્ષની ડાળીઓ ઉપર જ્યાં નજર કરો ત્યાં લટકતી લાશો જ જોવા મળતી હતી.


મચ્છુ હોનારત બાદ શહેરમાં રોગચાળો ફેલાયો અને લોકો રોગનો ભોગ બને તેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. જેથી તે સમયે સરકાર દ્વારા તાત્કાલિક કર્મચારીઓની ભરતી કરીને જુદાજુદા સર્વે સહિતની કામગીરીમાં તે કર્મચારીઓને લગાવવામાં આવ્યા હતા અને જે તે સમયે તાત્કાલિક કેટલાક કર્મચારીઓની ભરતી પણ કરવામાં આવી હતી અને નવા સ્ટાફને પહેલી જ જવાબદારી શહેરના જુદાજુદા વિસ્તારોમાં પાણી કેટલા ભરાયેલા છે? કયા કયા મૃતદેહ પડ્યા છે? વિગેરે સોપવામાં આવી હતી. આજે પણ ત્યાંના લોકોને યાદ છે અને તે દિવસનો નજરો આજે પણ લોકો સમક્ષ આવી જાય તો ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગે છે. આજે ઘણા કર્મચારી નિવૃત થઈ ગયા છે તો પણ મચ્છૂ હોનારતને ભૂલી શક્યા નથી.

અત્રે ઉલેખનીય છે કે, ભારે વરસાદના કારણે તે દિવસે સવારથી જ શહેરમાં પાણી ભરાવા લાગ્યા હતા, તેવામાં મચ્છુ ડેમ તૂટતા લોકોને પોતાના જીવ બચાવવા મુશ્કેલ બની ગયા હતા અને ઘણા લોકોએ તો મચ્છુના પાણીમાં નજરો નજર પોતાના સ્વજનોને ડૂબતા જોયા હતા. જેથી મચ્છુની આ ગોઝારી હોનારતનો દિવસ નજીક આવે એટલે આજે પણ મોરબીવાસીઓના કાળજા કંપી ઉઠે છે. જો કે, હોનારત સમયે ઘણા લોકો પોતાના જીવ જોખમમાં મુકીને શહેરના જુદાજુદા વિસ્તારમાં પાણીમાં ફસાયેલા ઘણા લોકોને પાણીની બહાર કાઢીને બચાવ્યા હતા.

મોરબી શહેરમાં 11મી ઓગસ્ટ 1979ના દિવસે ભારે વરસાદના કારણે પલળી ગયેલા મકાનો અને ઈમારતો પત્તાના મહેલની જેમ તુટવા લાગ્યા હતા. જેથી હોનારતમાં બચી ગયેલા લોકો આજે પણ કહે છે કે, તેઓને ભગવાને જ બચાવ્યા છે નહિ તો મોત તો તેઓએ પોતાની નજર સામે જ જોયું હતું. ત્યારે હોનારતના કારણે મોરબી શહેર ટાપુ સમાન બની ગયો હતો અને ત્યારબાદ મોરબીમાં લાશોના ઢગલા, ગંદકીના ગંજ હતા જેથી આરએસએસ સહિતની જુદીજુદી સંસ્થાઓએ લાશોના નિકાલ સહિતની કામગીરી કરી હતી.

મચ્છુ જળ હોનારતથી મોરબી શહેર ઉપરાંત મોરબી-માળીયા તાલુકાનાં 68 ગામડાઓની 1,53,000 ની વસતિને ભારે અસર થઈ હતી અને હજારો લોકો ઘર બેઘર થઈ ગયા હતા. કોઈની પાસે ખાવા માટે કે ધંધા રોજગાર માટે કશું જ હતું નહિ. ભયાનક હોનારતના કારણે સર્વસ્વ ગુમાવી દેનારા મોરબીવાસીઓની આંખોમાં આંસુ સિવાય કશું જ જોવા મળતું ન હતું. જેથી કરીને દર વર્ષે મોરબી મોતના તાંડવ એટલે કે હોનારતના કાળા દિવસને યાદ કરે છે, ત્યારે ક્ષણવારમાં આવેલા હોનારતના પાણી ભલે ઓસરી ગયા હોય. પરંતુ આજે 43 વર્ષ પછી પણ નગરજનોના હૃદયમાં કોતરાયેલા ઘાવ હજુ પણ રૂઝાયા નથી અને દિવંગત આત્માઓને શ્રદ્ધાંજલી આપવા માટે આજે પણ લોકો મોરબીમાં મૌન રેલી કાઢીને દિવંગતોની ખાંભીએ જઈને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ગુજરાતને 21ના આંકડા સાથે શું છે જોગ-સંજોગ?



ગુજરાતમાં મોરબી ઝુલતા પુલ દુર્ઘટનાના પગલે સોશિયલ મીડિયામા અનેક પ્રકારની બાબતોને ઉજાગર કરવામાં આવી રહી છે. જેમા મોટાભાગે 1979માં મોરબીમાં તૂટી પડેલા મચ્છૂ ડેમનો ખાસ ઉલ્લેખ કરવામા આવી રહ્યો છે, તો કોઈએ વળી 21ના આંકડા સાથે તેને જોડીને એવો તર્ક-વિતર્ક વ્યક્ત કર્યો છે કે મચ્છૂ હોનારત બાદ દર 21 વર્ષે ગુજરાતમા મોટી આફત આવે છે... સોશિયલ મીડિયામાં વાયરલ આવા લખાણમાં ઉલ્લેખ કરાયો છે કે 1979માં મચ્છૂ જળ હોનારત બાદ તેના 21 વર્ષ પછી 26 જાન્યુઆરી 2001ના રોજ કચ્છમાં વિનાશકારી ભૂકંપ આવ્યો હતો અને હવે તે ભૂકંપના 21 વર્ષ બાદ 30-10-2022ના રોજ મોરબીમાં ઝુલતો પુલ તૂટી પડતા 140 કરતા વધુ લોકો માર્યા ગયા છે. શું એમ કહી શકાય કે, 21વર્ષ બાદ 2043માં ગુજરાત પર આવી જ ફરી કોઈ મોટી હોનારત કે આપત્તિ આવી શકે? કેવી હશે એ આપત્તિ? શું દરિયા કિનારે સુનામી આવશે, ફરીથી ભૂકંપ આવશે, ફરીથી કોઈ પુલ કે મોટી ઈમારત તૂટી પડશે કે એવી કોઈ દુર્ઘટના આકાર લેશે કે જેના પગલે સમગ્ર ગુજરાતમાં હાહાકાર મચી જાય?

# કાલુપુર-દરિયાપુરની બે શાળાઓ વાલીઓ, વિદ્યાર્થીઓના સપનાને કરી રહી છે સાકાર

■ ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે બની આર્શીવાદ

ગુજરાત | વંદન

દરેક માતા-પિતાનું સપનું હોય છે કે તેઓ પોતાના બાળકોને સારું અને સારું શિક્ષણ આપે. ભલે તેના માટે તેમને ઘણી મહેનત કરવી પડે. પરંતુ આજના મોંઘવારીના સમયમાં દરેક માતા-પિતા માટે આ સપનું પૂરું કરવું સહેલું નથી. સરકારી શાળાઓનું નબળું શિક્ષણ અને જર્જરિત ઈમારત જોઈને લોકો પોતાના બાળકોને સારું શિક્ષણ મેળવવા ખાનગી શાળાઓ તરફ આકર્ષિત થાય છે. લોકોના આ આકર્ષણને જોતા અનેક ખાનગી શાળા સંચાલકો વાલીઓની ઈચ્છાને પોતાની કમાણીનું માધ્યમ બનાવી વાલીઓ પાસેથી તગડી ફી વસૂલે છે. આવી સ્થિતિમાં ઘણા માતા-પિતાનું સ્વપ્ન માત્ર સ્વપ્ન જ રહી જાય છે.




આવા સંજોગોમાં અમદાવાદ શહેરમાં વાલીઓના આ સ્વપ્નને સાકાર કરવા દરિયાપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ અને સ્થાનિક અનેક આગેવાનોએ બિડુ ઉપાડ્યુ છે. શહેરના દરિયાપુર વિસ્તારમાં અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવામાં આવી છે. જ્યાં બાળકોને મફત શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. આ પહેલો પ્રયાસ નથી, આ પહેલા પણ શહેરના કાલુપુરમાં એક શાળા કાર્યરત છે જ્યાં 800 બાળકો અભ્યાસ કરે છે. તેને એટલી સફળતા મળી છે કે આ શાળામાં પ્રવેશ માટે 300નુ વેઈટિંગ ચાલી રહ્યુ છે. આ સત્રથી શહેરના દરિયાપુર વિસ્તારમાં 650 બાળકો માટે શાળા શરૂ કરવામાં આવી છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે આ વરદાન સમાન સાબિત થશે. તાજેતરમાં દરિયાપુર ઈંગ્લીશ સ્કૂલના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે, અશ્વિન ત્રિવેદી અને મ્યુનિસિપલ પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય વીણાબેન પ્રજાપતિ સાથે મળીને શાળાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું અને શાળામાં ચાલી રહેલી શૈક્ષણિક કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.


કાલુપુર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી શાળાની જરૂરિયાત હતી. શિક્ષણ માટે વિદ્યાર્થીઓએ અન્ય વિસ્તારમાં જવું પડતુ હતુ. કાલુપુરમાં ગત વર્ષે સાર્વજનિક શાળા શરૂ કરવામાં આવી હતી. ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખના સતત પ્રયાસોથી શરૂ થયેલી કાલુપુર ઈંગ્લિશ પબ્લિક સ્કૂલને સફળતા મળી છે. જ્યાં આજે 800 બાળકો અભ્યાસ કરી રહ્યા છે અને 300 બાળકો એડમિશન માટે રાહ જોઈ રહ્યા છે. પ્રવેશ મેળવવાની રાહ જોઈ રહેલા વિદ્યાર્થીઓને પણ સ્કૂલમાં એડમિશન મળી શકે એ માટે ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ દ્વારા પોતાની ગ્રાન્ટમાંથી નાણાં આપી શાળાના ત્રીજા માળના નવીનીકરણની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે અને ટૂંક સમયમાં વધારાના વર્ગોમાં શૈક્ષણિક કાર્ય શરૂ થશે.

## Social Media

**Sneha** @TheRealSnehaa · 13h
आप अगला प्रधानमंत्री किसे देखना चाहते हैं?
Rt 🔁 for RG Like ❤️ for Kejriwal
twitter.com/i/spaces/1djxX...



**Nidhi patel** @nidhirpatel6 · 12h
સ્મિત પાછળ મનમાં ચાલતું આક્રંદ




48 46 840

**Ramanlal Vora** @ramanlalvora
મોરબીમાં પુલ તૂટવાની દુર્ઘટના અત્યંત દુઃખદ છે. આ દુઃખની ઘડીમાં કેન્દ્ર અને ગુજરાત સરકાર સૌની સાથે ખડેપગે ઊભી છે.
Translate Tweet




**Naresh Patel** @NareshC65945477 · 3h
Replying to @Jamawat3
મોદી મુલાકાત ના લે તો કે લેતા ની એવું કઈ ને ઠકેડી ઉડાવે છે હવે ત્યાં ગયા છે તો વિરોધ કરવા નો આ તો કેવું રાજકરણ છે

**Siddharth Dholakia** @SidDhola... · 20h
સિક્યુરીટી ગાર્ડ અને ટિકિટ વેચાણ કરનાર ને પકડવાનું લોજિક કોઈને સમજાય, તો મને પણ સમજવા મદદ કરજો.




**Jinalpatel BJP** 🇮🇳🌷 @Jinalpatel007 · 22h
કુદરતી હોનારત ને રાજકારણ નો મુદ્દો બનાવી ને એની પર રાજનીતિ કરતા શરમ અવવી જોઈએ. આ સમય એ દુર્ઘટનાના મુદ્દા ને રાજકીય નહિ પણ માનવસેવા સાથે એક થઈ મદદરૂપ થવું જોઈએ. #મોરબી #MorbiBridge #Morbi

**Hemen** @hemenpandya · 27m
Replying to @Vivekdoza @LangaMahesh and 9 others
સાહેબ, જે કોન્ટ્રાકટર ૧૫૦ ટીકીટ જ આપ્યાની વાતો કરે છે એ જગ્યાનું સીસીટીવી છેલ્લા ૩ દિવસનું લઇ લો એટલે સાબિત થઇ જાય કે કેટલા લોકોએ મુલાકાત લીધી. ટીકીટ પર નંબર લખવામાં જ નથી આવ્યા જેથી કરી GST ભરવો ન પડે.

/gujaratvandan

નિડર, નિષ્પક્ષ, અને વિશ્વસનીય ગુજરાત વંદન

ગુજરાત વંદન તરફથી આકર્ષક ઓફર

અમદાવાદથી પ્રસિદ્ધ "ગુજરાત વંદન" સાપ્તાહિક અખબાર દ્વારા વાર્ષિક લવાજમની આકર્ષક ઓફર જાહેર કરવામાં આવે છે.

રૂા.260ના વાર્ષિક લવાજમમાં તમને મળશે

આખું વરસ ગુજરાત વંદન અખબાર + એક હજાર રૂપિયા સુધીની ઘરવપરાશની ઉપયોગી ચીજવસ્તુ + જાણીતા સલૂન સિક્રેટ સેવન્ટીનનો 30 ટકા ડિસ્કાઉન્ટ સાથેનો વાઉચર



વહેલા તે પહેલાના ધોરણે આપના અખબાર વિતરકનો સંપર્ક કરવા વિનંતી.

ગુજરાત વંદન
વ્યવસ્થાપક માર્કેટિંગ

સંપર્ક : 63572-63573

820, સાકાર-9, આશ્રમ રોડ સીટી ગોલ્ડની બાજુમાં, અમદાવાદ-380009

www.gujaratvandan.com

Secret 7ટીન™ Hair & Nails Studio